जय श्रीहरि

श्री हरिनाम चिंतामणी

भाविक भक्तोने माटे

રચીને પ્રસિદ્ધ કરનાર,

કવિ હીરાલાલ પ્રભાશંકર મહેતા.

ખડાયતા ગોર

મુ. મહીસા. પોષ્ટ મહુધા. (ગુજરાત.)

દોહરો.

શ્રીહરિનામ ચિંતામણી, વાંચો શાણા જન:
પ્રભુ પ્રસન્ન થશે સદા, મેળવજો તમે મન.

આવૃત્તી ૧ લી. પ્રત ૧૦૦૦.
સંવત ૧૯૭૨ સને ૧૯૧૬.

મૂલ્ય ૪ આના.

जय श्रीहरि

श्रीहरिनाम चिंतामणी

भगवद् भक्तोने माटे

રચીને પ્રસિદ્ધ કરનાર,

કવિ હીરાલાલ પ્રભાશંકર મહેતા.

ખડાયતા ગોર

મુ. મહીસા. પોષ્ટ મહુધા. (ગુજરાત.)

દોહરો.

શ્રીહરિનામ ચિંતામણી, વાંચો શાણા જંન;
પ્રભુ પ્રસન્ન થશે સદા, મેળવજો તમે મન.

આવૃત્તી ૧ લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૨ સને ૧૯૧૬.

મૂલ્ય ૪ આના.

અમદાવાદ—ધી "ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ" માં
શા. સોમાલાલ મંગળદાસે છાપી, પાંચકુવા.

॥ શ્રી ॥

અર્પણ પત્રિકા.

દીનદયાળુ ભક્તવત્સલ અધમઉદ્ધારણ શ્રીપતિ ગૌલોકવાસી માહારાજ શ્રી ડાકોરનાથ શ્રીપતિ રણછોડરાય મહારાજ ચરાચર, વિશ્વવ્યાપક ડંકપુરનિવાસી ?

હે કૃપાના સાગર, અનંત બ્રહ્માંડને ધારણ કર્તા, પ્રાણી માત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં સંપૂર્ણ સત્તાવાળા, હે ઇશ્વર, રાજાઓના રાજા, દેવોના દેવ, પ્રભુ, માહાન જગત કર્તા, આ મારી અલ્પમતિથી રચેલ શ્રી હરિનામ ચિંતામણી ઘણા પ્રેમથી આપ પ્રભુના ચર્ણાર્વિંદમાં મુકું છું તે કૃપાળુ, સ્વીકારેના સેવક ઉપર અનહદ કૃપાવંત થશો.

લી. ચરણરજ સેવક,

મહેતા હીરાલાલ પ્રભાશંકર.

રણછોડરાયજી મહારાજની સ્તુતિ.

રાગ—પ્રેમનો કોલ દીયોરે રાજકુમાર (મહાડ)

હૃદયમાં રહેજો રણછોડરાય (બે વાર)
સાચુ પ્રેમ કરીને પાય—હૃદયમાં ટેક.

દીન દયાળુ હે વિભુશ્રી પાવન છે તમ નામ,
જે જન સ્મરે સ્નેહથી થાયે તેનું કામ. હૃદયમાં. ૧

આપ મયાળુ શ્રી હરીરે અખીલ ભૂમંડળ નાથ,
સમરૂ સુંદીર શ્યામને જોડી ઉભય હાથ. હૃદયમાં. ૨

જય ત્રીવીક્રમ જય ગદાધર જય બંસીધરલાલ,
જય ગોપીના પ્રાણવલ્લભ નંદ યસોદા બાલ. હૃદયમાં. ૩

ખલક રચ્યુ તે ખુબીએથી જોટો ન કુજે થાય,
બ્રહ્માંડ રચના ભાળતાં જ્ઞાની મન હરખાય. હૃદયમાં. ૪

હે દેવાધી દેવ સાચા કોટીક ભાનું પ્રકાશ,
સકલ દેવ સેવન કરે છે સુરીવર મુનીવર ખાસ. હૃદયમાં. ૫

ગૌલોક વાસી છો પ્રભુ હે કરૂણા કર મહારાજ,
અંતરજામી ભક્તની સદા રાખો છો બહુ લાજ. હૃદયમાં. ૬

પામર પ્રાણી હું પાતકી છું કામ ક્રોધ વશ કાય,
અનાચાર અતિશય મુજમાં તે જાણો યદુરાય. હૃદયમાં. ૭

અગણીત ભક્તો તારીયા તેમ રાખો ચરણે દાસ,
હીરાલાલ અનુજ જાણી કૃપા કરો અવિનાશ. હૃદયમાં. ૮

મનહર છંદ.

ડાકોરના વાસી રાય રણછોડ સુખદાય,
સમરે સંકટ જાય રણછોડ ઉચરે;
ભવનીધી નામ નાવ ભજવા પુરણ ભાવ,
મળે નહી પુન લાવ રખે મન વિસરે;
હરદે હરીને આણી ભજવા સારીંગપાણી,
ભજનને સુખ જાણી હરિનામ એ સ્વરે;
કહે દાસ હીરાલાલ દયાવંત તારો બાળ,
રાય રણછોડ જગ નાથ મનમાં ધરે. ૧

મનહર છંદ.

રાય રણછોડ હરી સમરૂં હું પ્રેમ ભરી,
દુખ હર દયા કરી ધન્ય તુજ નામને;
ચરણ શરણ તારે સંકટ હરણ ભારે,
શીઘ્ર તું ચડીને તારે ભય હર કામને;
જય જય કીરતાર ઊતારે તુ ભવપાર,
સમરતાં નરનાર મળે શુભ ધામને;
કહે દાસ હીરાલાલ દયાવંત તારો બાળ,
ઉપજે છે મુને વહાલ ભજવાને શ્યામને.

પ્રસ્તાવના.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી શ્રી હરિનામ ચીંતામણીનુ પુસ્તક સજ્જનોની સમક્ષ મુકતાં મને ઘણો આનંદ થાય છે. આ પુસ્તકમાં ભજન જુદા જુદા રાગોનાં મુકી કેવળ ઇશ્વરની સ્તુતિ કરી છે ને મનુષ્ય માત્રને બોધ થાય તેવાં સચોટ ઉપદેશ વાક્ય મુકયાં છે. પાછલા ભાગમાં જન ઉપયોગી વિષય મનહર છંદ તથા છપ્પયમાં રચી સદ્‌માર્ગ કર્યા છે. તે વાંચી સંસ્કારી જીવો સારો માર્ગ ગ્રહણ કરશે. આ ચાલુ જમાનામાં અનેક વાર્તાઓ તથા નાટકો અને નોવેલો બહાર પડયાં છે, પરન્તુ ઇશ્વરના ભક્ત અને સદાચારણી મનુષ્યોને તો આ શ્રી હરિનામ ચિંતામણી પસંદ પડશે. કારણ કે જે પુસ્તકમાં શ્રી હરિનું નામ છે તેને આદર આપવા આપણા આર્ય સનાતન વર્ગ ઘણા પ્રેમથી ચ્હાય છે, ને તે માટે સંસ્કારી મનુષ્યો કહે છે કે બીજાં ગપ્પાં મારનારાં પુસ્તકો કરતાં જેમાં શ્રી હરીનું નામ આવે તે પુસ્તક ગ્રહણ કરવું ઘણું શ્રેય કર છે. જે પ્રેમીલા સજ્જનોને સંતસંગની ઇચ્છા છે તેઓને આ શ્રી હરિનામ ચિંતામણી સતસંગની રાહ પુરી પાડશે, જેમાં કેવળ ઇશ્વરની સ્તુતિ છે તે પરમ પ્રેમથી હૃદયમાં સ્મરતાં તે હૃદયમાં છુપાયેલા વિકારો પ્રયાણ કરી જશે ને જ્યાં વિકારોએ પંથ લીધો કે તે મનુષ્યને સદ્‌ગતિનું પગથીઉં આવ્યા વિના રહેશે નહી. માટે શુભ સંસ્કારી મનુષ્યોને વિનંતિ કરવાની કે મનુષ્ય દેહ દેવતાને પણ દુર્લભ છે. મહા વિટંબણાઓ (લક્ષ ચોરાસી) ભોગવી છેવટે મનુષ્ય જન્મ મળ્યો તેને પરમાત્માના ભજનથી યા બીજાં સદ્‌કર્મ કરીને દેહને શોભાવો. વાણીહીન પ્રાણી કરતાં મનુષ્ય દેહ ઘણો રૂડો છે તેવું સમજી કાંઇક સાર્થક થાય તોજ આ જન્મ ધર્યાનું

શ્રેય કહેવાય, નહી તો પછી મનુષ્યનો જન્મ મળ્યા છતાં કાંઇપણ સદ્કર્મ કર્યા વીના પશુ તુલ્ય જીવન ગાળી વય પુરી કરી એ સઘળુ વૃથા છે–કેમકે જગતકર્તા પ્રભુએ પશુ પક્ષીની યોનીમાંથી મુક્ત કરી મનુષ્ય દેહ આપ્યો તેની સાથે જ્ઞાન–બુદ્ધિ અને નાના પ્રકારના વૈભવો આપ્યા તો શું માયાવાળી વસ્તુએ લુબ્ધ બની પરમાત્માને વિસારી મુકવા એ કેટલું બધું ખોટું છે. કારણ કે વારંવાર પ્રાપ્ત ન થાય તેવો આ દેહ દુર્લભ વસ્તુ મળ્યા છતાં ન સમજાયું તો પછી તેનું બાકીનું બીજું કર્તવ્ય વૃથા છે કેમકે સર્વ સદ્કર્મના ફળ રૂપ આ મનુષ્યાદેહરૂપી વહાણુ ક્રોટી પ્રયત્ને ન મળે તેવું છે છતાં અનાયાસે ઇશ્વર કૃપાથી પ્રાપ્ત થયું છે. જેમાં સદ્ગુરૂ રૂપી વહાણવટી છે ને તે વહાણ ભક્તી વડે મેળવેલી ભગવત કૃપા રૂપ વાયુથી પ્રેરાયેલુ છે તેમ છતાં જે મનુષ્ય સંસાર સમુદ્ર તરતો નથી તે પોતે પોતાની મેળે પોતાનો ઘાત કરે છે અર્થાત્ પોતાના અમર આત્માને જન્મ મરણ રૂપી સંસારના પ્રવાહમાં નાખી દુખી થાય છે આવો મનુષ્યા રત્ન મળેથી પોતાના કલ્યાણને અરથે શ્રમ કરવામાં જે પ્રમાદ કરે છે તે કેવળ અજ્ઞાની છે આમ સમજી દરેક મનુષ્યે પોતાનું શ્રેય કરવા માટે ભગવદ્ ભક્તી કરવી એજ સુખદાયક છે.

આ પુસ્તક પરમાત્મા શ્રી રણછોડરાયને અર્પણ કરવામાં આવ્યુ છે. કારણ કે પ્રભુના નામનું પુસ્તક હોવાથી શ્રી હરિ ચર્ણા-વિંદમાં મુકયુ છે.

આ પ્રસ્તાવના પુરી થતા પહેલાં, મારે ભુલવુ ન જોઇએ કે, આ પુસ્તક સંબંધી કેટલીએક, કીમતી સલાહ, મારા વડીલ બન્ધુ ભાઇશ્રી રા. રા. અંબાલાલ પ્રભાશંકર મહેતાએ આપી છે તેથી

તેમનો સંપૂર્ણ સાભાર માનુ છું. તથા અમદાવાદના ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસના માલીક અને ગુજરાતી પંચ પત્રના અધીપતી મહાન નર વિખ્યાત રા. રા. શ્રીયુત સોમાલાલભાઇ મંગળદાસે મને આ પુસ્તક સંબંધી ઉત્તમ સલાહ આપી છે તેથી તેમનો ઉપકાર મારા ઉપર ઘણો થયો માનું છું.

આ પુસ્તક બહાર પાડવાને, ઉત્સાહ આપનાર મહીસા ગુજરાતી સ્કુલના, માસ્તર રા. રા. કાલીદાસભાઇ દેવચંદ શાહ, તથા અલીણાના (નડીઆદના વતની) રા. રા. દવે સાંકળાભાઇ જીભાઇ ખડાયતા ગોર, તેઓશ્રીએ આ પુસ્તકમાં સારી મદદ કરી છે. તેથી તેમનો તથા સ્કુલ માસ્તર કાલીદાસભાઇનો હું સાભાર માનું છું કે, ઇશ્વર પ્રત્યે પ્રાર્થના કરી ઉપરના વિદ્વાનોનો જય ઇચ્છુ છું.

આ પુસ્તકને જે કોઇ મદદ આપશે તેઓનાં નામ બીજી આવતીમાં અમર કરવામાં આવશે.

આ પુસ્તકમાં ભુલચુક હોય તે સુધારીને વાંચવા સજ્જનો પ્રતે મારી નમ્ર વિનંતી છે મેં કવીતાનો અભ્યાસ મારા (મર્હુમ) સ્વર્ગવાસી પીતાશ્રી કવિરાજ પ્રભાશંકર શામળજી પાસે કર્યો હતો તે પીતાજીની કૃપાથી કવીતા રચવાને શક્તીમાન થયો છું મારા પીતાજી તરફથી ઘણાં પુસ્તકો બાહાર પડયાં છે તેથી લોકો જાણીતા છે તે પીતાજીનું સ્મરણ કરી આ મારી અલ્પમતીથી રચેલ શ્રીહરી નામ ચીંતામણીની પ્રસ્તાવના સંપુર્ણ કરૂં છું.

સંવત ૧૯૭૨ ના ભાદ્રપદ શુકલઅષ્ટી ૬.

હીરાલાલ પ્રભાશંકર મહેતા.

મુ. મહીસા.

પોસ્ટ—મહુધા. (ગુજરાત.)

અનુક્રમણિકા.

વીષય પ્રષ્ટ.

વિવિધ વિષય.

જાહેર ખબર.

સજ્જનોને વિનંતિ.

અમારા તરફથી નીચે લખેલાં પુસ્તકો બાહાર પડવાનાં છે. અગાઉથી ગ્રાહક થનારને કીફાયત ભાવે મળશે.

જલ્દી નામ નોંધાવો.

શ્રી સદ્બોધ સુધાપાન.

આ નામનું પુસ્તક દરેક કુટુંબમાં રાખવા લાયક હોવાથી સર્વેને પુસ્તક ખરીદવા ખાસ અમારી ભલામણ છે, જે પુસ્તકમાં ધર્મ, નીતિ અને સદાચાર સમાવેલા છે.

કી. માત્ર આઠ આના.

પોસ્ટ ખર્ચ મંગાવનારને શીર છે.

તેજસિંહ.

યા

ભવિષ્યનાં સહકર્મનો અપુર્વ ચીતાર.

કીમત માત્ર ૪ આના.

પોસ્ટ મંગાવનારને શીર છે.

હીરાલાલ પ્રભાશંકર મહેતા.

મુ. મહીસા. (પોસ્ટ મહુધા. ગુજરાત.)

ખાસ વાંચવા લાયક.

હઠ આગ્રહી સત્યદેવી,

એક રજપુત બાળા પોતાના હઠ આગ્રહથી અનેક વિપતીઓને સહન કરી એક મોટા કુલીન સમૃદ્ધીવાળા રાજાની રાણી થાય છે, તેનો અદ્દભુત ચીતાર મનોરંજન છે. જેમાં—વીર—કરૂણા—હાસ્ય વીગેરે રસથી ભરપુર છે

કીંમત બાર આના.

પોસ્ટ જુદું

હીરાલાલ પ્રભાશંકર મહેતા.

મુ. મહીસા.

પોસ્ટ મહુધા. ગુજરાત.

નાટક કંપનીને અમુલ્ય તક.

તૈયાર છે ! તૈયાર છે !!

પદ્મ પ્રમુગ્ધા દુઃખદર્શક નાટક

ત્રીઅંકી.

ગાયનો ભાષણોથી તૈયાર છે.

કોઈ પણ નાટક કંપનીને ભજવવા માટે જોઈતું હોય તો રૂબરૂમાં મળેથી, યા પત્ર વ્યવહારથી ખુલાસો થશે.

કંપનીને ભજવવા માટે હક્ક સાથે વેચાણ આપીશું.

આ નાટક લોકપ્રિય છે,—

હીરાલાલ પ્રભાશંકર મેહેતા.

મુ૦ મહિસા— પોસ્ટ—મહુધા.

ગુજરાત

શ્રી હરિનામ ચિંતામણિ.

ઇશ્વરની ભક્તિ કરનારાઓને ઉપદેશ.

૧ ભગવાનની :ભક્તિ શુદ્ધ અંતઃકરણથી કરવી જેમાં બીલકુલ કપટ કે, ઢોંગ રાખવો નહિ.

૨ ભક્તિ કરવાની શૈલી એવી છે કે દોર ઉંપર ચઢેલો નટ જેમ દોર ઉપરજ ચીત રાખે છે, તેનું ચીત બીજે કોઇ ઠેકાણે જતુ નથી, તેવીજ રીતે મયુર મેઘની ગર્જના સાંભળી સ્વર કરવાને ચુકતો નથી, તેનું ચીત મેઘની સાથે લાગેલું છે. વળી પનીહારી (પાણી ભરનારી સ્ત્રી) પોતાની સખીયો સાથે વાત ચીત કહી તાળી લે છે પણ તેનું ચીત માથા ઉપર અદ્ધર લીધેલા બેડાથી કિંચીત પણ ખસતું નથી તેવુંજ ચીત પરમાત્માની સાથે ભક્તી કરનારાએ રાખવું.

૩ નામ સ્મરણની માળા ફેરવતી વખતે યા દર્શન વખતે શ્રીહરીની સાથે એકાગ્રતા કરવી જોઇએ કે, જે મુહુર્તીનાં દર્શન કર્યા હોય તે પ્રભુની મુર્હુતીનો હૃદયમાં સાક્ષાત્કાર થવો જોઇએ.

૪ પરમાત્માની મુર્હુતીનાં દર્શન કરનારાઓમાંથી કેટલાએક ભગવાનની સાનિધ્યમાં રહી ઇશ્વર ભકતી કરનારાઓને ઉપદેશી ગદગદ કંઠથી સ્તુતી કરે છે. પણ તે સ્તુતી કર્યા પછી તેઓ

ઇશ્વરના બાંધેલા નીયમોનું ઉલંઘન કરે છે તેમ ના થવું જોઇએ. કારણ કે ઇશ્વરના નીયમો તોડનારની સ્તુતી પ્રભુ સાંભળતા નથી.

૫ ભગવાનની ભક્તી કરવા છતાં હ્રદયમાં શુદ્ધ ભાવ થતો તેનું કારણ શું છે? આથી અત્રે ખુલાસો આપવામાં આવે છે કે, અનેક પ્રકારના પાપી વિકારો દુર કરી સર્વનું ભલું ચાહવા સાથે કામ, ક્રોધ, મોહ, મદ અને લોભનો ત્યાગ કરો જેથી પ્રભુ તમને સાચી ભક્તી કરવાની મતી આપશે.

૬ રામનામરૂપી એક રસાયણ ઔષધ છે ને તેમાં પાળવાની ચરી ઘણી છે. જેમ સંસારી વૈદનું રસાયણ ખાય છે ત્યારે તેને તેલ મરચાં વીગેરેની પેહેરેજ પાળવી પડે છે તેમ ઉપરના રામ-રસાયણની પણ પેહેરેજ પાળવી પડે છે. તે એક હીંસા, ચોરી વ્યભિચાર, પરનીંદા આત્મશ્લાઘા વગેરે છે તેનો ત્યાગ કર-વાથી રામરસાયણ ઉત્તમ ગુણ આપે છે.

૭ ઇશ્વરની ભક્તી કરનારાઓએ પોતાનાથી બની શકે તેટલો નીયમ રાખી કરવી એ શ્રેષ્ટ છે.

૮ હરી દર્શન વખતે એક બીજાને ધક્કા મારવા અને તોફાન કરવું એ હરી સાનીધ્યમાં ઠીક કહેવાય નહી માટે પ્રભુને ઇચ્છ-નારા ભક્તોએ ધક્કા મારવા નહી.

૯ પ્રભુને પ્રસાદ ધરાવવો તે શુદ્ધ હોવો જોઇએ કારણ કે ચાલુ જમાનામાં અનેક પદાર્થ સેળભેળવાળા થઇ ગયા છે મુળ શુદ્ધ વસ્તુનો અભાવ હોય એમ સ્પષ્ટ માલમ પડે છે માટે

અશુદ્ધ બનાવટવાળી ચીજો પ્રભુના ધરાવવાના કામમાં લાવવી નહી શુદ્ધ વસ્તુ પ્રભુને ધરાવવી.

૧૦ દુરીજનનો સમાગમ સર્વથા ત્યાગ કરવો ને તેની સાથે ભોજન વ્યવહાર તે પણ બુદ્ધીને ભ્રષ્ટ કરનારો છે માટે દુરીજનથી દુર રહેજો.

૧૧ ભગવાનની ભક્તી કરો તેમાં પ્રભુને જે પ્રીય છે તેનો અનાદર કરશો નહી. પ્રભુને વાહાલાં નીચે પ્રમાણે છે.

ગાય, બ્રાહ્મણ, તુળસી, પીપળો, સાધુ, માહત્મા ગુરૂ (ગોર) પુરોહીત—સંત અને વૈષ્ણવ તથા ભગવાનની ભક્તી કરનાર હરકોઇ ભક્ત આટલાં પ્રભુને પ્રીય છે તેઓનો સત્કાર કરી ભક્તી કરશો તો પ્રભુ પ્રસન્ન થશે (અસ્તુ)

શ્રી હરિ નામ ચિંતામણિ.

શ્રી ગણુપતીની સ્તુતિ.

રાગ—આશાગોડી.

ગણેશને પ્રેમે સમરીએ અંન્થારંભે ગણેશને પ્રેમે સમરીએ,
પ્રીતે, ભવજળ તરીએ. અંન્થારંભે. ટેક. ૧
વિઘ્ન નીવારે શાન્તિ વધારે આપદ સરીતાએ તરીએ. અંન્થા ૧
શંકર શુત છો સુખકર દેવા, રટણુ તમારૂ ઉચરીએ. અંન્થા ૨
અનેક ભકતોને સ્મરણે તાર્યા એ ભકતો માંહી ભળીએ. અંન્થા ૩
નામ તમારૂ ભય હરનારૂ સાથ કરો ભવ દરીએ, અંન્થા ૪
હીરાલાલ કહે લંબોદરહે સુમંગલ નામે ઠરીએ. અંન્થા ૫

દોહરા.

જય જય ગરવા ગણુપતી કૃપા સિંધુ મહારાજ,
દાસ ઉપર કરૂણા કરી, સફળ કરોને કાજ;

શ્રી સરસ્વતિની સ્તુતિ.

મનહર છંદ.

જય જય સરસ્વતી, સેવકને સ્હાયકારી,
વિઘ્નથી તું તારનારી, વિધી તનયાય છે;
સંકટ હરણ કરે સઘ સુખ સીન્ધુ ભરે,
કીર્તિ કીરણ ધરે, અતિ શાંન્તી દાય છે;
હંસવાહની છે માતુ બ્રહ્મચારી છે સદા તુ,
ઓમકાર શબ્દ તારો વિશ્વમા મનાય છે.
કહે કરજોડી દાસ હીરાલાલ વિનંતી એ,
તુજ કરૂણાએ કાર્ય સીદ્ધીએ પહોંચાય છે.

દોહરો.

સેવક પર દ્રષ્ટી કરી દેશો સુમતી માત,
જીબ્હાગ્રે વસશો સદા નીર્મલ યશ વિખ્યાત. ૧

શ્રી માહાવિર મારૂતીની સ્તુતી.

છપય છંદ.

જય કપી વર હનુમાન દયાવંતા દીન સ્વામી,
જય રઘુવિર પ્રિય પ્રાણ અનન્ય ભક્તી જગ નામી.
જય એકાદશ રૂદ્ર પરાક્રમ પ્રૌઢ પ્રમાણું,
જય અવતારે અમર કીર્તી એ અચળ વખાણું.
જય સિન્ધુ સત યોજનએ ઓળંગ્યા શ્રી માહાબલી,
હીરા કપીવર વંદીને સ્તુતી રચુ પ્રેમે ભલી.

છપય છંદ.

સ્વરૂપધારી પ્રોઢ લંકાંને તમો પ્રજાલી,
સમુદ્ર સત યોજન ઓળંગીને હદ વાળી.
પ્રવેશ્યા લંકામાંય સ્વરૂપ સુક્ષ્મને ધારી,
મળ્યા સીતાને શાંન્ત પ્રસન્નતા એ બ્રહ્મચારી.
જહાં અક્ષય કુમાર આદી હણ્યા ઇંદ્રજીત ઘાયલ કર્યો,
હીરાલાલ કહે હેતથી અસુરોનો ગર્વજ હર્યો.

દોહરા.

જય જય જય સુત અંજની રામ દૂત ભય ટાલ,
વિઘ્ન નિવારી ભકતનાં કરશો સહાય કૃપાલ. ૧

શ્રી મંગળાચરણ.

રાગ. પ્રભુ મુજ મતિ અતીત સુધારી એ રાહ.

પ્રભુ જયજય મંગલકારી (બે વાર)
આનંદ કંદ અખંડ મોરારી, ગીરી ગોવર્ધનધારી. પ્રભુ.
અખીલ ભુમંડળ કર્તા ઇશ્વર, કૃતિ અપાર તમારી;
દિવ્ય રચના અદભુત શક્તી, આહા ધન્ય બલીહારી. પ્રભુ ૧
વ્યાપક છો વિભુ સકળ જકતમાં, સચરાચર સુખકારી.
સરવેશ્વર અભયપદ દાતા, કરૂણા કર ભય હારી. પ્રભુ ૨
કૃપા કટાક્ષે અનંત ભક્તને, લીધા સદા ઉગારી;
નામ સ્મરણથી આવ્યા શરણે, રાખ્યા ચરણે ભારી. પ્રભુ ૩

રણછોડરાય કૃપાના સાગર, સ્તુતી હૃદય ધરો મારી;
હીરાલાલ તમ ચરણમાં રાખો, દોષ સકલ વિસારી. પ્રભુ ૪

શ્રી. રણછોડરાયજી માહારાજના પરમ ભક્ત બોડાણાજી વિષે.

રાગ. દીલખુશ પ્યારી રાજકુમારી કેમ રડે અહીં એકલી છે.

ધન્ય ધન્ય બોડાણા તમને, ભક્તીની છે બલીહારી.
દ્વારામતીથી રણછોડ લાવ્યા, તમ પર હું જાઉં વારી. ૧
કોડ કરી કરમાં તુળસીદળ, વાવ્યાં ભુધરજી માટે;
છઠે માસે ઠેક ચઢાવી, વળીયા દ્વારીકાંની વાટે. ૨
ગૃહ સંસાર અળગો સહુ કરીને. વિઠુલશું વેપાર કર્યાં;
જગમાં કીરતી જામી તારી, ધન્ય જનુની જન્મ ધર્યા. ૩
અંત લગી ઇશ્વર આરાધ્યા, જરા અવસ્થા છેક થઇ;
ડાકોરને દ્વારામતી કરતાં, શ્રમની અવધી આવી રહી. ૪
ભક્ત ભાવથી પ્રભુ પધાર્યાં, ડાકોર માંહી જગત ધણી;
ગુગરીઓ ગુસ્સે થઇ આવ્યા, દ્વારીકાંથી ડાકોર ભણી. ૫
ચોર ગયો ક્યાં બોડાણાજી, ઝટપટ બાંધીને મારો;
સામ સુંદીરને ચોરી લાવ્યો, કપટ કરી કામણગારો. ૬
પ્રભુ ઇચ્છાએ બોડાણાજી, ગોમતીમાં સંતાઇ રહ્યા;
ગુગરીઓને વેહેમ ભરાયો, ગોમતીમાં જોવાને ગયા. ૭
સંદેહથી બરછી મારી તે, અંગીકાર શ્રી હરીએ કરી;
અદ્યાપી દીસે બોડા સ્યામજી, ચરણ માંહી નીસાની ખરી. ૮

સોનાથી લલચાવ્યા ગુગરી, હરી તુલ્ય કાંચન લ્યોને;
ઝઘડાનો ઝટ અંતજ આવે, વિરોધ સહુ જાવા દ્યોને. ૯
સોનું લેઇ શ્રીહરી છોડીને, જાવા ગુગરીએજ કહ્યું;
ત્રાંસ બાંધીને ત્રીકમ તોળવા, સર્વ મળીને એમ થયું. ૧૦
ગુંજ કરી બોડાણે હરીથી, કાંચન મારી પાસ નથી;
ગુગરીઓ મને ગરદન મારે, સોનું લાવુ કયાંથી મથી. ૧૧
દીનાનાથ કહે ગંગાબાઇને, પુછો જઇને આવાસે;
સવા વાલની વાળી એક છે, તમારી અર્ધાંગના પાસે. ૧૨
વાલી સમાન હું થાઇશ વિરા, ગભરાશો નહી ગુણવંતા;
હીંમત આવી બોડાણાને, જ્યારે બોલીયા બલવંતા. ૧૩
ત્રાજવામાં ત્રીકમને બેસાડયા, સામે સવાવાલ વાલી ધરી;
વાલી નમી વિઠ્ઠલજી કસીયા, આશ્ચર્યતા એમાંજ ભરી. ૧૪
ગુગરીઓ સહુ ચકીત થયાને, વિઠ્ઠલને મેણાં મારે;
કપટ કરી કાડયો જનમારો, છોડયું નાહી તહેં અત્યારે. ૧૫
કૃપા કરી લક્ષ્મીવર વદીયા, દ્વારામતી હું નહી આવું;
બોડાણાની ભક્તી કિર્તિ, નીશદીન જગમાં પ્રસરાવું. ૧૬
જાવ ઘેર મુદ્રંતી છે મારી, ખટ માસે કાડો એને;
જય જયકાર થશે જગમાંહી, તેજ મારૂ આવે તેને. ૧૭
વાહ બોડાણા ભક્તી તારી, વિઠ્ઠલને તું વહાલ ભર્યો;
શ્યામસુંદરને લાવ્યો આંગણે, તુજ પ્રતાપે દેશ તર્યો. ૧૮
તારી છે ગુજરાત સકળને, વશ કરીયા તેં વનમાળી;
ધન્ય તને ધન્ય ગંગાબાઇને, રાધાવર લાવ્યો ચાલી. ૧૯
તમ પ્રતાપે જગને લાભ બહુ, ગુર્જર ભોમી આનંદે રહી;
હીરાલાલ બોડાણા પ્રતાપે, ડાકોર દ્વારામતી કહી. ૨૦

કળીયુગમાં પ્રભુ નામ સ્મરણ શ્રેષ્ટ છે તે વિષે. ૧

રાગ. સ્હાય થશે જગરાય સંકટ વિસે સ્હાય.

કીર્તન પ્રેમે થાય કળીયુગમાં કીર્તન પ્રેમે થાય;
જન્મ મરણુ ભય જાય, કળીયુગમાં કીર્તન પ્રેમે થાય—ટેક.
કઠીન વ્રત તપ દ્વાપર યુગે, કરતા મહદ રૂષિ રાય;
સતયુગમાં પણુ સીમા ન તપની, કઠીય વેઠતા કાય. કળી. ૧
ત્રેતામાં હરી ધ્યાન ધરીને, બ્યયતા વર્ષ હજાર;
માહા મુસ્કેલીયે મહદ પદને, તે યુગ માંહી અપાર. કળી. ૨
આજ કળીમાં નામ સ્મરણે, ભવસિન્ધુ સેહેજ તરાય:
કીર્તનથી કળીમાંહી કેશવ, આપે મોક્ષ સદાય. કળી. ૩
જુવો કલીમાં કીરતને તાર્યો, આત્મારામ કૃપિકાર;
હીરાલાલ હરી નામ પ્રતાપે, ઉતરીઆ ભવપાર. કળી. ૪

નામ સ્મરણનું દ્રષ્ટાંત.

પુર્વે એક હરીપરા કરીને ગામમાં એક માહારાજ રામાયણની કથા કહેતા હતા કથા કહેવાની માહારાજની રેણીકરણી ઘણી સારી હતી તેથી ઘણા લોકો તે કથા સાંભળવા જતા હતા. ને મોટી મેદની મળતી હતી. રામકથામાં રામનો જન્મ રાજા દશરથનો યુવરાજ પ્રાસીનો હર્ષ અને પછી વિશ્વામીત્રનું યજ્ઞ રક્ષા કરવા રામચંદ્રને તેડવા આવવું તે પછી સીતા સ્વયંવર વગેરે પરમ કલ્યાણકારી કથા માહા હર્ષથી માહારાજ કહેતા હતા. ને શ્રોતાઓ સાંભળતા હતા. એ કથામાં એક આત્મારામ નામે પટેલ એક દીવસ આવ્યો તેણે

ભગવાન રામચંદ્રજીની કથા થોડીવાર સાંભળી ને પછી પોતાને ઘેર ગયો. પટેલના સાંભળવામાં તે દીવસે એવું આવ્યું કે પરમાત્મા રામચંદ્રજી ભગવાનનું જે સ્મરણ કરે છે તેને .આ સંસારમાંથી જન્મ મરણનો ફેરો ટળી જાય છે. આ કથામાં આવેલા ભગવદ્ નામ સ્મરણના શબ્દો પટેલના હૃદયમાં પુરી રીતે ઉતર્યા હતા. ને તેજ વખતે પોતાને પ્રભુ ભજનનો અંકુર ફુટયો હતો. તેથી તેણે બીજે દીવસે કથા કહેનારા માહારાજને પોતાને ત્યાં બોલાવવાને વિનંતી કરી કહ્યું કે માહારાજ, મને ભગવદ્ ભજનનો ઉપદેશ કરી આ સંસારના જન્મ મરણના દુઃખથી મુકત કરો.

માહારાજ—ભાઇ સંસારના જન્મ મરણના ફેરામાંથી ટાળનાર પ્રભુ છે માટે શ્રીહરીથી સાચી ભકતી કરો તે પ્રભુ સાય કરશે.

પટેલ—માહારાજ, ભકતી કેવી રીતે કરૂં.

માહારાજ—ઇશ્વરના નીયમો પાળી, પ્રભુ પ્રસન્ન થાય તેવી.

પટેલ—ઇશ્વરના નીયમો કેવા છે તે કૃપા કરી કહેશો.

માહારાજ—હા. કહું છું સાંભળ. પરમાત્માએ મનુષ્યાવતાર આપેલો છે માટે મનુષ્ય કર્તવ્ય શું છે તે પ્રથમ સમજવું જોઇએ. તે કર્તવ્યમાં ભકતી આવી જાય છે ભગવદ્ ભકતી કરનારે અસત્ય, દ્વેશ, પાખંડ, આત્મશ્લાઘા, કામ, ક્રોધ, મોહ, મદ અને અહંકાર વીગેરે: ને દુરાચારનાં સર્વ આચરણોનો ત્યાગ કરવો જેથી ભગવદ્ ભકતી પ્રાપ્ત થાય છે.

પટેલ—માહારાજ, હું મહા અધમ છું માટે મને પ્રભુ પ્રસન્ન થાય તેવું બતાવો

માહારાજ—ભગવાનની ભક્તિ કરો એ સીવાય બીજું કાંઇ નથી.

પટેલ—હું શી રીતે કરૂં મારા જેવો ઉપાધીવાળો બીજો કોઇજ નહી હોય હું માહા સંસાર વિટંબણામાં ગુંથાયો છું.

માહારાજ—તમો શી ઉપાધિમાં છો ?

પટેલ—મારે ઉપાધિ ઘણી છે.

માહારાજ—શી ઉપાધી છે તે મને બરોબર સમજાવો.

પટેલ —હા કહું, માહારાજ; સાંભળો જ્યારે પોહોર રાત્રી સુર્ય ઉદય થવામાં બાકી હોય છે ત્યારે દરરોજ મારે જાગવું પડે છે તે પછી બળદ વિગેર સાધનો લેઇ મારા ખેતરમાં જાઉ છું ત્યાં આખો દીવસ કામમાં રોકાઇને રાત્રીએ મોડો ઘેર આવું છું. એમ દીવસ અને રાત્રી ઘર અને ખેતરમાં મારી પુરી થઇ જાય છે તેથી પરમાત્માનું નામ સ્મરણ એક મિનિટ માત્ર મારાથી લેવાતુ નથી. માહારાજ મારા જેવા પાંમરની શી દશા થશે.

માહારાજ—તમો પ્રભુનું ભજન કરો તમારી સારી ગતી થશે.

પટેલ—હું શી રીતે ભજન કરૂં વખત મળતો નથી તેનું કેમ કરવું.

માહારાજ—સાંજ સવાર બપોર અને તેમ નહી તો રાત્રીએ ગમે તે વખતે નામ સ્મરણનો નીયમ રાખો.

પટેલ—બાપજી મારા જેવા જંજાળીથી નીયમ રખાશે નહી.

માહારાજ—સવારમાં પાંચ માળા ફેરવવાનો નીયમ રાખો.

પટેલ—એક પણ મારાથી ફેરવાશે નહી.

માહારાજ—સાંજે બે માળાઓ ફેરવો. તેમ બનશે.

પટેલ—ના માહારાજ દીવસ કે રાત્રીએ માળા તો મારાથી હાથમાં ઝલાશેજ નહી.

મહારાજ—ત્યારે માળા વિના એમને એમને પ્રભુ સ્મરણ કરશો તેમ બનશે કે નહીં?

પટેલ—હા. માળા વિના હું મુખેથી પ્રભુનું સ્મરણ કરીશ પણ કયો ટાઇમ તે મને કહો.

માહારાજ—સવાર અગર સાંજે નીયમ બંધ ભજન કરો.

પટેલ—ના માહારાજ સવારે—સાંજે તો મારે બીલકુલ ફુરસદ હોયજ નહી મારો નવરાસનો વખત બતાવો.

માહારાજ—ભાઈ, તમારા કહેવા પ્રમાણે તો તમને નવરાસનો વખત આવે ને તમો ભજન કરો તેમ બીલકુલ નથી પણ એક સ્નાન કરતી વખતે હરી નામ સ્મરણનો નીયમ રાખો તો તે તમો પાળી શકશો આ સીવાય બીજી વખતે તમો હરી નામ સ્મરણ કરી શકો તેમ નથી.

પટેલ—હા માહારાજ, આપનું કહેવું સત્ય છે હું નાહાતી વખતે પ્રભુ નામ સ્મરણ કરી કરીશ અને એ નીયમ બરોબર સાચવીશ તેમાં કોઇ દીવસ ભુલીશ નહી.

માહારાજ—બહુ સારૂં તમો શ્રીહરીનામોચ્ચારણથી આ સંસારમાં પ્રભુના પદને પામશો.

પટેલ—માહારાજ, આપનું વાકય સફળ થજો અને મને ભકતી વડે પ્રભુનું ધામ મળજો.

માહારાજ—તમારી મનોવાંચ્છના પુર્ણ થશે તમો પુર્ણ શ્રદ્ધાએ ભગવાનની ભક્તિ કરજો.

પટેલ—મારી ઇચ્છા પ્રભુના ચરણની છે એ સીવાય બીજી કાંઇ નથી.

માહારાજ—પ્રભુ તે પુર્ણ કરશે હવે મને જવાની રજા છે?

પટેલ—હા. માહારાજ હું આપને સીધુ દક્ષણા આપુ તે લેઇ પધારો

તે પછી માહારાજને સીધું દક્ષણા આપી વીદાય કરે છે.

માહારાજના ગયા પછી પટેલે પોતાની સ્ત્રી પુત્ર નોકર વિગેરેને સુચના આપી કે જ્યારે નાવાને માટે બેસુ ત્યારે તમો મને મારા નીયમનું સ્મરણ (રામ કૃષ્ણ ગોવીંદ સંભારી આપશો આમ સર્વે કુટુંબને કહી પોતે નીયમ બંધ નાતી વખતે હરી નામ સ્મરણ કરવા લાગ્યો થોડા દહાડા સહેજ ભુલે ને પછી અભ્યાસ પડયો કે હરદમ રાત દીવસ હરી નામ સ્મરણ કરવા લાગ્યો એમ કરતાં, તે ભક્તિવાન પટેલનો દેહાન્ત થવાનો સમય આવ્યો પ્રથમ તે તાવના દરદથી પીડાવા લાગ્યો ને પછી ભારી મંદવાડના કષ્ટમાં પડયો અનેક જન્મનાં પાપ ભેગાં થએલાં તેમાંથી ભક્તીના પ્રતાપે કેટલાં એક નાશ પામ્યા હતાં. છતાં અંતકાળની વેદના કાંઇક ભાગે ભોગવવાની અવસેશ રહી હતી તે દેહના કર્મ અનુસાર ભક્તીવાન પટેલ અન્ય જન્મના કૃત કર્મનું ફળ વ્યાધી દ્વારા ભોગવતો હતો હવે પટેલને છેક મરણની તૈયારી થઇ .અનેક કૈટંબી જનો પોતે પોતે પોતાના સગાઇ અને સ્નેહના પ્રમાણમાં શોક કરતા હતા અહો, અંતકાળના દુઃખનું વર્ણન કરવાને કોણ સમર્થ છે? કોઇ નહી. આ સંસારમાં અનેક પ્રકારની બીજી ઘણી દુખરૂપી ઘાંટીઓ છે પણ સર્વ કરતાં મરણની ઘાંટી મોટી ગણાય છે ખરેખર મનુષ્ય માત્રને મરણની ઘાંટી માહા દુઃખદાયક છે.

સીંહાનો કનરો ૨.

ઘાંટી મરણુની અતી દુખકારી, અંત સમયની પીડ છે ભારી—ઘાંટી. ૧
જ્વર ઝડપે છે. આવી ત્વરાયે, દમ ખાંસીએ પ્રાણુ મુઝાયે. ઘાંટી. ૨
દુખદઃ મુઝારો ઝટ એ અડતો, કેવળ રોગનો ભોગજ પડતો. ઘાંટી ૩
અનેક રોગોએ ઘેરી રાયા, શરીર [1]યંન્તોને સીથીલ બનાયા, ઘાંટી ૪
શ્વાસ દની બહુ વેગથી ચાલે, હલકારે પીંજર [2]સહુ હાલે. ઘાંટી ૫
સર્વ સંબંધી વિંટાઇ વળતાં, અશ્રુ ચોધારે નેત્રમાં ભરતાં. ઘાંટી ૬
વૈદ હકીમનું કાંઇ નહી ચાલે મરણુની ઘાંટી અરે શુ એ ટાલે. ઘાંટી ૭
ઉંચા નંબરની પાયે દવાઓ, કોઇ ગુણકારી ગણેજ હવાયો ઘાંટી ૮
પડદા બાંધી પવન તજાવે દીપક પાસે કદી નહી લાવે, ઘાંટી ૯
થઇ ગભરામણ જીવ ગભરાયે કષ્ટ નહી કોઇને કહેવાયે. ઘાંટી ૧૦
પાપ પ્રપંચો અતિ દુખ દે છે કૃત્ય કીધેલ તૈયારજ રેછે. ઘાંટી ૧૧
દેહ થકી સઘ પ્રાણુજ ચાલ્યો શ્વાસ હવે કીંચીત ન હાલ્યો. ઘાંટી ૧૨
કાંઇક નીમીત્ત[1] મરણ થવાનું જન્મ ધર્યા તે નીશ્ચે જવાનું ઘાંટી ૧૩
સ્નેહી સગાંનું કાંઇ ન વળીઉ પીંજર ખાલી ચીતા માંહી બળીઉ. ઘાંટી ૧૪
અંતઃ સમય છે અતી દુખદાઇ ચાલે નહી ત્યાં કાંઈ ડગાઈ. ઘાંટી ૧૫
અગણીત સર્પો તુલ્ય પીડાયે અંતનું કષ્ટ કહ્યું નહી જાયે. ઘાંટી ૧૬
દાસ હીરાલાલ હરી ગુણ ગાયે તેને શ્રી હરિ સાવજ થાયે. ઘાંટી ૧૭

ઉપર પ્રમાણે આત્મારામભાઇ મરણુ પથારીએ પડી અવસાન કાળની છેલ્લી ઘડીએ આવી પડયા છે. પરંતુ દેહમાંથી પ્રાણુ છોડવો

૧ શરીરનું ખાલી ખોખું. ૨ શરીરની નાડીઓ.

૧. તાવ ચુક ઊપરસ કોઈપણ કારણ.

મહા કઠણ વાત છે. મરણ સમયે શી દશા થાય છે તેનો અનુભવ માત્ર મરનારનેજ હોય છે બીજા કોઇ તે સમયના દુખથી વાકેફ હોતા નથી. આ દેહમાં જે પ્રાણ રમી રહ્યો છે ખાનપાનાદીકથી મસ્ત બનેલો મોહ માયામાં ફસાયેલો ને આ સંસારને જેણે સાચો કરી માનેલો છે તેવા જીવની દેહ છોડતી વખતે કેવી દશા થાય છે તેના વાંચનારજ ખ્યાલ કરશે.

અહી જ્યારે પટેલનો જીવ નીકળવાની તૈયારી થઈ ત્યારે પવિત્ર હીન્દુ ધર્મને માન આપનારા સજ્જનોએ કહ્યું કે હવે આત્મારામ-ભાઇને છેલ્લુ સ્નાન કરાવો તે પ્રમાણે ભક્તીવાન આત્મારામભાઇને સ્નાન કરવાને બેઠા કર્યા છે ઉષ્ણ જળ શરીરપર રેડયું કે લાંબા સમયનો નીયમ સ્નાન કરતી વખતે ભગવદ્ ભજનનો હતો તે આ સમયે હૃ-દયમાં સચેત ન થયો ને માહા પરાકાષ્ટાએ (રામકૃષ્ણ) ગોવિંદ એ શબ્દો તે ભક્તીવાન પટેલના મુખાર્વિંદમાંથી નીકળ્યા તેની સાથેજ દેહની સમાપ્તી થઇ ને મીથ્યા પીંજરામાંથી તેનો પવિત્ર પ્રાણ ચાલ્યો ગયો તે પવીત્ર પરમાત્માના નામ સ્મરણથી અંતઃકાળની હરિનામ ઉચ્ચાર કરવાની મતીથી (મરણ સમયે યા મતી તા ગતી) આ ભક્તીવાન પટેલ પરમાત્માના પદને વિષે પામ્યો. અહો, ઇશ્વરની ભક્તી ઉત્તમ પદને આપે છે. આ સંસારમાં તપી રહેલા જીવાત્મા-ઓનો ને આ ભવાબ્ધી સંકટમાંથી શ્રી હરીનામ તારે છે જેઓ ભાવે કરી શ્રદ્ધા પુર્વક નીયમ રાખી હરીસ્મરણ કરે છે તેને અંત-કાળના સમયમાં પ્રભુ સહાયતા કરે છે. ઘણા દીવસનો અભ્યાસ હોય તો અંતકાળમાં પ્રભુનું નામ યાદ રહે માટે હે સજ્જનો આજથી ભગવદ્ ભજનમાં દીલ રાખી સાચી ભક્તી કરશો તો પરમાત્મા ત-

મારી કરેલી ભકતી કદાપી વ્રથા જવા દેશે નહી. કારણ કે પ્રભુએ અર્જુન પ્રત્યે કહ્યું છે કે મારી ભકતી કરનાર, મને સંભાળનાર, મારા વિશે ધ્યાન ધરનાર અને મારા નામથી જે જે કાંઇ સદકર્મ કરનાર મનુષ્યને હું સદાયે સહાય કરૂં છું. તે પ્રભુ પોતાના વચનને માન્ય રાખી ભકતોની વારે ચઢશે. અસ્તુ.

શ્રી હરિનામ ચિંતામણીની પ્રસંશા.

દોહરા.

શ્રી હરીનામ ચિંતામણી વાંચે હરિના જંન,
વાંચીને વરતે સદા તેને કહીએ ધન્ય. ૧
શ્રી હરીનામ ચિંતામણી મોક્ષ તણું છે ધામ,
હૃદયમાં સીંચન કરે તેનું થાયે કામ. ૨
શ્રી હરિનામ ચિંતામણી અર્પે હરિનું નામ,
પ્રેમ કરી કરમાં ગ્રહે પ્રસન્ન થાય શ્રી શ્યામ. ૩
શ્રી હરિનામ ચિંતામણી દે છે હરિનો બોધ,
પ્રભુ ભજવાને ભાવથી તજો કામને ક્રોધ. ૪
શ્રી હરિનામ ચિંતામણી મોઘાં મણી અમુલ્ય,
કોટી સાહેબી તુચ્છ છે નહી આવે એ તુલ્ય. ૫
શ્રી હરિનામ ચિંતામણી વાંચ્છીત ફળ દેનાર,
ભવ સંકટ ભાગે સદા સાર તણો છે સાર. ૬
શ્રી હરિનામ ચિંતામણી કામ ક્રોધ હણનાર,
લોભ મોહને મદ હરે પાપ વ્રત્તી ધીકાર. ૭

શ્રી હરિનામ ચિંતામણી આપે હરિમાં ધ્યાન,
નામ હૃદય વ્યાપે અને પ્રસન્ન થાય ભગવાન. ૮
શ્રી હરિનામ ચિંતામણી ઉરમાં દે આનંદ,
ભવાબ્ધી સંકટને હરે મીથ્યા માયા ફંદ. ૯
શ્રી હરિનામ ચિંતામણી ટાળે હૃદય તીમિર,
જ્ઞાન જ્યોત પ્રગટે સહી નામ નાવ તસબિર. ૧૦
શ્રી હરિનામ ચિંતામણી પુરણ તેજ પ્રકાશ,
અર્ક ઈંદુથી અધિક છે હરીનામ આવાસ. ૧૧
શ્રી હરિનામ ચિંતામણી સમજાવે છે નામ,
મનન કરી મનમાં ધરો રાજી કરવા રામ. ૧૨
શ્રી હરીનામ ચિંતામણી હરશે સરવે પાપ,
વીપત વેગે દુર થશે ટાળે ત્રીવિધ તાપ. ૧૩
શ્રી હરિનામ ચિંતામણી હરીભક્તીનું અંગ,
પ્રેમ સહીત પાઠન કરો નિશદિન રાખી સંગ. ૧૪
શ્રી હરિનામ ચિંતામણી ટાળે રોગ અનેક,
રામરસાયણ જાંણજો રહે ન વ્યાધી એક. ૧૫
શ્રી હરિનામ ચિંતામણી મદ વસ્તુ કરે ત્યાગ,
સત્યશીલ ચરી પાળીને જે જોઈએ તે માગ. ૧૬
શ્રી હરિનામ ચિંતામણી હરીનું ભક્તીરૂપ,
ભાવ વશ ભુધર સદા કોણ રંક ને ભુપ. ૧૭
શ્રી હરિનામ ચિંતામણી હરશે સંકટ સર્વ,
સત્ય વસ્તુની શોધ છે તજજો મીથ્યા ગર્વ. ૧૮
શ્રી હરિનામ ચિંતામણી મોટું ઔષધ જાંણ,

ખટ શત્રુને ખોદીને નાશ કરે નીર્વાણ. ૧૯
શ્રી હરિનામ ચિંતામણી કરે પાપ પ્રજાલ,
શુદ્ધ રત્ન ભકતીવડે તિમીર નાંખે ટાલ. ૨૦
શ્રી હરિનામ ચિંતામણી અમરાદી સુર ચાય,
ભુઃપર ભકતી કારણે લેતા પોતે કાય. ૨૧
શ્રી હરિનામ ચિંતામણી જાણો મોટું નાવ,
ભવજળમાંથી ઉતરો જો રાખો સદ્‌ભાવ. ૨૨
શ્રી હરિનામ ચિંતામણી ટાળે સંકટ સુળ,
જે જન હરી ભજે નહીં તેને અન્તે ધુળ. ૨૩
શ્રી હરિનામ ચિંતામણી રાખે હૃદયામાંય,
દુઃખ હરે તે જંનનાં વિઘ્ન જાય નાઠી ત્યાંય. ૨૪
શ્રી હરિનામ ચિંતામણી સમરે જે નરનાર,
ભવાબ્ધી સંકટને હરે સેજે ઉતરે પાર. ૨૫
શ્રી હરિનામ ચિંતામણી પુર્ણ પુણ્યપદ ધામ,
સંસ્કારી જન સેવશે શ્રી પરમાત્મા નામ. ૨૬
શ્રી હરિનામ ચિંતામણી અમુલ્ય વસ્તુ એક,
જન્મ સફળ કરવા સદા રાખો હરિને ટેક. ૨૭
શ્રી હરિનામ ચિંતામણી ઇચ્છીત આપે અર્થ,
સંસારે સુખમાં રહે ખાનપાનને ગર્થ. ૨૮
શ્રી હરિનામ ચિંતામણી સમરો શાણા શાન્ત,
આ જગમાં પ્રભુના વિના બીજી માયા ભ્રાન્ત. ૨૯
શ્રી હરિનામ ચિંતામણી ગ્રહીને પાળો ધર્મ,
માયા મદને દુર કરી કરી લેજ્યો સદ્‌કર્મ ૩૦

શ્રી હરિનામ ચિંતામણી પરલોકે સુખદાય,
જે નીત્યે સ્તવન કરે ચત્રુભુજને ચાય. ૩૧
શ્રી હરિનામ ચિંતામણી રે મન તુ સંભાળ,
સફળ કરી સદ્ જન્મને કહે છે હીરાલાલ. ૩૨

શ્રી પ્રભુની સ્તુતિ.

હે જગતના પિતા, કલ્યાણકારી અનેક ગુણને ધારણ કરતા વિશ્વનાથ પરમાત્મા વિશ્વેશ્વર વિશ્વપતી સરણાગતનું રક્ષણ કરનારા આપને વારંવાર નમસ્કાર કરૂં છું. હે માહારાજ, અનેક પ્રકારનાં કષ્ટ કે જે આધી વ્યાધી ઊપાધીવાળાં છે તેમાંથી તમારા સીવાય બીજો કોઈ સહાય કરે તેમ નથી. હે નીયંતા આ જગત માત્ર તમારે આધીન છે ને તમારીજ પ્રબલ સત્તાએ ચાલે છે. હે હરી, અમો માહા અધમ છીએ જેથી માહા અધમતાના પાપે કરી તમારા સંપુર્ણ પ્રભાવને જાણતા નથી. જે સંસાર તમારી કૃપાએ કરી ચાલે છે તેને અમો માત્ર ભારરૂપે એમ માનીએ છીએ કે અમોજ આ સંસારના કાર્યને નીભાવીએ છીએ એવું અમારી અજ્ઞાનતાએ કરી માંની લીધુ છે. હે ઇશ્વર! તમારી કૃતિ અપાર છે મનુષ્યથી જાણી ન શકાય તેવી છે તે કૃતિની આગળ અમારૂં બુદ્ધી-બળ નીરર્થક છે તેથી આપના અપાર બળ સામે અમો કેવળ કંગાલ અશકત છીએ. દાખલા તરીકે હે હરી, ઘણા નીર્ધનો ઘણો શ્રમ વેઠયા છતાં નીર્ધનપણાના દુઃખથી મુકત થતા નથી વળી કોઇ પ્રજાને માટે કોટી પ્રયત્નો કર્યા છતાં પણ નીષ્ફલતા પામે છે તેમ દેહાદીકમાં રોગ પ્રાપ્ત થએલ મનુષ્ય હજારો

ઉપાય કર્યા છતાં કાર્યની ફત્તેહ પામતા નથી આવી એક નહી પણ અનેક કાર્ય પ્રત્યે સત્તાવાળા હે અનંત ઇશ્વર, આપને હું વારંવાર નમન કરૂં છું. હે જગત પીતા, આપની અપાર સત્તા અને અવર્ણ-નીય મહીમા તેને જાણવાવાળા વિરલા કોઇ મહાન્ ભકતજ હોય છે અન્ય કોઇ જાણતું નથી. હે પ્રભુ હું કેવળ અજ્ઞાની છું મને આપના પવિત્ર જ્ઞાનની સંપુર્ણ માહેતી નથી તેથી ધ્યાન કેમ ધરવું. તથા જ્ઞાનમાં ઉત્તમ જ્ઞાન જેના આપજ અધિષ્ઠાતા છો તે જ્ઞાન અમો અજ્ઞાની જીવો જાણી શકતા નથી હે પ્રભુ હુ ઉપર કહેવા પ્રમાણે અજ્ઞાની છું છતાં માત્ર નિરર્થક મમત કરૂં છું કે હું જ્ઞાની છું ને હું હરીને ભજુ છું અથવા શાસ્ત્રવેત્તા છું આવો ખોટો દંભ કરૂં છું એ આપથી અજાણ્યું નથી હે હરી મનુષ્ય માત્રને તમારી ભક્તિ અને તમારી આજ્ઞાઓ એજ સુખદાયક છે, હે માહારાજ તમારૂં નામ સ્મરણ જે વિદ્યામાં આવે તે બ્રહ્મ પ્રાપ્તીના બ્રહ્મ જ્ઞાનની વિદ્યા ઉત્તમ કહેવાય છે કોઇ મનુષ્ય પોતાના ઉદર નીમીત વિદ્યા ભણી કોટંબનું પોષણ કરે તે વિદ્યા ઉત્તમ કહેવાય નહી, પરન્તુ પ્રભુ તમનેજ પ્રસંન્ન કરવાની જે સત્ય વસ્તુ જાણવાની વિદ્યા છે તેજ ઉત્તમ છે.

હે પ્રભુ તમારા નામ સ્મરણ રૂપી ભકતી તે ઉભય લોકમાં શું સુખકારી છે જે સાધારણ રીતે પણ હરતાં ફરતાં તમારૂં નામ સ્મરણ કરે છે તે પણ મોટા મોટા પાપથી બચી જાય છે હે હરી, માહા સંકટમાં પડેલા મનુષ્યો પાપી છતાં તમોએ દયા કરી તેઓના અવગુણ વિસારી પ્રભુ તમો સાય કરો છો ને ભક્ત બીરદ એ નામને સંપુર્ણ શોભા આપો છો. હે પ્રભુ પ્રાચીન કાળમાં મહાન

ભકતો કે જે ધ્રુવ પ્રહલાદ આદી અનેક ભકતોને તમોએ તમારી ભકતીના પ્રતાપે રક્ષણ કર્યું છે તે મહાલના સમયમાં પણ તે નામનું માહાત્મ યત્કીંચીત પણ ઓછું થયું નથી જે મનુષ્ય તમારૂં નામ સ્મરણ કરે તેને ઉત્તમ ફળ આપ્યા સીવાય રહો તેમ નથી. હે હરી તમારી દીવ્ય શકતીએ કરી કોટી બ્રહ્માંડને ઉત્પન્ન કર્યું છે ને તેને પોતાની અગાધ શકતીએ કરી સ્થીતીમાં રાખીને તે સમય આવતાં લય કરવાને પ્રભુ તમોજ સત્તાધારી છો, હે નીયંતા શંખ ચક્ર ગદા ને પદમ ધારણ કરનારા રૂશી કેસ તમારૂ નામ સ્મરણ સર્વ કરતાં, અતી ઉત્તમ છે જે મનુષ્ય તમારૂં નામ સ્મરણ પ્રેમ પુર્વક ગ્રહણ કરે છે તેઓ આ સંસારના દુખોથી મુકત થઇ જાય છે હે માહારાજ, આપના નામનો મહીમા અપાર છે તેને શેષ ભારથી અને બ્રહ્માંદીક સ્તુતી કર્યા છતાં તેઓ સંપુર્ણ પ્રભાવને જાણતા નથી હે હરી સૂર્ય, ચંદ્ર, નભ, પ્રથ્વી, પ્રાણી, અને આ સૃષ્ટીમાંના જે દેવો તે સઘળા તમારા પ્રકાશ રૂપે અને તમારી વીભુતીઓ રૂપે રહેલા છે આવી દીવ્ય વીભુતીઓનો મહીમા જાણવાને તમારા સીવાય કોઇ સમર્થ નથી.

હે પ્રભુ, તમો સતયુગમાં દ્વાપર યુગમાં ત્રેતાયુગમાં અને ઘોર કળીયુગમાં પણ તમોજ છો, કોઇ પણ યુગ તમારા સીવાય ખાલી નથી. હે હરી, ઝાડ પહાડ વન ઓખધી અન્ન ફળ ફુલ મેવા વગેરે આપની દ્રષ્ટીએથીજ થાય છે એટલુંજ નહી પણ રૂતુઓના નિયમો કે ટાઢ, તાપ, અને વરસાદની ધારાઓ તે પણ આપની સત્તાથી પડે છે. એ સર્વ કર્તા તમો સર્વજ્ઞ છો તમારૂં સર્વજ્ઞપણું આ જગતમાં પ્રકાસીત છે હે પ્રભુ, તમારા વિનાનો ઠામ કોઇ ખાલી નથી.

હે સર્વના સાક્ષી ભુત સચરાચર વિશ્વ વ્યાપક ઇશ્વર આપને મારા હજારો વાર નમસ્કાર છે.

હે માહારાજ તમે અજર છો અમર છો ને મોટા છો વળી શુક્ષ્મમાં પણ શુક્ષ્મ તમો છો તમારી આ જગત રચનાની ખુબી ઘણા ઉંચા પ્રકારની છે આ જગત રચનાનું વર્ણન કરવાને કોઇ સમર્થ નથી તમારી દીવ્યશકતી વડે આ જગતના ઘાટ એવા ઘડ્યા છે કે તેનો જોટો બીજા કોઇનાથી બની શકે નહી.

હે માહારાજ, હું મુઢ છું. અધમ છું, તમારી અગાધ માયાએ કરી ફસાઇ પડ્યો છું એવા પામરને તારનાર પ્રભુ તમે છો હે હરી, ઘર બાર, સ્ત્રી, પુત્ર, યૌવન, રાજ્ય, મદ, લક્ષ્મી અને વૈભવોના પુર દમામથી મેં આપને વીસાર્યા છે ને વળી આપની બાંધેલી મર્યાદાઓ તે પણ તોડી છે એટલુંજ નહી પણ આ સંસારમાં એવો રચ્યો પચ્યો રહ્યો છું કે કોઇ દીવસ મારે અહીયાંથી ખસવાનુંજ નથી એવું મેં અજ્ઞાનતાએ કરી માંની લીધું છે, હે માહારાજ આવા મારા જેવા ખળ મનુષ્યને તમો તમારી અપાર દયાએ કરી કૃતાર્થ કરશો.

હે પ્રભુ, હું ઉપર કહેલો એવો જે જડ મનુષ્ય તે આપના પવિત્ર શરણમાં આવ્યો છું, પાછલાં અત્યંત પાપ જે સ્વાર્થ પરાયણતાવાળાં તે સરવે તમારાથી અજાંણ્યાં નથી. હે જગત પીતા આ પામરની સ્તુતી તમારા પવીત્ર રહૃદયમાં ધરી માહા પાપીઓનો જેવી રીતે ઉદ્ધાર કર્યો છે, તેવીજ રીતે હું સર્વ પાપીમાં વિશેષ પાપી એવો માહા અધમ આપ પ્રભુના શરણમાં આવ્યો છું. તો હે કૃપાળુ કોટીક દોષોને ક્ષમા કરી તમારા ચરણનું શરણ આ કીંકરને આપશો. હે ભક્ત વત્સલ, તમારૂં ભકતવત્સલપણું સાચવી આ દાસને આપના સ્મરણમાં રાખશો. અસ્તુ.

પ્રભુ સ્તવન.

રાગ ધુન્ય સ્તવન મંજરીની છાયા.

ભજો મન રામ રામા રામ હરે રટો મન રામ રામા રામ હરે,
રામ હરે શ્રીકૃષ્ણ હરે ગોવિંદ હરે ગોપાળ હરે. ભજો મન. ૧
અહલ્યા ઉદ્ધારીને ગણીકા તારી ગજની વારે ચઢીયા,
પંચાળીનાં પટકુળ પુરવા એકાએક પ્રભુ અડીયા.
ભજો મન રામ રામ હરે ટેક. ૧
ચંદ્રહાસ ઉગાર્યો ઇશ્વર મરણતણા મુખથી,
પાંડવની પ્રતી પાલન પાળી સ્હાય કરી દુખથી. ભજો મન. ૨
મીરાંબાઇનું ઝેર હલાહલ પળમાં અમ્રીત કીધુ,
સ્થંભ ફાડી પ્રહલાદ ઉગાર્યો નરસીંહ રૂપજ લીધુ. ભજો મન. ૩
ગોરા ભકતનો શુત કચરેથી મરણ પામ્યો જીવાડયો,
ધ્રુવજીને પદ અભયજ આપ્યુ કાઢી યમની ધાડયો. ભજો મન. ૪
દેવ તણા બંધન દુર કરવા રાવણ રણમાં રોળ્યો.
અનેક ભકતને સુખ કરવાને કંસને ધરણી ઢોળ્યો. ભજો મન. ૫
નાત જાતનો ભેદ ન રાખ્યો રોહીદાસ ઉગાર્યો,
સવરીને તારી એક ક્ષણમાં ઉચ્છીષ્ટ બોર સ્વીકાર્યાં. ભજો મન. ૬
તેલ કઢા શુધન્વાની પ્રભુ સત્વર શીતલ કીધી,
વીદુરની ભાજી આરોગ્યા ભકતને કરૂણા દીધી. ભજો મન. ૭
માંઝારીનાં બાળ ઉગારી યશ ભકતોને આપ્યો,
કરમા બાઇનો જમ્યા ખીચડો ભકત ભાવને સ્થાપ્યો, ભજો મન. ૮

નરસીંહ ભકતને હારજ દીધો શ્રાધ કર્યું ભલી ભાતે,
ઉત્તર ક્રીયા કીધી કેશવજી વણુસીધર થઇ જાતે   ભજો મન. ૯
સેના માટે શ્રી હરી પોતે નાપીક થઇને આવ્યા,
અમરીસ દળવા બેઠા ત્યારે વિંજણો લેઇને ધાયા.   ભજો મન. ૧૦
મયુરધ્વજનું અંગ લેવાને વિપ્ર વેશ પ્રભુ ધરીયા,
નામ દેવની છાપરી છાવી પ્રેમે પગલાં ભરીયાં   ભજો મન. ૧૧
ગોવર્ધન કરમાંહી ધાર્યો ગોકુળને ઉગારી,
અગાશુર બગાશુર હણીયા માસી પુતના મારી.   ભજો મન. ૧૨
શુક સૌનકને સુખ બહુ દીધાં ચરણ કમળમાં રાખ્યા,
રસીયાજી રીઝવાથી ભવનાં બંધન છોડી નાંખ્યાં   ભજો મન. ૧૩
નારદના પરમ પ્રીય નારાયણ બ્રહ્મ પરાયણ સ્વામી,
પારાસર પુંડરીકાદીના સાચા અંતરજામી   ભજો મન. ૧૪
વાલમીકના રૂદીએ વસીયા દહન કર્યાં પ્રભુ પાપ.
તુલસીને ત્રીકમે તજાવ્યા ભવાબ્ધી ભય સંતાપ   ભજો મન. ૧૫
બોડાણાનુ બીરદ પાળવા ડંકપુરીમાં આવ્યા,
સવા વાલની વાળીએ હરી સેજ માત્ર તોળાયા.   ભજો મન. ૧૬
આનંદ કંદ અખંડ મોરારી વ્યાપક સર્વાધારા,
નામ સમરતાં સેજે પામે પ્રાણી ભવજળ પારા.   ભજો મન. ૧૭
જકત પીતા જગ પાલન કર્તા જય જય સારીંગ પ્રાંણી,
અનેક રૂપને અનેક નાંમથી કીર્તી તમારી વખાંણી.   ભજો મન. ૧૮
બહુ ભકતોને તાર્યા પ્રભુજી ગણુતાં પાર ન આવે,
એ ભકતોમાં લેશો મુજને ભુધરજી તમે ભાવે.   ભજો મન. ૧૯
દાસ તણા પ્રભુ રોશ તજીને માફ કરો મમ વાંક,
દોષ પામરનો દીલ દયા વિચારી શરણુ ગ્રહોને રાંક ભજો મન. ૨૦

અરજ ઉચારી લેશો સ્વિકારી, જય જય શ્રી જગપાલા,
રમાનાથ અંતરના જામી, જય શ્રી નંદજી લાલા. ભજો. ૨૧
પાંમરનો પોકાર પ્રભુજી, નીજ અંતરમાં જાણો,
હીરાલાલ તમ ચરણુની, રજમાં કૃપા કરીને આણો. ભજો ૨૨

શ્રી રણછોડરાયજી માહારાજની સ્તુતિ. ૨

રાગ–જીવલડા આજ કે કાલ જાવું.

રણછોડરાય છો તમે દીન દયાળ,
વંદુ તમને પ્રેમે શ્રી મોરલીવાળા. રણછોડરાય
કૃપા તણા સાગર તમે કહેવાવો,
ભક્ત તણે આધીન શ્રી હરી થાવો;
સમરતામાં સદાયે સત્વર આવો. રણછોડ ૧
મુગટ ધારી માહા સુખના છો નીધાન,
વિવિધ વિઘ્ન હરો પ્રભુ ભગવાન;
અંત સમે સાચા બેલી બળવાન. રણછોડ ૨
કમળાપતી સુખકર સુંદીર સ્યામ,
દેવાધી દેવ આસ્રા એ છે તમામ;
જપીએ જીહ્વે રણછોડરાયજી નામ. રણછોડ ૩
તારણ ત્રીભુવંત જગતના જીવ,
થાય તમને સમરતામાં શીવ;
ધન્ય ધન્ય સ્મરણુ કરે તે સીવ. રણછોડ ૪

પાવન પ્રભુ પદ રજ કુંજ બિહારી,
જાઉં રાય રણછોડજી બલિહારી;
રાખો ચરણ કીંકરને દીલ ધારી. રણછોડ ૫
રણછોડરાય માહારાજાય દેવા,
ઇચ્છે ભક્ત પ્રેમ થકી તમ સેવા;
હીરા હરી નામ તમારૂં છે મેવા. રણછોડ ૬

હરી ભજવા વિષે.

રાગ—ગોવિંદના ગુણ ગાને તેથી મંગળ થાશે.

હરિને ભજે જન ભાવે ફરી જન્મ ન આવે,
કોટી જનમ ધરી મનુષ્યનો દેહ પ્રભુ દયા કરી પાવે,
ફરી જન્મ ન આવે ૧
કીટ હસ્તી સુધી અવતારો ધરિયા તે ભક્તી અભાવે, ફરી ૨
સ્મરણ કરે જન સુખીયા થાઓ પ્રેમે હરિ ગુણ ગાવે. ફરી. ૩
રામ નામ છે અમૃત સરખું પીઓ અમુલ્ય આ દાવે ફરી ૪
નામ પ્રતાપે બહુ જન તરીયા ધ્રુવ પ્રહ્લાદ જણાવે. ફરી ૫
નામે સબરી સેજ તરી છે હરી નામ રૂપી નાવે, ફરી ૬
નામે અજામીલ પાપી ઉગાર્યો ગુણકા ગુણ દર્શાવે ફરી ૭
હીરાલાલ કહે હરીને ભજીલ્યો જન્મ મરણ ભય જાવે. ફરી ૮

જીવને સમજ વિષે.

રાગ—ક્ષત્રી કંલકનો

ભજભજ પ્રેમથી ભગવાન. આયુષ તારૂ વ્રથા જાયેરે,
રાખ્ય રાખ્ય હરીમાં તુ ધ્યાન. આયુષ્ય ૧
જપ ગોવિંદનાં તુ નામ,
ધર હ્રદયે સુંદીર શ્યામ. આયુષ્ય. ૨
નહી મળે જન્મ વારંવાર, આયુષ્ય.
કર્ય દીલ માહી તુ વિચાર. આયુષ્ય. ૩
માયા જાણજે સઘળી ભુત. આયુષ્ય.
મળી ઉપાધી સરવે ભુત. આયુષ્ય. ૪
ધીક ભજ્યા નહી ભવનાથ, આયુષ્ય.
હીરાલાલ સમર સહસ્ત્ર હાથ. આયુષ્ય. ૫

શ્રી રણછોડરાયજી મહારાજની સ્તુતિ.

રાગ. અલબેલીરે અંબેમાતને વારે જઈએ.

જયરણછોડજી મહારાજ દુખડાં કાપોને,
ટાળો ભવની ઉપાધી આજ દુખડાં કાપોને;
ડાકોરવાસી ટાળો ઉદાસી સમરૂ દીન દયાળરે,
ભકત તણા પ્રભુ ભય હરતા છો નંદ યશોદા બાળ દુખડાં ૧
અધમ ઉદ્ધારણ નામ તમારૂં ભજતાં ભય પળાયરે;
કોટી જન્મનાં પાપ નિવારી શાંન્તી સુખ ફેલાય, દુખડાં ૨
વિશ્વનાથ પ્રભુ છો તમે કર્તા જય જય જગન્નીવાસ;
ડાકોર વાળા બાળક પ્યારા સમરૂ ધરી ઉલ્લાસ. દુખડાં ૩

અવિનાસી છો સર્વ પ્રકાસ ઘટઘટ વ્યાપક વાનરે;
ધન્ય ધન્ય પ્રભુ નામ તમારૂ ધન્ય કાંમ ભગવાન. દુખડાં ૪
આ જગની કીરતાર તમોએ રચી છે જે રચનાયરે;
ધંન્ય ધંન્ય તે પ્રભુથી જોઇને મંન બહુ હરખાય. દુખડાં ૫
અમો અપરાધી અધમ પ્રાણી દયા કરો માહારાજરે;
ભજન આપો ભવ સીન્ધુ તરવા કરવા સુકૃત કાજ. દુખડાં ૬
આ જગ છે ઉપાધીવાળું દેખી દીલ દુભાયરે;
સુખ નથી મુજને સરવેશ્વર તમ નામ વિનાજરાય દુખડાં ૭
આ ભવની પીડા પરજાળી આપો ભકતી ભાવરે
હીરાલાલ ઇચ્છુ હરિ ભજવા ઉત્તમ જે તમો નાવ દુખડાં ૮

ખલક રચના વિષે.

રાગ ધીરાનો.

અવિનાસી ઇશ્વર સાચારે, વ્યાપક છો ખલક ધણી;
જકતઆ નીપજાવ્યુરે, શોભા નહી જાયે ગણી. અવી.
વિશ્વનાથ આ વિશ્વની રચના, કોઇએ ન ગણી શકાય;
પામર જન શું પારજ પ્રીછે ગતી ચાલે ન જરાય;
બ્રહ્માંડના કરતારે સ્મરીએ શિર્ષ મણી. અવી. ૧
સુર્ય ચંદ્ર ને નભમાં તારા જળ ગીરી સીત સમીર,
ધરા અંન ઔષધી અગ્ની મેવા ફળ ફુલ ક્ષીર;
રાત્રીને દીન ઘડીરે મુહુર્ત પળ પ્રહર ભણી. અવી. ૨
માસ તીથીને શુકલ પક્ષ વળી ક્રશ્ન પક્ષ કહેવાય,
પરજન ઊદધિને સરિતાઓ દેવસ્થાનો ન ગણાય;

વરણ ધર્મ ધારીરે અદભુત રચના ઘણી. એવી. ૩
સંત મંહંતને સેવા સ્મરણ ભક્તીને આચાર,
નીયમ યમને શાસ્ત્રો સરવે કાધેલ છે તૈયાર;
હીરા હરી કૃતિએ ગણાય નહી સહસ્ત્ર ફણી એવી. ૪

શ્રી રણછોડરાયજી માહારાજની સ્તુતી. ૭

રાગ. વીરા વેશ્યાના યારી.

જય ડાંકોરવાળા દીનદયાળા જય જય રણછોડરાય,
જય સર્વ ધારા સુખ કરનારા જય જય રણછોડરાય;
ડંકપુરીના વાસી હે દેવા, સૃષ્ટી સરજનહાર,
રણછોડરાય હે રમણેશ જયજય જગદાધાર,
વંદુ વિશ્વ કૃપાલા હે નંદલાલા જયજય. ૧
બોડાણાપર મેહર કરીને પ્રેમે પધાર્યા માહારાજ,
ગુર્જર ભોમીને પાવન કરવા ભકતતણા સીરતાજ;
રસીકેસ કૃપાળા ગીરીધરલાલા. જય જય. ૨
ગૌલકવાસી ટાળો ઉદાસી કરૂણાકર કીરતાર,
લક્ષ્મીપતી અંતરના જામી વંદીએ વારંવાર;
જય ગોમતીવાળા સુકંઠમાળા. જય જય. ૩
હે માધવ મોહનમદ હર્તા કરતા જગત તમામ,
ભક્તીના દાતા ભગતના ત્રાતા શાતા સર્વ વિરામ;
હીરા હરી હર વાલા હે જગપાલા. જય જય. ૪

શ્રી રણછોડરાયજી માહારાજની સ્તુતિ.

રાગ—કામણ કરી ક્યાં જાય નંદનાલાલા.

જય રણછોડરાય માહારાજ દયાળુ દેવા,
રાખો શરણ ભકતને પ્રેમે ઇચ્છીએ સેવા.
જય ડંકપુરીના દેવ ખલ્કના કરતા,
જય વિશ્વ નાથ માહારાજ વિશ્વના ભર્તા.
જય લક્ષ્મી પતી રણછોડ રણને હરતા,
જય ગોમતી તીર નીવાસ પાપ પરજળતા.
મોર મુગટ પીતાંબર કાંને કુંડલ શોભે,
સ્ફાટીક મણિ માળાઓથી મન બહુ લોભે.
વિજય માળ શોભે વિશાળ શુ કંઠે કુસુમની,
ભાલ તીલક કેસર શુ શોભા અરચ્યનની.
વાધા વસ્ત્રો શુશોભીત અંગ ધર્યાં છે,
હ્યન્યોએ હીરા અમુલખ હીમ ભર્યાં છે.
માહારાજ રાય રણછોડ પ્રભુને નમામી,
જય જય રૂસીકેસ દયાળ શ્રીયાના સ્વામી.
માગુ એક અપીલ જગનાથ હ્રદયમાં વ્યાપો,
હીરાલાલને હરદમ ભકતી તમારી આપો.

પ્રભુ નામના મહીમા વીષે. ૯

રાગ. હુતો પ્રભુ જોવાને ગઇતી જુમનાં પાળમાંરે.

જપીએ જપીએ જગદીશ પ્રભુ તમારા નામનેરે, ટેક.
તુજ નાંમેથી પાપજ જાયે સર્વ ઉપાધી દુર પળાયે;
સૌ સીદ્ધી ફળ તેજ ન પાયે ભજતાં સીતા શ્રીરામનેરે. જપી. ૧
પ્રહલાદ પીડા પળમાં ટાળી નરસીંહ રૂપે તો હદવાળી,
ભયથી ભકતને સદ્ય ઉગારી. કીધા છે વિરાંમનેરે. જપી. ૨
મીરાંબાઇનું મન હરી લીધુ, વિષ તણુ અમૃત પ્રભુ કીધું.
હાથો હાથ હરી તમે દીધું જાહેર છે તમામનેરે. જપી. ૩
હીરાલાલ હરદેમાં દેવા, આપો રહી ભકતી ફળ મેવા;
ઇચ્છુ છુ જગદીસજી સેવા, પ્રભુ ચરણુ શરણુના કામનેરે. જપી. ૪

પ્રભુ નામ મહીમા વિષે. ૧૦

રાગ. સાય થસો જગરાય સંકટ વિષે.

ધન્ય તુજ નામ પ્રતાપ શ્રી જગકર્તા ધન્ય તુજ નામ પ્રતાપ,
ભજતાં જનનીસ પાપ શ્રી જગકર્તા ધન્ય તુજ નામ પ્રતાપ. ટેક
નામે અજામીલ પાપી ઉગાર્યો, ત્રીવિધ મુકાયા પ્રભુ તાપ;
નામે સવરી સેજ તરી છે, હરીયા દોષ અમાપ. શ્રી જગ. ૧
નામે ગજને સહાય કરી છે, જપીયો જેણે એકવાર જાપ;
નામે નરસીંહ ભકતને ભાવે શ્રાદ્ધ કીધેલ પ્રભુ આપ શ્રી જગ. ૨
નામે અમરીસ સાય કરી છે. મુકત કીધો હરી આપ,
વ્યાસને સુક દેવ નામે તરીયા પ્રભુ નામનું લેઇ ચાપ. શ્રી જગ. ૩

નામે અનેક ભકત ઉગાર્યાં ટાળી સર્વ સંતાપ
હીરા લાલ કહે વિભુ હે સર્વેશ્વર નામનું રટણુ મને આપ. શ્રી જગ. ૪

જીવાત્માને બોધ.

રાગ—ગઝલ.

મનુષ્ય જન્મ પાંમી પ્રાણી ભજ્યા નહી ભગવાન
રત્ન જન્મ તે ગુમાવ્યો મુરખ હે નાદાંન ૧
મોટા મહેનતે જન્મ આ મળ્યો તુને આવાર,
જપ્યા નહી જગ દીસ જીવ્હે જીવીતને ધીક્કાર. ૨
રાત દીન ધંધા માંહી ધ્યાન તો ધર્યું,
શુક્રીતને સ્મરણુ કાંઇ કીંચીત ના કર્યું. ૩
અનેક જન્મ પ્રાંણીઓના પાંમીઓ અરે,
છેવટે મનુષ્ય રત્ન આવિઓ અરે. ૪
કર્યા વૃથા તે જન્મ સહુ ભજ્યા નહી હરી,
માયાની ઉપાધીઓમાં વૃતીઓ ધરી. ૫
તંન, ધન, પુત્ર, પુત્રી, દારા, પરિવાર,
મોહ્યો માયા મદ વિષે કીધો નહી વીચાર. ૬
ધરીને જ્ઞાન જ્યોત પ્રેમે ભજને શ્રી દયાળ,
આ માયાવિ સુખ સૌ છે આળને પંપાળ. ૭
ત્યાગને ઉપાધી સુખ શ્રીજીમાં સહુ,
હીરાલાલ અરે હે મન ઝાઝુ શુ કહું. ૮

જીવાત્માને બોધ.

રાગ—આવી છે આંણુને માંડવેરે જાદવ કુળની જાંન.

માનવ દેહ મળ્યો તુનેરે સમજ માંનવી આપ,
પ્રભુ ભજવાને ભાવથીરે ગ્રહી લે હરી ચાપ. માનવ.
અનેક જનમ તુ પાંમીઓરે છેવટ મનખા રત્ન,
ભજવા ભુધરને પ્રેમથીરે કરી લેને તું યત્ન. માનવ. ૧
અમર ઇચ્છે અવતારનેરે જપવા જગદીશ જાપ,
સેશ રટે સહસ્ત્ર ફેણથીરે સુખ સીન્ધુ અમાપ માનવ. ૨
પુરણ પુરૂશોતમ શ્રી હરીરે દયાવંતા જે દેવ,
સ્મરણ કરો મન સ્નેહથીરે આપે સુખ તતખેવ માનવ. ૩
જે પ્રભુએ કરુણા કરીરે આપ્યો ઉત્તમ દેહ,
એ હરીને નવ વીસરોરે ફળદાયક તેહ. માનવ. ૪
પશુ ખરના અવતારમાંરે પામ્યા દુખ અપાર.
અણુતોળા ભાર ઉપાડીઆરે ઉંટ થઇ ઘણીવાર. માનવ. ૫
હીસક પ્રાણીમાં પારધીરે મળ્યા વારંવાર
એ દુખદીન સંભાળીનેરે જપ નંદકુમાર. માનવ. ૬
વાંદરને માંઝારનારે ધર્યા બહુ અવતાર,
આહીને અજાની ગણુના વિશેરે કષ્ટ કષ્ટજ સાર, માનવ. ૭
અનેક જનમ તુ લેઇ ચુકયોરે ગણુતાં ગણુના ના થાય,
અંતે મળ્યો મનુખ્યા તુનેરે ભજવા શ્રી યદુરાય, માનવ. ૮
પુર્વ તણા દુખ શ્રમનેરે જો વિચારીને આજ
હીરા હરી હરદર દેમાંરે રાખે સફળ છે કાજ. માનવ. ૯

ગર્ભવાસમાં જીવે કરેલી સ્તુતી.

રાગ—સુણો નરો તમે શાણા, ફજેતા આ કજોડાના.

ઉગારો શ્રી દયાળુ દેવ ખલકના નાથ ઇચ્છું હું સેવ,
બળુ જઠરા તણી જ્વાળે બહુ અગ્ની મુને બાળે;
હરી વિના ન સભાળે બળુ જઠરા તણી જ્વાળે. ટેક.

સાખી.

વિશ્વ નિયંતા હે વિભુ તારણ ત્રીભુવન નાથ,
હારણ કષ્ટ ભક્તનાં પ્રેમે ગ્રહીને હાથ.
પડે વિપત ચડા વારે બળુ જઠરા તણી જ્વાળે. ૧

કૃમીયા ક્રીડા કષ્ટ દે આ ઊદરની માંય,
નાથ નજર કાંઇ કરો અહી ગરીબની બાંય.
નથી અન્ય સાય ઉગારે. બળુ જઠરા. ૨

આ અંધારા કુપમાં દુરગંધી અપાર,
મસ્તક ઉંધે હું પડ્યો કઠીન ચર્મ દુખદાર
પીડાઉ કષ્ટથી ભારે. બળુ જઠરા. ૩

સ્મરણ ન ભુલુ શામળા મુક્ત કરો મમ હાલ,
નીસદીન જાપ જપી રહું તમ સાથે ચીત્ત ચાલ;
કરો પ્રભુ શાન્તી આ કાળે. બળુ જઠરા. ૪

કીંકર આ કંગાલની અર્જ ધરો હરી આપ,
ગર્ભ તણાં અશહ્ય જે હરો કષ્ટમય તાપ;
ભજન નહી મુકુ વિસારે. બળુ જઠરા. ૫

કેસવ કરૂણા કર તમો ગર્ભે દુખ હરનાર,
જીવ તણી સ્તુતી હરી ધરો હૃદય ભયહાર:
તમો વિના નથી મારે. બળુ જઠરા. ૬

પતીત મારી ના પડે દેખી જમને જમાંન.
અવળો ચાલુ અવનીમાં, પકડે મારા કાન;
કોધા ક્રોલો જીવે ભારે, બળુ જઠરા. ૭

સુખના સીન્ધુ શ્રીજીએ કાઢયો જીવને બાહાર,
વિસ્મીત થયો પ્રભુ નામને તજયો કાલ શુમાર;
હીરા માયા વળો ડાળે. બળુ જઠરા. ૮

જીવાત્માની સ્તુતી.

રાગ—બનજારા.

કૃપાવંત તમે સુખકારી જયજય શ્રી દેવ મોરારી,
નાથ પ્રેરક હો મતી મારી જયજય શ્રી દેવ મોરારી. ટેક.
પ્રભુ પાપ અમાપને હરતા પ્રાંણી માત્રના છોરૂ તમે ભરતા,
દયા દીસે છે પ્રભુ ભારી. જયજય શ્રી. ૧
સંકટ સમયે સત્વર આવો દાસ તણા રોમ સમાવોરે,
નાથ છો તમે મંગળકારી. જયજય શ્રી. ૨
પાંમર પીડાઓ પળમાં ટાળી ભક્ત વારેથી હદ વાલી,
લીધાં અનંત જીવ ઉગારી. જયજય શ્રી. ૩
હરદમ રટણ તમારૂં માગુ માયા ઉપાધી સરવે ત્યાગુ,
હીરા રામ જીવ્યા જપનારી. જયજય શ્રી. ૪

પ્રભુની સ્તુતી.

રાગ—ઓધવજી સંદેશો કેજો શામને.

હે દીનબંધુ દયાના સાગર શામળા,
છો તમે અધમ ઉધારણ નાથ જો;
સંકટની વેળાએ આવો શ્રીહરી
પ્રેમેથી ભક્તોને બીડો બાથજો. હે દીનબંધુ. ૧ ટેક

આ જગની રચના રચી તે વિશ્વંભરા,
તેનો કોઇ પામે નહી કદી પાર જો;
હારે સુરાદી સેસ મહેસને ભારતી,
નારદ આદી દેવો પામે હાર જો. હે દીન. ૨

સૂર્ય ચંદ્ર નભ તેજને તારા તે રચ્યા,
તરેહ તરેહનાં વન ઔષધી જોય જો;
રત્નાગર ગાજે પણ હદ મુકે નહી,
સર્વ દેવો પણ નિયમ ન ચુકે કોય જો. હે દીન. ૩

તું જળમાં ને સ્થળમાં પણ પોતે વસ્યો,
તું પાતાળે અંત્રીક્ષે માહારાજ જો;
તું આગળ ને પાછળ છે સહુ દશ દીસમાં,
સર્વ પ્રકાસી સ્વયં પ્રભુ સીરતાજજો. હે દીન. ૪

તું જીવ જંતુ કીટ હસ્તી પોષી રહ્યો,
મનુસા દેહીને આપે છે પ્રભુ અંન જો;
સાંજ પડે સંભારે છે જન સર્વને,
દેઇ ખોરાક રાખે છે પસન્ન જો. હે દીન. ૫

જાણે છે તનની ને મનની સર્વની,
વ્યાપી રહ્યો છે ઘટઘટમાં અવિનાસ જો;
ગુપ્તમાં ગુપ્ત નથી અજાણ્યું તાણ્યું,
સર્વ સ્થળે સચરાચર શ્રી હરી વાસ જો. હે દીન. ૬
પાપ અમાપ ભર્યાં છે શ્રી હરી મુજમાં,
ને તું જાણે દીન વત્સલ ભગવાન જો;
શું વર્ણન કરૂં હું મુંહ મમ હોપનું,
ગણતાં ગણતી થાય નહીં નીધાન જો. હે દીન. ૭

હે મહારાજ સ્વાર્થને માટે હું ફર્યો,
કામ ક્રોધ ને લોભે લાલચ દીધી જો;
નહી કરવાનાં કામો મેં બહુ આદર્યાં
પાપ પ્રપંચે વૃત્તિઓ અતિ કીધી જો. હે દીન. ૮
ઘર કામે હું સત્વર ચરણે ચાલીઓ,
હરી કથામાં જાવા ડગ નવ દીધું જો;
રૂડી રસોઇનાં મીષ્ટાંનો હું બહુ જમ્યો,
પરમાર્થમાં પુરૂં ન આપ્યું સીધું જો. હે દીન. ૯

લખણીઓ ધર્માદાની આલે જ્યાંહાં,
ત્યાં કોડી પણ દેવાયા નથી દામ જો;
ખરીદ કરી ટીકીટો નાટકમાં જઇ,
બેઠો ચઢેલી ખુરસીએ આરામ જો. હે દીન. ૧૦

સત સંગત સ્વપ્નામાં મે કીધી નથી,
ખેલ્યાં સોગટાં જોડે ગંજી પાન જો;

હરામ વાતો હરદેમાં આવી વસી,
મિથ્યા માયાવાળીએ એમાં તાન જો. હે દીન. ૧૧

બહુ ઠગાઇ આ કરીને લોક ભમાવીયા,
જુઠો ઢોંગને જુઠા સર્વે કોણ જો;
જુઠે જુઠુ મેં તો સર્વે મેળવ્યું,
જુઠુ આપ્યું ને જુઠુ સર્વે લેણુ જો. હે દીન. ૧૨

કપટ કરીને બાજી જગમાં આદરી,
કપટે કપટી કીધા છે બહુ મીત્ર જો;
કપટ કપટ ને કપટ રહ્યું હ્રદયે રમી,
નીસદીન જેનાં પાપ તણાં છે ચીત્ર જો. હે દીન, ૧૩

હે ન્યાયી ઇશ્વર તું સર્વેમાં વસ્યો,
આપી સુમતીને ટાળો પાપ અમાપ જો;
સંકટની વેળાએ આવી શ્રી હરી.
હીરાના પ્રભુ હરશો સર્વે તાપ જો. હે દીન. ૧૪

જગતને મીથ્યા અને હરી સ્તવન વીશે.

દોહેરા પાઠ પુરતી છે.

હે મનવા તું જાણ જે, મીથ્યા આ સંસાર,
બાજી જુઠી સહી સર્વ છે ભજ શ્રી નંદકુમાર. ૧

કોના પુત્ર પુત્રીઓ કોનો આ પરિવાર,
મીથ્યા વાડી સહુ હીરો ભજ શ્રી નંદકુમાર. ૨

ખોટા આ સંસારમાં માત પીતાને નારે,
જુઠી માયામાં ભજ્યા ભજ શ્રી નંદકુમાર ૩
ધન મદ ઘર ના માનવી પાપ વૃત્તિ ધિક્કાર;
છે માયા પ્રપંચ સહુ ભજ શ્રી નંદકુમાર ૪
કોના વાડી બંગલા કોના છે ઘરબાર,
અંતે જાવું એકલું ભજ શ્રી નંદકુમાર. ૫
મેના પાલખી ચારઠો ચતુરંગી તોખાર,
એ સર્વે અહીંયાં રહે ભજ શ્રી નંદકુમાર. ૬
માન મર્તબો સાહેબી ઉંચો જે અધિકાર,
તે ન આવે સાથ તુજ ભજ શ્રી નંદકુમાર, ૭
બારી મેહેલ અટારીઓ રૂડી રંગી હાર,
એ મીથ્યા ચીજો સહુ ભજ શ્રી નંદકુમાર. ૮
મુલ્યવાન સોના તણા ઉત્તમ અલંકાર,
એ અંગે ઉતરે ભજ શ્રી નંદકુમાર. ૯
ભાત ભાતનાં વસ્ત્ર જે શોભે વધુ ધરનાર,
એ પોષાકો અહી રહે, ભજ શ્રી નંદકુમાર. ૧૦
જેની ધાકે ધ્રુજતા, એવાના ઉદ્ગાર,
સંભારી જો તે નથી, ભજ નંદકુમાર ૧૧
જે ચઢતા અંબાડીએ, વદે સેવક જયકાર,
કાળે કીધા કોળીયા, ભજ શ્રી નંદકુમાર ૧૨
વૈભવને કિરતી સહુ, શું ગાયે નરનાર,
બાહુ બાહુ રાજાઓ નથી, ભજ શ્રી નંદકુમાર ૧૩

જે ધન પતી લાખની, કરતા હુંડી સિકાર.
કાળે ઝંપલાવ્યા સહુ ભજ શ્રી નંદકુમાર. ૧૪

જુઠા આ સંસારમાં, મળે નહી કંઇ સાર,
મીથ્યા માયાને તજી ભજશ્રી નંદકુમાર. ૧૫

માયા છે બહુ મોહની કામ ક્રોધ દુઃખ દ્વાર,
ખટ શત્રુઓ ત્યાગીને ભજ શ્રીનંદકુમાર. ૧૬

કોણુ રંક ને રાજવી કાળ દાઢ પડનાર,
મનધારી મનવા સદા ભજ શ્રી નંદકુમાર. ૧૭

જાણુ જરૂર વિચારજે ઊરમાંહે અંધાર,
નીતી રૂડી સાચવી ભજ શ્રી નંદકુમાર. ૧૮

મન જીતે સહુ જીતવું મનની હારે હાર,
માયાને મનથી તજી ભજ શ્રી નંદકુમાર. ૧૯

જાવાને પરલોકમાં થાવા જય જયકાર,
ભવાબ્ધી દુખ નિવારવા ભજ શ્રી નંદકુમાર. ૨૦

જન્મ મરણુના દુખને મન બોધે નિવાર,
તુ તારો બન્ધુ થઇ ભજ શ્રી નંદકુમાર. ૨૧

સત્ય જ્ઞાનને ધર્મના ગ્રહી લે સદાચાર,
હીરાલાલ હરી હેતથી ભજ શ્રી નંદકુમાર. ૨૨

અથા જીવન ગાળવા વિષે.

મનહર છંદ.

કાંઇક દીવસ બાળાપણમાં ગયાજ ખરે,
જ્ઞાન હીન બુદ્ધી વિના વખત ગુમાવ્યા છે;
કાંઇક દીવસ મોટો થઈ બહુ રમતમાં;
ગમતમાં ગાન તાને આયુષ વવાયા છે.
કાંઇક દીવસ યુવા યુવતીમાં આનંદેથી,
વિલાસોમાં મગ્ન થઇ દીવસો વિતાવ્યા છે;
કહે હીરાલલ અરે આયુઃ વૃથા જાય ખરે,
પ્રાણી પ્રભુ ભજે નહી પાપમાં ભરાયા છે. ૨

મનહર છંદ.

કાંઇક દીવસ હય હાથીના વાહને ચડયા,
કાંઇક દીવસ કેશ પોશાકો બનાવ્યા છે:
કાંઇક દીવસ અલંકારની ઉપાધી કરી,
માનની ખાતર ઘાટ નકસી ઘડાવ્યા છે.
કાંઇક દીવસ રાજ કાજને સંભારી ભારી,
સમતમાં નીશાનના ડંકા ગગડાવ્યા છે;
કહે હીરાલાલ અરે ભજ્યા ન પ્રભુને ખરે,
ઊમરના દીવસોએ અફળ ચલાવ્યા છે. ૧

મનહર છંદ.

કાંઇક દીવસ વડ વેપારી બનીને ઠીક,
હુંડીઓ પ્રદેશ માંહી લખી ને લખાવી છે;

કોઇક દીવસ નામા ઠામાનો હીસાબ કરી,
બદામની ભુલ ગણી ગણી હાથ લાવી છે.
કોઇક દીવસ તોલ કરી બોલે બોલે ફરી,
સત્તાણુ સત્તાણુ કહી ગણત્રી ગણાવી છે;
કહે હીરાલાલ હરી ભજ્યા ન જંજાળી જન,
ઊમરના વરસની અંતતા આવી છે.

પ્રભુને જવાબ દેવાનો છે તે વીશે.

રાગ—હું તો પ્રભુ જોવાને ગઇતી જુમનાં પાળમાંરે.

જવાબ દેવો પડશે જીવડા પ્રભુ દરબારમાંરે ટેક.
કામ કરો છો કુડાં અતીશે કામ ક્રોધ મદ ધરીને રીતે;
માયામાં મન લાગ્યું દીસે વિકટ સંસારમાંરે જવાબ. ૧
દયા લેશ નથી આ તનમાં મેલ ભર્યા પાપોના મનમાં,
સ્વાર્થ પરાયણ થયો તું ધનમાં ખરે ખપ્યો ગુમાનરમાંરે; જવાબ. ૨
આખી ઉમ્મર અડબંગાઇએ વહી નાંખી છે અતિ ઠગાઇએ,
પાપ ગાંસડીએ તે સવાઇએ કીધી છે કુલ ભારમાંરે. જવાબ. ૩
મન માને તેમ માહાલો જગમાં દેસ વેર રાખી રગ રગમાં,
અન્તે પછડાશો તમે નગમાં દુઃખ તણા વિસ્તારમાંરે. જવાબ. ૪
અસત્ય વચનથી દુઃખીયા થાસો પાપ કર્મ કરીને પસ્તાસો,
અન્તે યમદ્વારે તમે જાશો માહા નર્ક અંધારમાંરે. જવાબ. ૫
હીરાલાલ કહે નીતી રાખો દયા દીનતા સત્યજ ભાખો,
પાપકર્મ કદીએ નવ દાખો ઊતરશો ભવપારમાંરે. જવાબ. ૬

પ્રભુ સંભાળ લે છે તે વીશે.

રાગ—જબરો કાલ ઝપાટોરે કોઇ ચેતણહારા ચેતો.

ચીન્તા ચતુર્ભુજનેરે સરવે જગત તણી. ટેક.

કીડીને કણ હાથીને મણ આપે છે જગરાય,
માન સરોવરે હંસને મોતી તરૂવરે પક્ષી પાય. ચીન્તા. ૧
તુરંગને ઘર બાંધે આપે વનચર વન સમક્ષ,
મોરને મેરૂ ઊપર પોષણ પરમેશ્વરનું લક્ષ. ચીન્તા. ૨
જે પ્રાણીને[1] પયનો આહારજ તેને પય પ્રભુ આપે,
પય સાગર તટ જન્મ આપીને કષ્ટજ તેનું કાપે ચીન્તા. ૩
રજકણથી પણ નાજુકડાને સંભારે નીસદીન,
નાના મોટા જીવ જંતુના પુરન—હાર પ્રવીન. ચીન્તા. ૪
હે માહારાજ સકલ સંસારની ચીન્તા ઉરમાં આણો,
હીરાલાલની અરજી હરજી પવિત્ર હૃદયમાં જાણો. ચીન્તા. ૫

મનને સમજ વિશે.

રાગ ધીરાનો.

વારૂ મારા મનવારે વસ્ના હેવીનો ત્યાગ કરો,
વૈભોગ સરવે વૃથારે કલ્પના ખોટી પરહરો. વારૂ મારા. ટેક
ધન ઇચ્છો પણ સુખ નથી ધનમાં, મળશે નહિ વિશ્રામ,
ત્રીયા ઇછો પણ નથી ત્રીયામાં સુખ તણું કાંઇ નામ,
હરિભજન ને સુકેરે, પાપ માંહી પડે ખરો. વારૂ મારા. ૧

---

૧ એક જાતનું પક્ષી દુધના આહારેજ રહે છે.

ઇંદ્ર થકી સુખ અદકુ અવનીમાં ભોગવે કો નરનાર,
પણ ત્રસ્ના વધે દીનદીન સુખ પામે ન લગાર;
મન નવ જીતેરે સુખ ક્યાંથી પામે નરો. વારૂ મારા. ૨
ગગન ગાજતી કરે હવેલી મુકે વિધ વિધ ચીત્ર,
વૈભોગનો કાંઇ પાર ન હોયે ઇચ્છીત હોયે મીત્ર;
ત્યાં ત્રસ્ના દેવીનોરે પડછંયો આવીનેજ ફર્યો. વારૂ મારા. ૩
ગરીબ જન મનમાં ન આંણો ધન માંહી હશે સુખ,
પરીવાર ભાળી એકીલા પામશો નહી દુખ;
માત્ર મનના વરમજરે બીજું કાંઇ ચેન હરો. વારૂ મારા. ૪
જે પ્રભુએ આપ્યું છે તમો સુખ માંનોને સદાય,
માત્ર કલ્પના ખોટી ત્યાગી પ્રેમે ભજને યદુરાય;
હીરાલાલ કહેછેરે સંતોષ ઉર માંહી ધરો. વારૂ મારા. ૫

શ્રીકૃષ્ણ પરમાત્માની સ્તુતી.

(શ્રી કરન બત્રીશી.)

દોહરા. (પાદ પુરતી)

જયજય કૃષ્ણચંદ્રશ્રી આનંદ કંદ દયાલ;
વંદુ નંદના નંદને જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧
ભક્ત કારણે ભાવથી ધારી અંતરે વહાલ;
નંદદ્વારે જન્મ્યા પ્રભુ, જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨
ગોપી પ્રીય ગોવિંદ હે ગૌ ચારન ગોપાલ;
ગોમતી વાસ ગદાધર જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૩

ગોવર્ધન અંગુશ્ઠ ધર્યો મદ હર્તા વ્રજલાલ;
ઇંદ્ર ગર્વ ઉતારીયો જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૪
વ્રજનારી પ્યારી અતી ભક્તી ભાવ વિશાલ;
રાસ રમાડી સોળસે જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૫
બળિભદ્રના બાંધવા નંદ યશોદા બાલ;
કરૂણાસાગર છો પ્રભુ જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૬
યમુના તટ આનંદશુ ખેલ્યા બંસી ખ્યાલ;
ગોપ સકલ સંતોશીયા જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૭
સુક્ષ્મ દીર્ઘ સ્વરૂપથી આણી રૂડો તાલ;
માત યશોદા રીઝવ્યાં જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૮
કાલીંદ્રી તટ વિસની હેતો તો જે જ્વાલ;
કાલીનાગ નાથીયો જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૯
અગાસૂરો બગાસૂરો કીધા કપટી કાર;
પૂતનાને પતન કરી જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૦
કપટી કુડા કંસનો ધ્વંસ કર્યો વિશાલ;
માતપિતા છોડાવિયાં જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૧
દેવ તણાં બંધન હર્યાં જગકર્તા પતિપાલ;
ગૌ બ્રાહ્મણ સંતોષીયા જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૨
છપન કોટિ યાદવો નવનિધ સંપત બાલ;
યશ વર્તાયો વિશ્વમાં જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૩
ભીમકરાય તણી સુતા પરિણિ તે પર વહાલ;
રૂક્માણી હર્ણું કરી અહી જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૪

સ્વામી શતભામા તણા કાળ તણા છો કાળ;
કુબજ્યા મોહી હાવથી જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૫
શીશુપાલ શીર છેદીઉ કીધા બુરા હાલ;
જરાસંધનો વધ કર્યો જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૬
પાન્ડવની પ્રભુ પ્રેમથી રાખી બહુ સંભાળ;
લાક્ષાગ્રહે ઉગારીયા જય શ્રીકૃષ્ણ કૃપાળ. ૧૭
પાંચાળીને પીડતાં ધાયા સત્વર ચાલ;
નવસે ચીર પૂરીયાં જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૮
ભક્તોની રક્ષા કરી બન ગીરીએ બ્યાલ;
સંભારે ઝટ આવીયા જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૧૯
કૌરવ દળને કાપવા [1]પાન્ડવ કરવા ન્યાલ;
[2]શતપક્ષે પોતે રહ્યા જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૦
કૌરવ કપટીને હણી કરીયા પાયમાલ;
ભાર હણ્યો પૃથ્વીતણો જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૧
પાંન્ડવ લાડ લડાવિયા આપી સુખ રસાલ;
યજ્ઞ કરાવ્યો કોડથી જય શ્રીકૃષ્ણ કૃપાલ, ૨૨
બહુ ગર્વાધિન મદ તણા ભારી હતા ભુપાલ;
એ મદ સરવેનો હણ્યો જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૩
[3]પાર્થ પ્રત્યે બહુ ભાવથી વરત્યા શ્રી નંદલાલ;
જ્ઞાન બોધ દીધો હરી જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૪
વિશ્વરૂપ[4] બતાવીઉ ચૌદ લોક જગપાલ;
વૈરાટે વ્યાપી રહ્યા જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૫

---

૧ પાંડવોને રાજ્ય આપવા. ૨ સત્યનો પક્ષ. ૩ અર્જુન. ૪ વૈરાટ સ્વરૂપ.

બોધ દીધો અર્જુનને માયાફંદ કરાલ;
વિશ્વ રાખ્યું નીજ ઉદરે જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૬

સુખીયા પાન્ડવને કર્યાં દુખ નાંખીઉ ટાલ;
રીધ સીધ આપી બહુ જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૭

મદ ચઢીયા જે યાદવો ભરતા ભારી ફાલ;
અન્યો અન્ય કપાવિયા[1] જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૮

મંગલકારી છો પ્રભુ પાળક પાપ પ્રજાલ;
દોષ હરો મુજ દુષ્ટના જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૨૯

કૃષ્ણ કૃષ્ણ શ્રીકૃષ્ણજી નંદ તણા છો લાલ;
કૃષ્ણ કૃષ્ણ કરૂણા કરો જય શ્રીકૃષ્ણ કૃપાળ. ૩૦

ભ્રગુભાન સુતાપતિ રાધાકાંન્ત દયાલ;
જાંબુવંતી જીવન હરી જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૩૧

કૃષ્ણ નામ ભજવા સદા દેજો સનમતિ બાળ;
હીરાલાલના હ્રદયમાં જય શ્રીકૃષ્ણ કૃપાલ. ૩૨

બોધ બત્રીસી.

દોહરા.

હીરા જગમાં જન્મીને ભજ્યા નહી ભગવાંન;
વ્રથા જનમ ગુમાવિઓ મુરખ જીવન દાંન. ૧

૧ યાદવાનો નાશ.

હીરા ઉત્તમ જે મળો મનુષ્યનો અવતાર;
વૃથા કરીશ ન જીવડા કર સ્મરણુ કિરતાર. ૨

હીરા હરીને હેતથી હરદે માંહી રાખ;
કામ ક્રોધ મદ લોભને દુર કાડિને નાંખ. ૩

હીરા હરી વિના નથી અંન્તે કોઈજ સાય;
માટે ભજીલે પ્રેમથી સાચા શ્રી યદુરાય. ૪

હીરા માયા ફંદ છે ઝાંઝવા નિર પ્રમાંણુ;
આતશ બાજી તુલ્ય છે માંની લે નિવાંણુ. ૫

હીરા માયામાં વળી કરે તુ અવળાં કાંમ;
ભજે નહી ભગવંત રૂદે ન રાખે રાંમ. ૬

હીરા આ જગ જાંણજે સ્વાર્થીઓ સંસાર;
નામ વિના નહી સાથેહો આવે તુજ લગાર. ૭

હીરા માયા બહુ બુરી બુરાં ફળ દે દુખ;
આશા તો છુટે નહી ક્યારે ભાગે ભુખ. ૮

હીરા આ સંસારમાં નામ સારનો સાર;
નામ ભરોસેં સેજમાં ઉતરી એ ભવ પાર. ૯

હીરા જગમાં સ્વાર્થી મળ્યા છે વારંવાર;
સ્વારથ માટે ફુટતા સાફુટ પેટ અપાર. ૧૦

હીરા જગમાં ફંદ છે માયાએ ફેલાય;
ભજે પ્રભુને જે જનો ભવ સંકટ હરાય. ૧૧

હીરા હરીના નામ વિણુ અન્ય વાત છે ધુળ;
દયાદીનતા સત્યતા એજ ધર્મનું મુળ. ૧૨

હીરા પશુ પક્ષી ટળી પામ્યો માનવ દેહ;
કરી લે સાર્થક દેહનુ રાખી પ્રભુ શુ સ્નેહ. ૧૩

હીરા હરીજન જાણીએ રટે રામને જેહ;
કુથલી ચાડી દુષ્ટતા, દુર કરી દે એહ. ૧૪

હીરા હરીના જનતે સત્ય વદેજ સદાય;
પરનારીનો સંગ એ કરે નહીજ કદાય. ૧૫

હીરા હરીને રીઝવો પાળો સદ્આચાર;
દયા ધર્મ નીતી ગ્રહી ઉતરોને ભવ પાર. ૧૬

હીરા હરી સ્મરણથી પાપ સકલ પ્રજલાય;
જેમ ત્રણ[1] અગ્નીએ બળે હરિ નામે એમ થાય. ૧૭

હીરા રામ ભજનમાં થાને તુ એક તાર;
સાચી ભક્તી એ કરી રીઝવ જગદાધાર. ૧૮

હીરા શ્રી હરિહર તણુ નથી અજાણ્યું કાંમ;
ઘટ ઘટના વ્યાપીક છે જાણે ભીતર સાંમ, ૧૯

હીરા હરીને ઓળખો જ્ઞાન જ્યોત[2] પ્રકાસ;
સાચા પ્રેમે શ્રી હરિ રટણ કરોને ખાસ. ૨૦

હીરા હરિને હેતથી રાખો હૃદયા સાથ;
નીતિ રૂડી સાચવી પ્રસન કરો જગનાથ. ૨૧

હીરા પ્રેમ થકી પ્રભુ રીઝે છે જગપાલ[3];
શુદ્ધ પ્રેમ રાખીજનો સમરો દિન દયાલ. ૨૨

---

૧ ઘાસ. ૨ દીપક. ૩ પ્રભુ પાલણ કરનાર.

હીરા હરિના નાંમની ધુન્ય લગાવો જન;
ચાર પદારથ ભક્તીમાં મેળવજો તમે મંન. ૨૩

હીરા હરિના નાંમમાં અનંત ગુણ કેવાય;
ક્ષમા કરે અપરાધને જે પોતે જગરાય. ૨૪

હીરા પ્રભુના નામમાં ખર્ચ ન થાય લગાર;
ઇચ્છીત ફળ છે ભજનમાં પ્રેમ પદારથ ચાર. ૨૫

હીરા હરિના નામથી વિઘ્ન સકલ હરાય;
રોગ શત્રુનો ભય ટળે દુખ દારીદ્ર જાય. ૨૬

હીરા પ્રભુને જે ભજે તેનું પુરણ ભાગ્ય;
શુક્રીત ઉદય પાંમીએ કામાદી ખલ ત્યાગ. ૨૭

હીરા નામ તણી સદા મોટી પદવી એક;
ધ્રુવ પ્રહલાદે મેળવી રાખ્યા રૂડા ટેક. ૨૮

હીરા નામ વિશે રહ્યા બહુ ગુણ્યને ખ્યાત;
સવરી એજ તરી ગઇ અધમ જાત કોશત. ૨૯

હીરા લક્ષ્મી વર પ્રભુ લાગુ પ્રેમે પાય;
સાચી ભક્તી આપજો માગુ એજ સદાય. ૩૦

હીરા હરિ હર દે વસી દેશો સુમતી આપ;
શરણુ ચરણમાં રાખજો ટાળો દુખ સંતાપ. ૩૧

હીરા હરિ દે નામને અત્યંત ઇચ્છુ કાંય;
હીરાલાલને હેતથી રાખો રહયા સાંય. ૩૨

શ્રી રામચંદ્રજીની સ્તુતિ.

દોહરા.

જય રવિકુળ ભૂષણ પ્રભુ રાજીવલોચન રામ.
વંદૂ વિશ્વ પાહીને શ્રી પતિ સુંદીર શ્યામ. ૧
જય વિસ્તુ અવતારી હે દેવ દ્વિજ જન કાજ,
જય વિજય માટે હરી જન્મ ધર્યો માહારાજ. ૨
દશરથ દારે દયા કરી કુક્ષે કૌશલ્યાય,
જન્મ્યા જગ વંદન જ્યાં પુર અયોદ્ધા માંય. ૩
બાળ વયે વિદ્યા ભણ્યા વેદ વશિષ્ટની પાસ,
બ્રહ્મ જ્ઞાન હ્રદયે ધર્યું પોતે શ્રી અવિનાશ, ૪
વિશ્વામિત્ર યાચક થઇ યાચ્યા રામને આપ,
લક્ષ્મણ સહીત રક્ષા કરી ટાળ્યા રૂશી સંતાપ. ૫
હણી શુબાહુ તાડીકા ખર દુઃખર માહાકાય
યજ્ઞ કરાવ્યો કોડથી હર્ખ્યા શ્રી રૂષીરાય ૬
ત્ર્યંબક સીવ ખંડન કરી વરીયા જનકનિ બાળ.
ફરસી[1]ધરના રોસને સાંસ કર્યો તત્કાળ. ૭
પીતુ વચનને પાળવા પળ્યા પ્રભુ વનવાસ,
દેવ તણાં દુઃખ કાપવા વન ગ્રહણ કર્યું ખાસ ૮
અવધ બિહારી વન વિષે ચાલ્યા છોડી રાજ,
દીવ્ય લોક દશરથ ગયા માની દુઃખ જહાજ. ૯
સીતા સતિ હરી ગયો રાવણ પાપી મંદ,

---

૧ પરસુરામ.

ભુભાર હણવા શ્રી હરિ ધાર્યું કાર્યજ ગૂઢ. ૧૦
સુગ્રીવ સુમૈત્રી કરી વાળી કીધો નાસ,
હનુમંતા દીસ હુમળી શ્રીની કરી તપાસ. ૧૧
ગઢ લંકા જાવા પ્રભુ સમુદ્ર બાંધી પાજ,
સૈન્ય સકળ ઉતારીઉ શ્રી પતિ ગરિબ નિવાજ. ૧૨
અનેક યોદ્ધાઓ હણ્યા અસૂર જે બળવાન,
કુંભકરણુ આદી સહુ પામ્યા પતન નિધાંન. ૧૩
અંતે રાવણુને હણ્યો કાપીને દશ શીષ,
દેવ પ્રસન્ન સર્વે કર્યા પોતે શ્રી જગદીસ. ૧૪
વીભીક્ષણુને પ્રેમથી આપ્યું લંકાં રાજ,
સીતા લેઇ પાછા વળ્યા કરી દેવનાં કાજ. ૧૫
ભ્રાત સર્વને ભાવથી સંતોષ્યા રઘુનાથ,
અતિ આનંદે અવધમાં હર્ષ પામીયો સાથ. ૧૬
માત કૌસલ્યા રીઝવ્યાં કરી રૂડી સેવાય,
આઠે પ્રહર આજ્ઞા વિષે રહેતા શ્રી રઘુરાય. ૧૭
યજ્ઞ યાગ રૂડા કર્યાં દીધાં વિપ્રને દાન,
વર્ણાશ્રમને પાળિયો પોતે શ્રી ભગવાન. ૧૮
પ્રજા સર્વને પ્રેમથી પાળી પુત્ર સમાન,
નીર પક્ષે ન્યાયી થયા ધર્યું ધર્મનું જ્ઞાંન. ૧૯
રાજીવલોચન રામજી કરૂણા સાગર દેવ.
ભક્ત કારણે ભુ વિષે ધર્યો દેહ તત્મેવ. ૨૦
સોળ કળાએ શોભતા કોટીક કંદ્રપ રૂપ,
મોર મુગટ મુસ્તક ધર્યો નિરખ્યા શ્રી ભગ ભુપ. ૨૧

કરી કંદોરા ઓપતા કંઠે મુક્તા માલ;
અમુલ્ય શણગારો ધર્યા કૌશલ્યાના બાળ ૨૨
અમુલખ હીરા હારમાં પહેર્યા શ્રી જગનાથ,
દસરથ નંદન રામજી દે દર્શન સહુ સાથ. ૨૩
ધનુષ્ય બાણ કરમાં ગ્રહી દેતા અસુરને દંડ,
કોટી દૈત્યો મારિયા અવધ પતિએ પ્રચંડ. ૨૪
સવરીપર કરૂણા કરી આરોગ્યા પ્રભુ બોર,
જાતિ અધમ કિરાતને[1] તારી આપ કીશોર. ૨૫
અનેક ભક્તો તારીયા તમ નામે શાક્ષાત,
ગણતાં ગણના થાય નહી રામચંદ્ર જગ તાત. ૨૬
શુક સૌનક સેવન કરે સેસ ધરંતા ધ્યાન,
હર સમરે નીત્યે પ્રભુ ધુન્ય વિરંચિવાન ૨૭
હે વ્યાપક કરૂણાકર આદી મધ્યને અંત,
સાચા શ્રી હરિ રામજી સ્તવન નામ સુખવંત. ૨૮
રામ રામ શ્રી રામજી રામ રામ જગ પાલ,
રામ રામ વિશ્વે વસ્યા રામ સકલ સંભાળ. ૨૯
રામ દયાળુ છો પ્રભુ રામ કૃપા કરનાર,
રામ ભક્તી આપો સદા મોક્ષ રામ આધાર. ૩૦
રામ રામ હ્રદયે વસો આપો પુર્ણ વાહાલ;
રામ રામ ઇચ્છુ અહર: પ્રીતિ પરમ દયાલ. ૩૧
રામ રામ હ્રદયે રમો શ્રીપતિ ભક્ત કૃપાલ;
અષ્ટ પ્રહર તુજ નામને ઇચ્છે હીરાલાલ. ૩૨

---

૧ ભીલ.

શ્રી માહાદેવજીની સ્તુતી.

છપય છંદ.

જય ઉમાપતિ દેવ જય શંભુ માહાદેવા;
જય કૈલાસા ધીશ ડાકડમરૂ ધર એવા.
જય અમીશ્વર[२] અવિનાસ વ્રસભપર કર્તા સ્વારી,
જય ત્રીલોચન નાથ જય જય શ્રી ત્રીપુરારિ.
જય પાર્વતીના હે પતી શંભુ તમો સુખદાય છો;
હીરાલાલ હર પુજશે તેને સહાયે સાય છો.

છપય છંદ.

જય વરદાયક દેવ મન વાંછીત તુ આપે,
જય વરદાયક દેવ કષ્ટ કોટી જન કાપે.
જય વરદાયક દેવ વિરંચી[२] વિશ્નું ભજતા,
જય વરદાયક દેવ નામે ભુતાદી તજતા.
જય જય ગીરજાવર પ્રભુ કલ્યાણ[૩] નામ તારૂં સહી,
હીરાલાલ હર નામથી સીદ્ધિ મુક્તિ ઉભયો કહી.

છપય છંદ.

જય ગંગાધર રૂદ્ર નમામી શિવ હર સ્વામી,
જય ગંગાધર રૂદ્ર વ્યંગ મૃદંગ સ્વરામી.
જય ડમરૂધર રૂદ્ર ચર્માંબર ધર હર દેવા,
જય ઉમીયા અવિનાસ વરદાયક સુખ મેવા.

---

૧ સર્પ ૨ બ્રહ્મા ૩ મોક્ષનું સ્થાન.

જય કૈલાસપતિ પ્રભુ માહાદેવ માહારાજ છો,
હીરાલાલ હર દીનના શીર તણા તમે તાજ છો.

મનહર છંદ.

દીનના દયાળુ દેવ દુખ્ખ હર દયાનીધે;
સુખ્ખકર શ્વામી સાચા ભય હર આપ છો.
કૈલાસના પતિ મતીવાંન માહારાજ અતિ;
સતિના શ્વામી હે સીવ માહા મંત્ર જાપ છો.
ભક્તોની ચઢીને વારે સંકટથી તુંજ તારે;
ભજે તે કદી ન હારે સહુ કાપ કાપ છો.
કહે હીરાલાલ હર હ્રદયમાં વાસ ધર:
અહર્નીસ ભક્તીભર સદાશીવ બાપ છો.

રાગ. આશાઉડી.

જય જય શ્રી ત્રીપુરારી સદાસીવ જય જય શ્રી ત્રીપુરારી,
નામ છે. મંગલકારી સદા સીવ જય જય શ્રી ત્રીપુરારી;
અર્ધાંગે ઉમીયાજી ધાર્યા ભાલે ચંદ્ર સુખ્ખકારી સદાસીવ. ૧
ત્રી નેત્રે કામ દહન કર્યાં છે હણીયો દૈત્ય ત્રીપુરારી. સદાસીવ. ૨
ડાક ડમરૂ ધર હર દેવા ગંગ જટા માંહી ધારી. સદા. ૩
સર્વાંગે શુવિભુતી[૧] લગાવી જાઉ સ્વરૂપે બલીહારી સદા. ૪
ભક્ત તાણા પ્રભુ ભય હરનારા નામ ઉપર જાઉ વારી. સદા. ૫
હીરાલાલને ચરણે રાખો કીંકર જાંણી હ્યો તારી. સદા. ૬

---

૧ ભસ્મ.

શ્રી જગતંબાની સ્તુતી.

(શ્રી અંબાજી માતાની)

રાગ ડરમાં તુ દીલ સાથ છોકરા ડરમાં તુ દીલ સાથ.

તારો છે આધાર ઇશ્વરી તારો છે આધાર;
દયાવંતી દુખ હરનાર ઇશ્વરી તારો છે આધાર.
અંબીકા નામુ તુને જુગમાતા જગતને સાય કરો સુખ દાતા;
તુ જનની સદાયે ભય ત્રાતા[1] તને સમરે એ દુખે દુર થાતા.
પાવન નામ નીરંજની ખ્યાતા (અંબીકા સદાય સહાય થા.)
સુખકર અખુટ ભર ભંડાર ઇશ્વરી તારો છે આધાર. ૧

પાપ તાપ સહુ દોસ દબાવી દુખહર સટીનું તુ માહાનુભાવી;
વિવિધ તરંગના રોગ હઠાવી વિશ્વને સુખ સમુહમાં લાવી.
એજ આશા જગને દે બતાવી (અંબીકા સદાયે શાન્તી આપો.
પાવની પદરજ પ્રભાવનો નહી પાર ઇશ્વરી તારો છે આધાર. ૨

તુછે દયાળી ગબરવાળી ચાચરચોક ને ડુગરવાળી;
આદ્ય સતીમા આનંદકારી અહર્નીસ[2] નામજ પુન્યકારી.
સ્વરૂપ સુઘડ કાંન્તી કૃપાળી (માજી દર્શન દેવા કૃપા કરશો)
જ્યોતિ તેજોમય[3] ઝળકાર ઇશ્વરી તારો છે આધાર ૩

શણગાર સોળ સજ્યા જગમાતે સાડી કમખો પહેરા ભલી ભાતે;
નેપુર ચરણે કુંડલ કરણે કાજળ નયણે સુંદીર વરણે;
શોભાં દીસે સહુ ગુણની ખ્યાતે (હે માજી અપાર સોભાવાળાં છો.)
સમરે હીરો વારંવાર ઇશ્વરી તારો છે આધાર ૪

---

૧ રક્ષણ કરનાર. ૨ રાત દીવસ. ૩ તેજસ્વી.

સંસ્કારી મનુષ્યોને જ્ઞાનામૃત.

૧ આ ભારત ભુમીને વિષે, મનુષ્ય જન્મ થયો એમ ઉદ ભાગ્ય સમજવુ અને તે સમજવાની સાથે સદ વર્તન રાખવું.

૨ બ્રાહ્મણ ક્ષત્રી વૈસ્ય વિગેરેએ, મળેલા ઉત્તમ જન્મથી કાંઇક બની શકે તેટલુ સાર્થક કરવુ.

૩ મોટા પુણ્ય કરી સ્વર્ગના વૈભવો પામેલા દેવતાઓ, તે પણ મોટા પવિત્ર ભારતમાં જન્મ લેવા ઇચ્છા કરે છે. કારણ કે આ ભારતમાં ઇશ્વરના અવતારો થએલા છે. તેથી ભગવાનનું સ્મરણ કરવા અમર લોક ઇચ્છા રાખે છે.

૪ જે પૃથ્વી ઉપર દેવ લોકો મનુસ્યા અવતાર લેવાની ઇચ્છા કરે છે. તેવી પુંણ્યમય, ભારતમાં અવતરી જે મનુષ્ય પોતાને મળેલા ઉત્તમ જન્મને, ન સમજતાં નીરંતર પાપ કર્મ કરી, જીવન ગુજારે છે. તેવા પાપીઓને ધીક્કાર છે.

૫ બ્રાહ્મણ ક્ષત્રી વૈસ્ય વીગેરેએ પોતાનું નીત્ય કર્મ અવસ્ય કરવું. નીત્ય કર્મનો લોપ થએ સર્વ પુંણ્ય પરવારી જાય છે. તેથી પોતાનાથી બને તેટલી માળા પુજા અને દેવ દર્શન યા દેવાર્ચન કરવુ એમાં ચુકવુ નહી.

૬ જે કોઇ સદ કર્મ કરવુ તેમાં ફળની ઇચ્છા રાખવી નહી પરંન્તુ તે સદકર્મ ઇશ્વરા પર્ણ કરવુ.

૭ કોઇ પણ સદ કર્મનું ફળ, પરમાત્મા આપ્યા વિના રહેતા નથી. અને સૃષ્ટી કર્તાથી કાંઇ વસ્તુ અજાંણુમાં નથી. તે પ્રભુ વગર માગે, અને વગર ઇચ્છાએ, સારા કર્મનું ફળ આપે છે.

૮ પુંણ્ય, દાન, ધર્મ નીયમ અને સદકર્મ કરવામાં ઉતાવળ કરવી; પરન્તુ પાપ કર્મ કરતાં, સાહસ કરવું નહિ. જેમકે કોઇના ઉપર ક્રોધ ઉત્પન્ન થયો હોય, તો તે સમાવી તેનું અનીષ્ટ કરતાં અટકવું ને ક્રોધને શાંન્તી પાડી ક્ષણીંત માત્ર પણ ખોટું કામ કરવું નહી.

૯ આયુષ પાંણીના રેલાની માફક વહી જાય છે, ને કાળની ખબર પડતી નથી. કે આપણા આયુષ્યનો અંન્ત કયા દીવસે આવશે, તેથી કાળની બીતી નીરંતર રાખી સારૂં કામ કરવું.

૧૦ બીજાઓને બોધ કરવો તે શેહેલું છે, પણ પ્રથમ બોધ કરનાંરે ગ્રહણ કરવું, ને તેમાંનું કાંઇ પણ ગ્રહણ ન કરે તો તેના બોધની અસર બીજાઓને બરોબર લાગતી નથી.

૧૧ મનુષ્યના વીચારો ઇશ્વરના ધારેલા હોય છે, તે સફળ થાય છે. ઇશ્વર ઇચ્છા વિના મનુષ્યથી કાંઇ બની શકતું નથી.

૧૨ દુરાચરણ પાપ કર્મ કરવું તેમાં પ્રભુની ઇચ્છા ગણવી નહી કારણ કે, પવિત્ર પ્રભુ, અસત્યા ચારણથી વેગળા રહે છે. તેમાં સન્મતી આપતા નથી. માત્ર પાપીજનો પોતે ખોટાં કૃત કરી, ખોટુ ભાવી ઉત્પન્ન કરે છે, ને બોગવે છે.

૧૩ પાપીજનોનો કીંચત સમાગમ મોટા પુણ્યનો નાશ કરે છે. જેમકે થોડુ વિષ હોય તે પણ પ્રાંણ લીધા વીના રહેતુ નથી. તેમ દુષ્ટનો સમાગમ બુદ્ધી તથા શુક્રીતનો નાશ કરે છે.

૧૪ જ્યારે ભગવદ ભક્તી ઉપર પ્રીતી થાય, ત્યારે એમ સમજવું કે પાપી વિકારો હ્રદયમાંથી દુર ખસ્યા છે; અને જ્યારે ઇશ્વર

ઉપરથી ભક્તી જતી રહે, તો એમ સમજવું કે, દુષ્ટ વિકારોએ કુટુંબ સહીત હૃદયમાં પ્રવેશ કર્યો છે.

૧૫ ભગવદ ભક્તી પુર્વના સંસ્કારી મનુષ્યો કરી શકે છે કે બીજાઓને રૂચતી નથી.

૧૬ પ્રભુએ મનુષ્યને માટે અપાર ચીજો તૈયાર કરી છે, એ તેની દયા શું ઓછી છે, ઘણી છે.

૧૭ ભગવદ કથાનું, ભજનનું, માળાનું, ફળ ઘણું છે. એક વાર પ્રભુ નામ પ્રેમથી ઉચ્ચારેલું કોટીક પાપ પ્રજાળે છે. સાચા અગ્નીમાં દાહકનો ગુણ જણાશે. સોનાર કાગળપર લખે જણાશે નહીં તેમ સાચા પ્રેમથી ભક્તી કરવી એજ શ્રેષ્ઠ છે.

૧૮ જેઓ પ્રભુ ઉપર પ્રેમ રાખ્યા વીના, મોટી માળાઓ ખાલી ચીસો પાડે છે તે ભક્તી યથાર્થ કહેવાય નહીં પણ પ્રભુ ઉપર પ્રેમ એજ સાચી ભક્તી છે,

૧૯ જે મનુષ્યો ભગવાનની ભક્તી શુદ્ધ અંતઃકરણથી કરે છે. તેઓના સંકટ સમયે શ્રીહરી પોતે આવી સાયતા કરે છે. પ્રભુએ સાયતા કરેલી તેના અગણીત દાખલા છે.

૨૦ ભગવદ ભક્તી કરતાં, કાંઇક સંકટ આવે તો તેથી ગભરાવું નહી ને પરમાત્માને આધીન થઇ રહેવું.

૨૧ લોભ વસ્તુ માહા બુરી છે, અનેક સારા માર્ગથી ડુબાવનાર લોભ દુશ્રિત માર્ગ છે, તેનો ત્યાગ કરવો.

૨૨ પવિત્ર ધર્મ શાસ્ત્ર ઉપર જે જેને વિશ્વાસ છે, તેને ઉત્તમ મનુષ્ય સમજવો, કારણ, કે ધર્મ શાસ્ત્રથી સદગતીનું પગથીઉં

આમ થાય છે. જેને ધર્મશાસ્ત્ર ઉપર પ્રીતી નથી, તેવા મનુષ્યનો સર્વથા ત્યાગ કરવો.

૨૩ જ્યારે આપણા ઉપર પરમાત્માની કૃપા હશે, ત્યારે સગા સ્નેહી મીત્ર અને માર્ગે જતો વટે માર્ગુ તે પણ આપણને સહાયતા કરશે. પણ જ્યારે પરમાત્માની અકૃપા હોય, ત્યારે સગા વાહલા ઈષ્ટ મીત્રમાંથી કોઇ પણ મદદ કરશે નહી.

૨૪ પુણ્ય યા પાપ, જે મનુષ્ય કરશે તેનેજ ભોગવવાનું છે. બીજા કોઇ સ્ત્રી પુત્ર પરીવારમાંથી, કોઇ અને ભોગવવાનું નથી. દૃષ્ટાંત તરીકે સમજવાનું કે, કોઇ એક નગરમાં એક મુન્યમ, પોતાના શેઠને ત્યાંથી, લાખો રૂપીઆની ચોરી કરી, પોતાના છોકરાઓને સોંપી ગયો તે પછી છોકરાઓ બાપે મેળવેલી મીલ્કતથીજ, મજા ઉડાવતા હતા. અને તેઓના પાપી બાપ. નર્કવાસમાં હતો. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે કરે તેજ ભોગવે.

૨૫ આપણને અણધાર્યું સંકટ આવી પડે, તો ગભરાવું નહી તેમ પ્રભુ ઉપરથી પ્રીતી ઓછી કરવી નહી. કારણ કે જે સંકટ આપણા ઇપર આવી પડયું છે, તે થોડુંજ છે. પડવાનું ઘણું વશે, પરંતુ ઇશ્વર કૃપાથી થોડું સંકટ આવ્યું છે. એમ જે કાંઇ કાર્ય બને, તે માટે પ્રભુનો ઉપકાર માનવો કે શું થવાનું હશે ત્યારે આ બન્યું.

૨૬ કોઇ કાર્યમાં આપણી ફતેહ ન થઇ, તો તે વિશે પરમાત્મા પ્રત્યે દીલગીરી ન જણાવવી. કારણ જગત કર્તા એક કામમાં

નહી, તો વળી બીજા અનેક ત્રાસ કુતેહ આપશે. એમ સમજી મનને નીયમમાં રાખવું.

૨૭ જેઓ દુષ્ટ મનુષ્યો છે, ને પાપકર્મ કરી પોતાનું જીવન ગાળે છે. તેઓ ખુશ આનંદમાં રહી મગ્ન કરે છે, તે ક્યાં સુધી કે, જ્યાંસુધી એમની પુર્વજન્મની પુણ્ય છે. ત્યાંસુધી તે સુખ વૈભવ ભોગવશે. અને જ્યાં પુણ્ય થઇ રહ્યું, એટલે પાપીઓ, નરકનાં દુઃખ ભોગવાના. એમ નક્કી સમજવું.

૨૮ પ્રભુનો વાસ સર્વત્ર સ્થળે છે, વિશેષમાં જ્યાં પવીત્ર મંદીર, યા ભક્ત કથા, અને સંત માહાત્માઓના હ્રદયમાં, અને સર્વોપરી મોક્ષ ધામમાં શ્રીહરિ બીરાજે છે.

૨૯ ભગવાનના મંદીરમાં જઇ કુથલી નીંદા વ્યભીચારની વાતો અને પ્રભુનો કોપ થાય તેવું આચરણ એક પણ ન રાખવું.

૩૦ ભગવદ્ ભક્તોએ, નીરંતર દીનતા રાખવી. નમ્રતા પ્રભુની ભક્તીને વધારે છે.

૩૧ પરમાત્માના બાંધેલા નીયમોનો. બોધ કરવો, એ સેહેલું છે. પણ તે બોધ પ્રમાણે પોતાને વર્તન કરવું એ અશક્ય છે. જ્યારે અશક્ય કાર્ય સાધે ત્યારે પ્રભુ રીઝે છે.

૩૨ જે મનુષ્ય પાપથી ડરે છે, તેના હ્રદયમાં પ્રભુની ભક્તીનો અંકુર ફુટયો છે.

૩૩ દીવસે દીવસે જેનામાં, થોડા થોડા સદ્ગુણો આવવા લાગ્યા છે, તે મનુષ્ય અધર્મ અનાચારથી દુર રહેશે. ને તેના ઉપર પરમાત્માની કૃપા થઇ એમ સમજવું.

૩૪ જે મનુષ્યે માયાવાળી વસ્તુઓનો ત્યાગ કર્યો, તેને થોડા દીવસે પ્રભુ પોતાનું ભજન કરવાની મતી આપશે.

૩૫ જેણે અહંકારનો ત્યાગ કર્યો છે તેને પરમાત્મા પોતાનો કરી લેવા નમ્રતારૂપી સદગુણો આપશે.

૩૬ જે મનુષ્ય પાપનો માર્ગ દુર કરી, પુણ્ય માર્ગે ચડ્યો, તેના ઉપર પ્રભુની ઘણી કૃપા થઇ સમજવું.

૩૭ છળકપટથી ભક્તી કરવી એ વ્રથા છે, કારણ કે શુદ્ધ હૃદય વીના પ્રભુ પ્રસન્ન થતા નથી, થાટે શુદ્ધ ભાવે કપટનો ત્યાગ કરી પ્રભુ ભક્તી કરવી.

૩૮ પ્રભુનાં દર્શનનું ફળ અવશ્ય મળે છે, પરન્તુ પ્રભુ ઉપર પ્રેમ રાખી દર્શન કરવાં.

૩૯ વ્યભીચાર કર્મ કરવું તે માહા બુરૂ છે, જે વ્યભીચાર કર્મ કરવાથી પ્રાચીન સમયમાં દેવલોકને પણ કુકૃત્ય ફળ ભોગવવું પડ્યું છે જુઓ ઇંદ્રને અહલ્યાથી, શહસ્ત્ર ભગ એ પ્રમાણે દરેક સમયમાં વ્યભીચારી મનુષ્યને અવશ્ય પાપનું ફળ ભોગવ્યા વિના છુટકો થયો નથી, અને થશે પણ નહી. વળી વ્યભીચારી મનુષ્યની ભક્તી વ્રથા જાય છે.

૪૦ અમુક રાજાઓ, અમુક દેવો, અમુક માંણસ, આવો પવીત્ર છે, શાસ્ત્રામાં આમ કહ્યું છે, વીગેરે જે વાતો કરવી તે નકામી છે, પરન્તુ તે મધેથી સાર ગ્રહણ કરી પોતે વર્તવું એનું નામ જ્ઞાન કહેવાય છે.

૪૧ સંતસંગનું ફળ ઘણું છે, કોઇ ઉત્તમ સંસ્કારી માહાત્માનો સમાગમ, એક થોડીવાર થાય તો તે હજારો જન્મનાં પાપ

નાશ કરે છે. (સંત સમાગમ દુર્લભભાઇ) સંતનો સમાગમ દેવતાને પણ દુર્લભ છે. તેથી અવસ્ય સંત સમાગમ કરવો.

૪૨ ભજન કરતાં યા પરમાર્થ કરતાં અપમાન થાય તો તે સહન કરવું, પણ ક્રોધ કરવો નહી.

૪૩ કરજ કરીને પુન્ય કરવું નહી, કારણ કે શકતી ઉપરાંત દેવું કરી ધર્મ માર્ગે વાપરે તો તેથી સારૂ ફળ મળતું નથી, ?

૪૪ દીન પ્રતિદીન આયુષ્ય ચાલ્યું જાય છે, ને કાળ નજીકમાં આવે છે. માટે આપણાથી બની શકે, તેટલું કાંઇ પણ સદ્‍કર્મ કરવું જેથી પ્રભુ રાજી રહેશે.

૪૫ જગત કર્તા એક છે એમ નક્કી જાણવું, વળી આપણે જેને ભજીએ છીએ, જે મુર્ત્તી તે માંનીએ છીએ તે પ્રભુ સર્વત્ર સ્થળે સચરાચર છે એમ સમજવું.

૪૬ કોઇપણ બીજા ધર્મની અવગણના કરવી નહી, તેમ આપણા ધર્મની નીંદા થાય ત્યાં સાંભળવું નહી તે સ્થળ ત્યાગ કરવું.

૪૭ સીવ વિશ્નુ એકજ છે, અરસપરસ એક બીજાને તેઓ ભજે છે, સીવ વીશ્નુને, અને વિશ્નુ સીવને, એમ નીરંતર ધ્યાન ધરે છે. તેથી શીવ ભકતોએ વિશ્નુની, નીંદા ન કરવી, તેમ વિશ્નુના ભકતોએ શીવની, નીંદા ન કરવી એવી શાસ્ત્ર આગ્ના છે. છતાં કોઇ ખળ મનુષ્ય શીવને યા વિશ્નુને નીંદશે તો આ સંસારમાં દુખ ભોગવી પરલોકમાં નર્ક ગતીએ જશે.

૪૮ જે મનુષ્યની બે આંખો સારી છે, તેને કાંણો યા આંધળો કહેવાશે નહિ ? માટે શિવ વિષ્ણુને એક ભાવે સામાન્યતા રાખશો.

૪૮ આ જગત ઉપર રાજા, અને ગરીબ બંન્નેને ભક્તી હશે, તો પરમાત્મા પોતાના ધામમાં લઇ જશે. કારણ કે રંકરાય ઉપર સમાનતાવાળા, ઇશ્વરને ત્યાં ન્યાય છે.

૪૯ મોજ મજા ભોગવી દીવસ નીર્ગમન કરો, તે કરતાં પ્રભુની ભકતી કરો એ તમને પ્રભુ દરબારમાં ઠીક પડશે, માટે મીથ્યા ચીજો ઉપરથી આશકતી છોડી, હરિની સાથે સાચી રાખો તે અન્તે કામ આવશે.

૫૦ હું અને મારૂં એ બે ત્યાગ કરેથી જગતના, સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ થશે, અને તે પછી પરમાત્મા હૃદયમાં દર્શન આપશે.

૫૧ કોઇ પણ પ્રાણીનું અહીત ઇચ્છવું નહિ, ભલે શત્રુ હોય કે મીત્ર હોય તો પણ સર્વનું ભલુ થાય એવી વ્રતી રાખવી. એવી વ્રતી રાખવી એ સમભાવ છે.

૫૨ જે સચ્ચીદાનંદ પરમાત્મા છે, તેમની ભકતી પ્રભુ પોતે પ્રસન્ન થાય, તેવી કરવી, અને નીરંતર પાપથી બચવા, અધર્મથી અળગા રાખવા, તેમની પ્રાર્થના કરવી, તે પવીત્ર પ્રાર્થના પ્રભુ સાંભળશે, અને તે અંતકાળે સાયતા કરશે, એવા દયાળુ શ્રી હરિ છે.

૫૩ કોઇ પણ પવિત્ર તીર્થને વીશે જઇ, જે દુર્બુદ્ધવાન લોકો પાપ કરે છે, તેમનું પાપ વજ્ર સમાન લેપન થઇ પડે છે. ને તે પાપ કોઈ કાળે પણ છુટતું નથી. માટે સદાચરણી ભક્તીવાન મનુષ્યોએ, તીર્થમાં અથવા બીજા કોઇ પણ સ્થળે પાપ કરવું નહી.

૫૪ પ્રભુની જે ભકતી કરનારા છે, તેમને હરિજન જાણી તેમના ઉપર પ્રીતી રાખવી, કેમ કે તેઓ ભગવાનના ભક્ત છે. તેથી પોતના બન્ધુ સમાન ગણવા.

૫૫ જે મનુષ્ય ભગવાનની સાચી ભકતી કરે છે, તેને ઇશ્વરી આનંદ પ્રાપ્ત થાય છે. ને તેની એક એક ઘડી અગણીત ફળને આપનાર છે. માટે પ્રભુ ભજનના આનંદની ઇચ્છા હોય, તેણે હરીભજનમાં દૃઢ થવું.

૫૬ આ સૃષ્ટી ઉપર જે જે વસ્તુઓ છે, તેઓનો કોઇ કાળે પણ નાશ છે. પણ એક પરમાત્મા, અવિનાશી છે. તેમનો નાશ કોઇ કાળે થતો નથી. એવા પરબ્રહ્મ નારાયણને પ્રેમ રાખીને ભજો.

૫૭ જે પુર્વના સંસ્કારી મનુષ્યો છે, એ પ્રભુની ભકતી કરે છે. બીજાઓને ભગવદ નામ સ્મરણ રૂચતું નથી. કારણ કે તે અન-અધિકારી હોવાથી, ઇશ્વર ભકતીરૂપી અમૃત પી શકતા નથી, એટલુંજ નહી પણ તેઓ સત્ય સ્વરૂપ,[1] પ્રસન્ન થાય તેવો એક પણ માર્ગ ગ્રહણ કરતા નથી તેઓ દુર્ભાગી છે એમ સમજવું.

૫૮ આ દેહમાં ઘર કરી રહેલા, વિકારો (કામ ક્રોધ) ને તમારે દુર કરવાની ઇચ્છા હોય, તો પ્રભુની પ્રાર્થના ઘણા પ્રેમ પૂર્વક કરો. કે જેથી ઇશ્વર કૃપા મેળવેથી, પાપી વિકારો પ્રયાણ કરી જશે. વિકારોનું પ્રયાણ થવુ, એ તમારૂં મહદ ભાગ્ય સમજવું.

---

૧ ભગવાન.

૫૯ પાપ એ માહા દુખનુ સ્થાન છે, જે મનુષ્યે જે જે પાપ કર્યું હોય, તે પાપનું પ્રાયશ્ચીત (નીવારણ) એક શ્રી પરમાત્માનું નામ છે. એ નામ સ્મરણની તુલ્ય ઉદ્ધાર કરનાર એક પણ નથી.

૬૦ ભગવદ્ ભજન કરનારાઓ, અનેક પ્રકારની ઉપાધીઓમાં આવી પડે છે, તે ઉપાધીઓ તેને કસોટી માટેજ સમજવી; જેમ કે શુદ્ધ કાંચન હોય, તેજ અગ્નીના પ્રચંડ તાપને સહન કરે છે. બીજી ધાતુ સુવર્ણ માફક રહેતી નથી. તેથી ખાત્રી થાય છે કે, પરમાત્માના સાચા ભકતો હસે, એજ સંકટ સમયમાં પણ આનંદ માની દુઃખ સુખ સમાન ગણશે.

૬૧ ભગવાનની ભકતી એવી કરવી કે, જળમાં જેમ કમલ રહે છે, તેને જળનો બીલકુલ સ્પર્શ થતો નથી. એવી રીતે સંસારમાં રહ્યા છતાં, જળ કમળની સ્થીતીએ રહી ઇશ્વરના ગુણાનુવાદ ગાવા.

૬૨ આપણે કોઇ શેઠ સાહુકાર, કે, રાજાની સાથે દોસ્તી હોય ને તેની સાથે કપટ ભાવથી વર્તીએ તો તેના જાણવામાં આવે છે, તો તે રાજા તથા શેઠ સાહુકાર કરતાં અસંખ્ય દરજ્જે, મોટા એવા પરમાત્માને ઉપર ઉપરની ભકતીનો ડોળ કરી, ઠગવા જેવું કરીએ, તો તે સર્વજ્ઞ કેમ પોતે ઠગાસે કે, કદાપી નહી ઠગાય. તે પ્રભુ આપણુ કપટ જાણી જશે. માટે નીષ્કપટી બની, ઇશ્વર પ્રસન્ન થાય તેમ કરો.

૬૩ જે મનુષ્યો કૃપણ છે, તેઓ અન્ય જન્મને વીશે નિર્ધનને ત્યાં જન્મ લેશે. ગત જન્મમાં ઇશ્વરે સંપત્તી આપ્યા છતાં કાંઇ

સદ્‌માર્ગે કર્યો નહી, તેથીજ નિર્ધન થઇ દુઃખી દશા ભોગવે છે.

૬૪ આપણુ મન પવન કરતાં પણ અતિ વેગવાળુ છે, એક પળમાં લાખો ગાઉ જતુ રહે છે, વળી બીજી પળમાં ઈંદ્રના ભુવનની ઇચ્છા કરે છે, આવા સ્વચ્છંદી મનને જે મનુષ્યો નીયમમાં રાખે છે, તેમને જ્ઞાની સમજવા. મન જીત્યું તેણે સર્વ જીત્યું.

૬૫ આપણુ મન ખાવા પીવામાં, ત્થા નાના પ્રકારના વૈભવોમાં જેવું લાગ્યું છે, તેવુંજ પરમાત્મા પ્રત્યે હોય તો કાંઇ બાકી રહે? ના રહે, આ તો આપણો સેહેજ સ્વભાવ પડી ગયો છે, કે માયાવાળી ચીજો ઉપર તાણા તાણ, અને હરી ભજન વખતે નાશાનાશ, અરે એજ આપણી અધોગતી છે.

૬૬ પ્રભુ ભજન માટે યા, કાંઇપણ સદ્‌કર્મ કરવા માટે આપણે પ્રથમ સમજવું જોઇએ તે કામ આવે, ને પછી આયુષ્યનો છેડો આવી જાય, તે પછી શા કામનું. જેમકે ઘરમાં ખાતર પાડવાને ચોર પેઠા; ને ઘરમાંથી બધું લેઇ ગયા, ત્યાર પછી ઘર ધણી જાગ્યો. આ જાગવું તેનું શા કામનું, વખત જતો રહ્યો ને વિમાસવાનું રહ્યું. એમ જીંદગી જતી રહ્યા પછીનું સમજવું તેવું છે.

૬૭ પોતાને રહેવા માટે ગગન ગાજતી હવેલી કરવી, ત્થા નામની ખાતર સારા સારા દાગીના કરાવવા, અને બીજી અનેક રીતે દ્રવ્યનો વપરાસ કરવો, એ પરલોકમાં સુખ આપનારો નથી. માત્ર પરલોકનું (પરોપકાર) પુણ્ય દાન, ધર્મ નીતી, એજ દેહ છોડયા પછી કામમાં આવશે.

૬૮ ભક્તવત્સલ ભગવાનની આપણા ઉપર ઘણી દયા છે. માબાપને જેવી છોકરા ઉપર પ્રીતિ હોય છે તેવીજ રીતે, આપણા માહાન્ પીતાશ્રી, પ્રભુ પ્રીતિ રાખે છે. ક્વચિત પ્રસંગે આપણાં કુકર્મ જોઇ, ઇશ્વર અકૃપાળુ થાય છે, પણ છેક નીર્દેયતા વાપરતા નથી, એવા દયાળુ છે.

૬૯ દરેક મનુષ્યને પ્રભુની પાસે હીસાબ આપવાનો છે, માટે જગતકર્તા આપણો હીસાબ જોઇ પ્રસન્ન થાય એવું વર્તવું એનું નામ પ્રભુના બાંધેલા પાળેલા નીયમ છે. હરીના બાંધેલા નીયમ પાળવા એજ, સદ્ગતીનું પ્રથમ પગથીયું છે.

૭૦ ભગવદ ભક્તિનો સ્વાદ, અધર્મી મનુષ્યો સમજતા નથી. તે સ્વાદ તો જેને ભક્તિનો અંકુર ફુટયો હોય, એજ હરી ભજનના સ્વાદને જાણે છે.

૭૧ સદ્ગુણની ઇચ્છા રાખવાવાળા મનુષ્યોએ, દુર્ગુણનો સર્વથા ત્યાગ કરવો. એ શ્રેય કરનાર છે. કદાપી દુર્ગુણની થોડી છાયા આવવા દીધી તો નિશ્ચે તે સદ્ગુણના માર્ગમાંથી દુર કરશે.

૭૨ અભીમાનને હ્રદયમાં કિંચિત પણ જગ્યા આપશો નહી, કારણકે થોડું અભિમાન એ પણ મોટી ખરાબી કરનારો અગ્નિ છે, માટે અભિમાનને વસ થાશો નહી, અભીમાનથી દુર રહેજો.

૭૩ પરાઇ નીંદા કરવી એ મોટું પાપ છે, રંજક (ધોબી) વસ્ત્ર ધોવાની મજુરી માગે છે, ને પાપી જનો પરાઇ નીંદા કરી, વગર લીધે, બીજાઓનાં પાપ ધોઇ નાંખે છે. મોટા ખેદની વાત એ છે કે, સર્વ કોઇ સમજે છે કે નીંદા સમાન પાપ

નથી, છતાં દીનપ્રતીદીન સમજુઓ પણ નીંદા કર્યા જાય છે, એ માટે દીલગીરી સાથે કહેવું પડે છે કે, નીંદાનો ત્યાગ કરો, નહીં તો તમારાં સદ્કર્મનો લોપ થશે.

૭૪ પ્રભુ ઉપર વિશ્વાસ રાખજો, કારણકે વિશ્વાસ વીના ચાલવાનું નથી. વિશ્વાસ દરેક કાર્યમાં જોઇએ એમ સમજી, ઇશ્વર ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખશો.

૭૫ પરમાત્માની સેવામાં જેટલી ઘડી, જેટલી પળ અને જેટલા દિવસ ગાળ્યા છે તે સમય તમારો સફળ થયો છે, ને તે હરી હજુરમાં નોંધાયો છે. હવેથી જે કાંઇ સદ્કર્મ કરશો, તે પ્રભુ દરબારમાં જમે થશે.

૭૬ હૃદયમાં ઉંડા વિચાર કરી જોશો કે, કયા કયા દુર્ગુણો ઘર કરી રહ્યા છે, તેની નીરંતર તપાસ રાખશો, તો તમને અવશ્ય માલમ પડશે અને એ દુર્ગુણોની ખબર પડે તુરત સદ્ગુણ રૂપી ઉપાય યોજી એનો નાશ કરશો.

૭૭ માબાપ અને વડીલોની સેવા કરવી, એ મોટા તીર્થ સમાન ફળને આપે છે. જેઓ શ્રદ્ધાળુ મનુષ્યો છે, તેઓ પ્રથમ માતા પીતાની સેવા કરી, પછી અન્ય તીર્થમાં જાય છે.

૭૮ ગંગા, યમુનાં, સરસ્વતી અને નર્મદા આદી પવિત્ર સરીતાઓ, માહા પાપને નાશ કરનારી છે. એવાંજ સંત માહાત્માનાં દર્શન, એ મોટા પાપને નાશ કરે છે, તેમજ ભગવાનના ભક્ત અને વૈષ્ણવનાં દર્શન એ પણ મોટા પાપને નાશ કરે છે.

૭૯ ભગવદ્ ભક્તિ કરનારે. શત્રુ, મીત્ર, સુખ દુઃખ વીગેરે બાબ-

તમાં સમાનતા રાખવી, એજ ભક્તિનું મૂળ છે, સમાનતા થઇ એટલે તે પ્રભુ પદને પામવાને શક્તિવાન થાય છે.

૮૦ ભગવદ ભક્તિ કરનારે પાખંડનો ત્યાગ કરવો કારણકે, પાખંડીની ભક્તિ વ્રથા જાય છે. તેથી પાખંડનો સર્વથા ત્યાગ કરવો.

૮૧ દરેક મનુષ્યે જ્યાં હરી કીર્તન, જ્યાં કથામૃત, જ્યાં દેવદર્શન, ત્યાં અવસ્ય જવું અને ત્યાંથી ઘેર આવ્યા પછી; તેમાંનું કાંઇ ગ્રહણ કરવું. સાંભળેલું યા જોએલું મનન થાય એજ સત્ય માર્ગ છે.

શુક્રીત ષોડશી. (સુકૃત્યના સોળ દોહરા.)

દોહરા.

સુક્રીત પુષ્પ ગુલાબનું હે સુખરૂપ સુગંધ,
વૈભવ સદ્દ પામે જનો એ સુક્રીત સંબંધ. ૧
સુક્રીત અમૃત માનજે નુતન[1] જીવન દેનાર,
આયુ ને આરોગ્યતા માનવ આશ અપાર. ૨
સુક્રીત સીદ્ધી આપતું અષ્ટગીમાદી[2] નવનીધ,
જે જન સુક્રીત આદરે થાયે કાયજ સીધ. ૩
શુક્રીત સંપતિ આપતું રાજ કાજના લાભ,
સુક્રિતથી શ્રી હરિ મળે પ્રસન્ન પદ્મ નાભ[3] ૪
સુક્રીત સીતલ વારિ છે હે સુખ ઠંડક રૂપ,
સુક્રીત ઉગ્ર શીરોમણી જેના ગુણ અનુપ. ૫

૧—નવું—૨ અષ્ટસીદ્ધીઓ—૩ ભગવાન.

સુક્રીતે લક્ષ્મી પામીયા જગમાં નરને નાર,
સુક્રીતથી વાજીપરે બેસે છે અસ્વાર. ૬
સુક્રીતથી હસ્તી ચઢે અંબાડી સોભાય,
ખમા ખમા સુક્રીતને સૈન્ય સકલ સમુદાય, ૭
સુક્રીતથી સૌ સાહેબી સુક્રીતથી છે ધન,
સુક્રીત સૌથી શેષ્ટ પદ આદ્ય શાંન્તી ભુવન. ૮
દીવ્ય દેહ સુક્રીતથી સૌજન વંદે પાય,
માન મળે આ વિશ્વમાં એ સુક્રીત મહીમાય. ૯
સુક્રીતથી પામ્યા જનો દ્રવ્ય તણા ભંડાર.
સુક્રીતથી આવી મળે કુટંબને પરિવાર, ૧૦
નિરોગી છે સુક્રીતથી એજ પુણ્ય કેવાય,
સુક્રીતથી જગમાં સદા નિર્મળ યશ વર્તાય. ૧૧
સુક્રીત સમ બંન્ધુ નહી. સુક્રીત સમ નહી તાત,
સુક્રીત સમ પરિવાર નહી સુક્રીત ઊત્તમ જાત. ૧૨
સુક્રીત મોઘુ સમજજ્યે સંસ્કારીથી થાય,
સુક્રીત સિન્ધુ સ્વધર્મને દે છે પુષ્ટી સહાય. ૧૩
સુક્રીત કલ્પવૃક્ષ છે આપે ફળ ઇચ્છીત,
સંસારે સુખમાં રહે ખાન પાનને ચિત ૧૪
સુક્રીત સત્ય સ્વરૂપ છે[1] મોક્ષ મળે જો ચાય,
સુક્રીતથી આ સૃષ્ટીમાં સર્વે પદ પામાય. ૧૫
માટે રેહે માનવી કર સુક્રીતનાં કામ.
હીરાલાલ રીઝે સદા રાજીવ લોચન રામ. ૧૬

---

૧ ભગવાન.

પાપી મનુષ્ય પ્રભુને વીસારે છે તે વિષે.

રાગ—જ્ઞાન કદી નવ થાય મુર્ખને જ્ઞાન કદી નવ થાય.

પાપી જન વિસરે પ્રભુને પાપી જન વિસરે.
દુર્ભાગી ધ્યાન નહી ધરે પ્રભુ ને પાપી જન વિસરે ટેક.
સંસ્કારી નહી પૂર્વ તણાએ ભજનમાં નહી ભરે,
હરીના માર્ગ એ કે નસાયે અધર્મ કરતા ફરે. પ્રભુ. ૧
પ્રભુની માળા ફેરવતાં બહુ ધ્રુજારો આવે કરે,
કથામૃતમાં નિંદ્રા આવે કે નિંદા ઉચરે પ્રભુ. ૨
હરી સેવામાં શરીર લાવતાં કંપે કાળજુ ખરે,
અનાચારમાં અતી વેગથી દોડી જઇને ઠરે. પ્રભુ. ૩
પાપ પોટલે પાછો ન ફરતો કુડા કૃત્ય આદરે,
જવાબ દેવો જગકર્તાને એથી કાંઇ ના ડરે. પ્રભુ ૪
જુઠા કામને જુઠા દામમાં હરામ મતી ધરે,
તજે પ્રીત શ્રીહરી નામમાં સત સંગત નહી કરે. પ્રભુ. ૫
આપ સ્વાર્થે ઉતાવળો થઇ ઝટપટ પંથે વરે,
હીરા હરીનું નામ પાપીના મુખે નહી નીસરે. પ્રભુ. ૬

હરીનું સ્મરણ કરનારા વીષે.

રાગ ઉપરનો.

હરીનું સ્મરણ કરે હરીજન હરીનું સ્મરણ કરે,
સૌ ઉપાધીઓને હરે હરીજન હરીનું સ્મરણ કરે. ટેક.

પ્રભુ નામનાં ભજનમાં ધન્ય ભાગ્યોદય ઉચ્ચરે,
માયા નાસ અને મોક્ષની ઇચ્છા એવું હૃદયમાં ધરે. હરીજન. ૧
સંત સમાગમે દોડી જાયે એક ચીતથી ઠરે,
પરાયાના ઉપકારને માટે કોટી શ્રમ આદરે. હરીજન. ૨
ભક્તજનોને સખા[1] જાણીને અતિ સ્નેહ ઉર ધરે,
પ્રિયમાં પ્રિય કરવાને તેનું મનવાણી અનુસરે. હરીજન ૩
પાપ માર્ગને દુર કરી દે પુણ્ય પંથ અંહે કરે,
અહોનીશ ઇશ ભક્તી માગે માયાથી એ ડરે. હરરીજ ૪
ધન્ય ભાગ્ય માને ભક્તીમાં નામ સ્મરણે ભરે,
સર્વ નીતીનો સંગ્રહ કરી પાપ પંથપર હરે. હરીજન. ૫
પુણ્યવાન રૂડા ભક્તોએ પ્રભુ ભક્તીએ તરે,
હીરાલાલ હરી ભજતાં પ્રેમે કાળ પાસ[2] ઉગરે. હરીજન. ૬

ભક્તીવાન જયા અને પુંડરીકનાથ પ્રભુ તેમનું દૃષ્ટાંત.

પુર્વે કપીલાપુર નામે નગરમાં, એક ધૈર્યસીંહ કરીને શેઠ રહેતો હતો. તે પૈસે ટકે ઘણો સુખી હતો, તેના ઘરમાં જયા નામની, મહા પવિત્ર ભક્તીવાન સ્ત્રી હતી. પોતે ઇશ્વર ભક્તીમાં દીવસ ગાળતી હતી. ધૈર્યસીંહ મોહા કૃપણ હતો, તેની પાસે ધન ઘણું હતું, છતાં તે પરોપકાર, તથા પુણ્ય–દાનમાં એક પાઇ પણ વાપરતો નહોતો.

---

૧ ભાઇ સમાન. ૨ યમરાજનું બંધન.

આ બન્ને સ્ત્રી પુરૂષ, વયોવૃદ્ધ થયા છતાં કાંઇ પ્રજા થઇ નહોતી. એક સમયે જયાએ પોતાના સ્વામીને કહ્યું કે, સ્વામીનાથ આપણે વૃદ્ધ થયાં છીએ, તેમ કાંઇ સંતાન નથી. તેથી કરી આપણા ધનનો, કાંઇ સારો મારગ કરવો જોઇએ. કારણ કે, દેહ છુટી ગયા પછી ધન શા કામનું ? તેથી પ્રથમ સમજાય ને વપરાય તો ઠીક.

ધૈર્યસીંહ—ગાંડી થઇ કે શું, હજુ મને પાંસેટ વરસ થયાં છે, અને તને બાસેઠ વરસ થયાં છે, એટલે આપણે શું ઘરડાં થયાં, કે દ્રવ્ય વાપરવાનું તુ કહે છે.

જયા—સ્વામીનાથ, પાંસેઠ વરસ તમને ઓછાં લાગે છે, ત્યારે તમે તો બસે ત્રણસેં વરસ જીવવાનું ધારતા હશો.

ધૈર્યસીંહ—અરે તું સમજતી નથી, એટલે શા કામનું હું તને મારા દાદાની વાત કહું તો તું સાંભળી ચકીત થઇશ.

જયા—તમારા દાદા કેટલુ જીવ્યા હતા.

ધૈર્યસીંહ—મારા દાદાએ સવાસો વર્ષ પુરાં કર્યા હતાં,

જયા—વારૂ ત્યારે તમારા બાપ કેટલાં વર્ષ જીવ્યા હતા.

ધૈર્યસીંહ—મારા બાપની વાત કરવાની નથી.

જયા—કેમ,

ધૈર્યસીંહ—તે થોડું જીવ્યા હતા.

જયા—કેટલાં વરસ જીવ્યા હતા, તે કહેશો કે નહીં.

ધૈર્યસીંહ—તે સતાવીસ વર્ષ જીવ્યા હતા.

જયા—તમે તમારૂ આયુષ્ય લાંબુ ધારો છો, તેનું શું કારણ.

ધૈર્યસીંહ—હું મારા દાદાના આયુષ્ય ઉપર વિચારૂં છું કે, મારા

દાદાએ સવાસો વર્ષ પુરાં કર્યાં હતાં, માટે હું પણ તેટલાં વર્ષ ધારૂં છું.

જયા—તમારા બાપના આયુષ્યનો, ઘડો કેમ કરતા નથી.

ધૈર્યસીંહ—મને તો મારા દાદાના જેટલું આયુષ્ય સારૂં લાગે છે.

જયા—વારૂ તેથી હું બહુ ખુશી છું. તમો સવાસો ધારો છો તો હું દોઢસો ઇચ્છું છુ. પણ બીજું મારે એક તમને કહેવાનું છે, કાંઇ પુણ્ય દાન ધર્મનો માર્ગ ગ્રહણ કરવો છે, ને તેમાં કાંઇ વાપરવું છે?

ધૈર્યસિંહ—ના મારે તો કાંઇ વાપરવું નથી, તારે કેમ કરવું છે. નકામું માથું ચઢાવ્યું, બૈરાંનો સ્વભાવજ એવો વીચીત્ર કે માથુંજ ના દુખે, એ પછી શેઠ તો ચીડાઇ ગયા ને ત્યાંથી બબડીને ચાલવા માંડ્યું તે પોતાની દુકાને ગયા. શેઠના ગયા પછી, જયા શેઠાણીએ વીચાર કર્યો કે, આરે પૈસા ટકા તો ઘણા છે. પણ પતિ કેવળ કૃપણ હોવાથી, પુણ્યદાન કદાપિ થવાનું નથી. દીનપ્રતિદિન આયુષ ઓછું થાય છે. સુક્રિત કર્યાં વીના બધુ નકામું છે. દેહ છુટી જશે અને સમૃદ્ધિ અહીંની અહીંજ પડી રહેશે. આ દ્રશ્ટાંતમાં આપણે આટલેથી અટકી, બીજી બાજુ પર વળીએ કે, પરમકૃપાળુ પરમાત્મા જગદીશ્વર, પુંડરીકાક્ષ ભગવાન, પોતાની સ્વઇચ્છાએ કરી, એક શિષ્યને સાથે બનાવી પોતે વયોવૃદ્ધ બ્રાહ્મણ બની આ કપીલા નગરમાં પધાર્યા, નગ્રમાં આવી વૃદ્ધ સ્વરૂપથી શિષ્ય સાથે લેઇ બજાર, ચોક, શેરીઓ અને મેહેલ્લાઓમાં ફરવા લાગ્યા ને કહેવા લાગ્યા કે હે ભાઇઓ, આ મારા શિષ્યને ઊપવિત (જનોઇ)

હેવાની છે, માટે મારે રૂપીઆ સો જોઇએ છીએ, તો કોઇ હરીજન પ્રેમીલા સજ્જન આ કામમાં ધ્યાન આપો. આ શિષ્ય મારે પુત્ર સમાન છે, તેને ઉપવીત સંસ્કાર કરવા માટે દ્રવ્યની જરૂર છે. આવું દરેક ઠેકાણે કહેતા હતા. આ તેમની માગણીથી, તથા તેમના વૃદ્ધપણા સ્વરૂપથી લોકો હાંસી કરતા હતા, ભગવાન પુંડરીકાક્ષ, લોકોની હાંસીને નહી ગણુકારતાં, તે ઘણા પ્રકારે બોધ દેઈ કહેવા લાગ્યા કે, હે ગ્રહસ્થો તમે ધનવાન છો, તમારૂં ધન શા કામમાં આવશે. તમો પરલોકનું ભાથુ બાંધી લ્યો, આ દેહ જતાં વાર લાગશે નહી. વિદ્યુતના ચમકારા તુલ્ય, આયુષ વહી જાય છે. તેમાં જે પુણ્ય કૃત છે, તેજ તમને દેહ છુટયા પછી, કામ આવશે, માટે હે રૂડા સજ્જનો મારે આ મારા શિષ્યને જનોઇ દેવી છે, તે ધર્મ કાર્ય કરવાને, કોઇ મને મદદ કરો. આમ કહેતા કહેતા ભગવાન બ્રાહ્મણના સ્વરૂપે, સર્વત્ર સ્થળે ફરવા લાગ્યા. પરંન્તુ કોઇ કાંઇ આપવાનું કહેતું નથી. ઉલટા માહારાજની હાંસી કરવા લાગ્યા. લોકો અરસપરસમાં કહે છે કે, જુવોને ભાઇ, આ સો રૂપીઆ લેવા આવ્યા છે, તેનો ડોળ તો જુવો, આવું લોકો બોલતા હતા. માહારાજ ગામમાં બધે ફરવા લાગ્યા, ફરતા ફરતા તેઓ ધૈર્યસીહ શેઠ રહેતો હતો, તે તરફ ગયા. જ્યાં આગળ સાક્ષાત લક્ષ્મી જેવી, જયા શેઠાણી બેઠી હતી. તેની પાસે જઇ, પોતે પોતાની હકીકત કહી. જયા શેઠાણીએ સાંભળ્યું કે, માહારાજ સો રૂપીઆ માગે છે, પણ હું શું કરૂં, મારી પાસે રૂપીઆ નથી, નહીં તો આપત. મારો

સ્વામી કૃપણ છે, તે ધન વાપરે તેમ લાગતું નથી. તેમનો સંસ્કારજ નથી. નહી તો આવા સારા મારગે ધન વાપરવાનું કોનું મન ન થાય. બ્રાહ્મણના બાળકને ઉપવીત સંસ્કાર આપવામાં ધન આપવું, એથી બીજુ શું મહદ કાર્ય ? અરે હું છેક નીરાશ છું કે, મારા સ્વામી આવા ધર્મ કાર્યને કરવા, ઇચ્છતા નથી. માહારાજ આપ જે માગો છો તે આપવાને મારૂં દીલ ઘણું થાય છે. પણ હું શું કરૂં, મારી પાસે નથી.

માહારાજ—ભક્તિવાન બાઇ, દીલગીર થઇશ નહી; તારી પાસે નથી આપવાનું તો પછી તું શું કરે.

જયા—માહારાજ મારૂં દીલ આપના પ્રત્યે, માગણીનો સ્વીકાર કરવાને ચાહે છે, પણ હું અમણા ધન ક્યાંથી લાવું.

માહારાજ—બેન, તારી નિષ્ટા સારી છે, તને પ્રભુ ઉપર પ્રીતિ છે પ્રભુ તારૂં સારૂં કરશે, હું જાઉં છું.

જયા—માહારાજ, મારે ત્યાં ભોજન કરવાનું આપ રાખો.

માહારાજ—ના બેન, મારે ભોજન કરવાનો નિયમ છે, તે એવો કે જ્યારે મારી માગણીનો સ્વીકાર કરનાર મળે, ત્યારેજ મારેજમવું.

જયા—માહારાજ આજે પવિત્ર વામનદ્વાદસીનો દીવસ છે, ને આપ જેવા ભગવદરૂપ બ્રાહ્મણ, મારે ત્યાંથી જમ્યા વિના જાય, એ ઠીક નહી, માટે કૃપા કરી આપ જમવાનું કરો.

માહારાજ—મારી માગણીનો સ્વીકાર થયા શીવાય હું ભોજન નહી લેઉં એવું મેં તમને પ્રથમ કહ્યું છે, એ જો તમારાથી બને તો ઠીક નહી તો હું જાઉં છું.

શેઠાણીએ વિચાર કર્યો કે, અહો વૃદ્ધ બ્રાહ્મણ છે, ને તેમને જનોઇ દેવાના કામમાં રૂપીઆ જોઇએ છીએ, ભલે તે જો રૂપીઆને બદલે, કાંઇ સોનાની જણસ લેવા હા પાડે તો પુછી જોઉં એમ વિચારી માહારાજને કહ્યું કે, હું તમને સોનાની જણુસ આપુ તો તેથી તમારૂં કાર્ય નભશે.

માહારાજ—હા બેન જણુસથી પણ મારૂં કામ થશે. પણ તે સો રૂપીઆની જોઇએ, તેથી ઓછી ના જોઇએ તેમ વધારે આપો તો પણ મારે કામ નથી.

આ પવિત્ર બાઇએ માહારાજને આપવા, પોતાની માલકીની ને પીએરથી મળેલી, એક સોનાની વાળી હતી, તે આપવાને ધારી તેને માટે પોતાના સ્વામીને કહેવાનું કે, પુછવાનું કાંઇ નથી કારણકે પોતાના પીએરથી લાવેલી, વાળી ઉપર શેઠનો કાંઇ હક નથી. તેથી તેઓ લડશે નહી એમ વીચારી માહારાજને વાળી આપવાને તે દ્રઢ થઇ.

આજે પવિત્ર વામન દ્વાદશીનો દીવસ છે, હજુ પ્રથમ પહોર વ્યતીત થવામાં કંઇક બાકી છે, તે સમયે ભકિતવાન શેઠાણીએ સોનાની વાળી જળથી ધોઇ નાંખી સંકલ્પ કરી ઉપર તુલસીદળ મુકી પરમાત્મારૂપ વૃદ્ધ બ્રાહ્મણને આપી, તેમણે પરમ આશીષ દીધી ને જમવા માટે બાઇએ જે સીધુ આપ્યું તેની થોડીવારમાં રસોઇ બનાવી જમી લીધુ, પછી ગુરૂ શીષ્ય ત્યાંથી ચાલ્યા ગયા.

અહો ભક્તીવાન બાઇ ધન્ય છે તને ! કોઇના કળ્યામાં ન આવે તે પ્રભુ તારે ત્યાં યાચક થઇ પ્રસાદ લીધો, વળી તેમની માગણી સ્વીકારી, તારા ભાગ્યનો પાર નહી.

મ્હારાજ વિદાય થયા તે પરભાર્યાં બજાર તરફ ચાલ્યા ને એક બે દુકાનો ફરીને જ્યાં ધૈર્યસિંહ શેઠ પોતાની દુકાને બેઠો હતો ત્યાં આવ્યા. ને શેઠને કહ્યું કે આપ આ વાળી વેચાતી રાખશો ?

ધૈર્યસીહ—લાવો જોઇએ વાળી કેવી છે ?

મહારાજ—આ રહી જુઓ (તેમના હાથમાં આપી)

ધૈર્યસીહ— શું તેનું લેવું છે ?

મહારાજ—રૂપીના ૧૦૦.

ધૈર્યસીહ—કંઇ ઓછું કરો તો હું લઉં ?

મહારાજ—એક બદામ પણ ઓછી નહી ?

ધૈર્યસીહે વાળી બારીકીથી તપાસ કરી તેને કાંટામાં ઘાલી તોલ કર્યો, વળી સોનું કેવું છે તે પણ તપાસ્યું. આથી ખાત્રી થઇ કે રૂપીઆ સવાસોની કીમ્મતની છે.

ધૈર્યસીહ—મહારાજ ! ૧૦૦ રૂપીઆમાં કાંઇ ઓછુ લો.

મહારાજ—ના શેઠ, એમાં ઓછું નહી.

ધૈર્યસીહ—ભલે ત્યારે લો રૂપીઆ ૧૦૦ આપુ છું (એમ કહી રૂપીયા ૧૦૦ ગણી આપે છે તે લઇ મહારાજ પોતાના શીષ્ય સાથે વીદાય થાય છે.)

મહારાજના ગયા પછી શેઠે વીચાર કર્યો કે, આ વાળીમાં દેખીતોજ રૂપીયા ૨૫ નો નફો છે કારણ કે, રૂપીઆ સવાસોની વાળી છે આવી રીતે પ્રસન થતાં, વાળીને દુકાનમાં પેટીમાં મુકી, તેને તાળુ વાસી, પછી પોતે દુકાન બંધ કરી ઘેર જમવા માટે આવ્યો. રસ્તામાં સાધારણ રીતે તેને વાળી ઉપર કંઇ વહેમ આવ્યો હશે, એ ઉપરથી ઘેર જઇને પોતાની સ્ત્રીને દાગીના પહેરવાને કહેવું.

એમ વીચાર કરતો ઘેર આવ્યો ને જયાને કહ્યું કે જમવાની કેટલી વાર છે? શેઠાણીએ ઉત્તર દીધો કે જમવાની રસોઇ તૈયાર કરી બેસી રહી છું, તમો આવો તેટલીજ વાર છે.

ધૈર્યસીંહ—આજ મારા દીલમાં એવો એક વીચાર આવ્યો છે કે હું મારા દાગીના પહેરૂં, ને તુ તારા દાગીના પહેર, પછી આપણે જમવા બેસીએ.

શેઠનાં વચન સાંભળી પરમ સાધ્વી શેઠાણીથી ના કેમ કહેવાય, તેણે કહ્યું બહુ સારૂ, જેવી આજ્ઞા, એમ કહી શેઠાણી પોતે પોતાના ઓરડામાં ઘરેણાં પહેરવા ગયાં. હાથના છંદ, કોટમાં સોનાનો હાર, પગમાં સોનાનાં ઝાંઝર વીગેરે અનેક અલંકારો ભારે કીમ્મતના પહેર્યાં, પણ આભુષણોનું ભૂષણ જે નાકની વાળી તે તો બ્રાહ્મણને દાનમાં અપાઇ ગઇ છે, તે વાળી વીના નાકે શું પહેરવું ? માત્ર વાળીતો એકજ હતી. સર્વ દાગીના પહેર્યાં પણ વાળી વીના મુખની કાંન્તી કેમ સારી દેખાય. વળી તે છુપાઇ રખાય તેવી નથી. કારણ કે મુખનો ભાગ દેખતાં નાક પર નજર આવેજ. આજ સમયે પવીત્ર બાઇ જયાને સમજણ પડી કે મારા સ્વામીએ કોઇ દીવસ નહી ને આજે ઘરેણાં પહેરવાની ઇચ્છા કરી, તેથી શું તે આ વાળી દાનમાં બ્રાહ્મણને આપી તે તેઓ જાણતા હશે ? ભલે તે જાણતા હોય તો પણ, મારે તો તેમને કહેવું નથી, આમ વીચારી શેઠાણી વીમાસણ કરે છે. તેને વાર થઇ તેથી શેઠ બહારથી બોલાવી કહ્યું કે જલદી કરો મને ભૂખ લાગી છે. આટલી બધી વાર શું કરો છો ? શેઠાણીએ ધીર રહીને જવાબ આપ્યો કે તમે તો ઉતાવળ કરીને ઘરેણાં પહેરી લીધાં પણ મારે તો હજી વાર છે.

શેઠ—ધાર ધીમે ધીમે પહેરો.

શેઠાણીએ વિચાર કર્યો કે હવે કેમ કરવું. વાળી વીના શું પહેરવું ? વાળી તો એકજ હતી, મારે સ્વામીને આ વાત કહેવી નથી ને વાળી વીના મને જોશે ત્યારે વાળી કયાં ગઇ ? આવું પુછશે તો પ્રતીઉત્તર શું આપવો ? આ માટે ભકિતવાન શેઠાણી ઘણાં મુંજવણમાં પડયાં, ને ઘણો વખત વીચાર કરવામાં કાઢયો, પણ તેને એકે ઉપાય હાથ લાગ્યો નહી. માત્ર તેને તો હવે પોતાની દેહની સમાપ્તી કરવી એજ નીશ્ચય ઉપર આવી; પ્રાણ ત્યાગની તૈયારી કરવા લાગી. મરણ શીવાય બીજો એકે માર્ગ નથી એમ તેને ભાષ્યું. તેથી તેણે પોતાના હસ્તની રેખાની વીંટીએ સાચી હીરાકણીઓ જડેલી હતી, તે વીંટી વાડકીમાં પાણી લાવી તેમાં બોળી ભાર દઇ ઘણી વાર ઘસી એટલે પાણીમાં હીરાકણીનો રંગ બેઠો. તેને હાથમાં લઇ પરમાત્માની સ્તુતી કરી પીવાની તૈયારી કરવા લાગ્યાં.

સ્તુતી.

રાગ. દીલખુસ પ્યારી રાજકુમારી કેમ રટે અહીં એકલી એ.

જય જય વીઠ્ઠલ જય જય વીઠ્ઠલ, જય જય વીઠ્ઠલ વનમાળી.
ચરણે નામું પદરજ પામું, ભવ દુઃખ વામું તમ ભાળી.
નથી મુજને ઇચ્છા અન્ય કાંઇ એક શરણ તમ સાચું,
આ જગની જંજાળ જુલમ ટળી હરી તમને જાચું.
ગર્ભવાસનાં દુઃખ અસહ્ય જે એથી અળગાં કરજો,
વીપત્તિએ વ્હારે આવી વીઠ્ઠલ આપદ સૌ હરજો.
ઇચ્છું શરણું શ્રીજી તમારૂં અરજી ઉરમાં ધરજો.
નીરંતર રાખો તમ ચરણે સુમતી હૃદયે સરજો.

આ પ્રમાણે સ્તુતી કરી વીષવત હીરાકણીઓ ઘસેલી વાડકી મોઢે માંડી પીવા જાય છે તેટલામાંજ દીનદયાળ, ભકતવત્છલ, અદ્ધમ ઉદ્ધારણ, પ્રભુએ એ વાડકીમાં વાળી નાંખી દીધી. અહો દીનાનાથ કેવી કાળજી, કેટલી ઝડપ, કેવું અદ્ભુત કાર્ય, કેવી દયા, કેવી ભક્તની સંભાળ હે! ઘટ ઘટના વ્યાપક ઇશ્વર તમારી અપાર ગતીનું હું પામર પ્રાણી શું વર્ણન કરૂં!

વાળીના ખખડાટથી ભક્તીવાન શેઠાણીએ જોયું તો વાડકીમાં વાળી દીઠી. જે વાળી પોતે બ્રાહ્મણને દાનમાં આપી હતી તેજ આ વાળી આ ચમત્કારથી ઇશ્વરના ગુણને યાદ કરતી પોતે કહેવા લાગી કે હે દીનાનાથ આવો પરીશ્રમ શા માટે લીધો? હે હરી આ કીંકરીને પ્રાણ તજતી જાણી વાલા વેગે પધાર્યા ધન્ય છે વીઠ્ઠલ ધન્ય છે વીઠ્ઠલ આમ પોતાના મનમાં ઇશ્વરી આશ્ચર્યનું સ્મરણ કરી પોતે વાળી નાકે ઘાલીને પછી બહાર આવ્યાં ને સેઠને કહ્યું કે જમવા પધારો?

શેઠ—ચાલો તૈયાર છું. શેઠ વાળી જોઇ પોતે સંકાસીલ થયો. પરંતુ કંઇ બોલ્યા નહી. તે બંન્ને સ્ત્રી પુરૂષ જમવા બેઠાં જમી રહ્યા પછી. શેઠ તુરત પોતે દુકાને ગયા. ત્યાં જઇ જે પેટીમાં વાળી મુકી હતી તે પેટી ઉઘેડી જોયું તો વાળી તેમાં દીઠી નહી. શેઠે પોતાની પેટીમાં વાળી મુકી હતી તે પેટીમાંથી વાળી ન જડી માટે તે પેટી તમામ ખાલી કરી બરાબર તપાસ કરી પણ તેનો પત્તો લાગ્યો નહી તેથી શેઠ ચમકયા. તેથી ઘેર આવી. તપાસ કરી પણ તે દીઠી નહી તેથી પાછા દુકાને ગયા. એમ દસ પંદર વખત ઘરને દુકાન કરવા લાગ્યા. ત્યારે ભક્તી-

ધાન શેઠાણીએ પૂછયું કે સ્વામીનાથ આમ કેમ જાવ આવ કરો છો? ઘણીવાર આવ્યા ને ગયા. તેનું શું કારણ છે?

શેઠ—કારણ શું કહું? આજ તો રૂપીઆ પચીસ કમાયો એમ ધારતો હતો પણ પેદા કરવાને બદલે ઉલટા રૂપીયા સોનું નુકસાન થયું છે.

શેઠાણી—નુકશાન કેવી રીતે થયું? જરા ઠંડા પડી ગભરાયા વીના મને કહો.

શેઠ—સાંભળ, આજ બપોરે કોઇ એક બ્રાહ્મણ એક વાળી લઇ મારી દુકાને આવ્યો ને તેણે વેચવાની કહી તેથી મેં કીમ્મત કરી તેને રૂપીઆ સો આપ્યા—વાળી રૂપીઆ સવાસોની હતી તે વાળી હું ઘેર જમવા આવ્યો ત્યારે પેટીમાં મુકીને તાળું વાસી આવ્યો હતો હવે અહીંથી જઇને તપાસ કરી તો તે વાળી ત્યાં નથી ગમે તે કોઇ લઇ ગયું.

શેઠાણી—વાળી કેવી હતી?

શેઠ—તેં નાકે ઘાલી છે. તેવીજ ને તેના જેવીજ તે કહીએ તો પણ ચાલે.

શેઠાણી—અપરાધ માફ કરશો. હું આપના આગળ સાચું કહીશ મેં આ વાળી એક બ્રાહ્મણને પોતાના શિષ્યને જનોઇ દેવાને રૂપીઆ સો જોઇતા હતા. તેમાં આપી હતી. મારી પાસે એ બ્રાહ્મણે માગણી કરી તેથી મને દયા ઉત્પન્ન થવાથી આપવાનું મન થયું ત્યારે મારી પાસે મારા પીએરની જે વાળી હતી તે મેં એ બ્રાહ્મણને આપી દીધી ઇશ્વર ઇચ્છા એવીજ

હશે કે એ બ્રાહ્મણની પાસેથી તમે વેચાતી લીધી પછી તમો ઘેર આવ્યા ને જમવાને કહ્યું ત્યારે તમોએ મને ઘરેણાં પહેરવાને કહ્યું મેં બધાં પહેર્યાં પણ વાળી વિના શું પહેરૂં ? તેથી ઘણી મુંજવણમાં પડી પછી છેવટે પ્રાણ ઉપર આદરીને હીરા કણી ઘસી તેનું પાણી કરી પી ને મરવા તૈયારી કરતી હતી પણ તેવામાં દીન દયાળ પ્રભુએ વાળી હું જે વાડકામાં પીતી હતી તેમાં નાખી એ પ્રભુની આપેલી વાળી પહેરી હું બહાર આવીને તમને જમાડયા. તમો જે બ્રાહ્મણ પાસેથી વેચાતી રાખી હતી તે આ વાળી છે. આપ આજની હકીકતથી સત્ય માનજો કે, આપણે ત્યાં પોતે પ્રભુ પધારી આપણું ઘર પાવન કરી ગયા છે. માટે મારૂં કહ્યું માનીને આ જે લક્ષ્મી છે, તેનો સારો રસ્તો કરો જે પ્રભુએ આપ્યું છે, તેમાંથી ધર્મ, પુન્ય, દાન વીગેરે સારૂ કામ થાય તેજ સદ લક્ષ્મી કહેવાય ને પછી પ્રભુએ આપ્યા છતાં, જે મનુષ્ય ધર્મ માર્ગે નથી વાપરતા તેઓ ધિક્કારને પાત્ર ગણાય છે તમે એમ ધારશો નહી કે, આપણે પુન્ય દાન કરીએ તો લક્ષ્મી ખુટી જાય, પણ તેમ નથી. જેઓ વાપરે છે તેને ત્યાં ઇશ્વર ઇચ્છાએ બમણી સંમૃદ્ધી થાય છે. વળી એક વાળીના દાખલા ઉપરથી સમજશો, તો ઘણુંજ છે કારણ કે, જે વાળી તમે તાળાં કુંચીથી કબજે કરીને મુકી હતી તે વાળી ઉપરનો તમારો કરેલો કબજો રદ થયો ને ત્યાંથી મારી પાસે આવી માટે હે સ્વામીનાથ, આ તમામ સંમૃદ્ધી ઇશ્વરનેજ અર્પણ કરો. શેઠાણીની હકીકત સાંભળી શેઠ કેવળ અજાયબ બની ગયા, ને ઘણું આશ્ચર્ય માની પરમાત્મા પ્રત્યે

સદ્ભાવ રાખવા લાગ્યા. તેજ દીવસે પોતાની સંમૃદ્ધીનો મોટો ભાગ બ્રાહ્મણ, સાધુ, લુલાં, અપંગ, અંનક્ષેત્રાદીકમાં વાપરવા લાગ્યા ધર્મશાળાઓ, અનાથાશ્રમોને નિરાધાર મનુષ્યોને, મદદ કરવા લાગ્યા. જે શેઠ પોતાની જાતે કોઇ દીવસ એક પાઇ પણ વાપરતો નહતો તે આજે લાખો રૂપીઆ વાપરે છે આ સદ્માર્ગનું પગથીઉં ભકતીવાન શેઠાણી છે. જે શેઠાણી પરમાત્માનું ધ્યાન ધરતી દયા દીનતા રાખતી તથા પરોપકાર વૃત્તીમાં રહેતી, તથા સાધ્વીના ગુણો વર્તતી હતી. તે બાઇના સદાચારને ભકતીના પ્રતાપે, તેને પરમાત્માએ દર્શન આપી આ સારા માર્ગરૂપી ચમત્કાર દર્શાવ્યો તે ઇશ્વર કૃપાએ કરી તે સ્ત્રી પુરૂષ સારા સંસ્કારને પામી આ લોકમાં દાન પુન્ય ભકતી કરી પરલોકમાં પરમાત્માના ધામને વિષે પ્રાપ્ત થયાં

ઇતિ સીવં. દ્રષ્ટાંત સમાપ્ત.

વિવિધ બોધ.

ભાવી ન મટ્યા વિશે.

રાગ. દેખા નહી કુચ્છ સાર જગતમે દેખા નહીં.

ભાવી ન મીથ્યા થાય જગતમાં ભાવી ન મીથ્યા થાય,
કોટી કરો ઉપાય જગતમાં ભાવી ન મીથ્યા થાય. ટેક.

રામચંદ્રજી રાજ્ય બેસતાં પોતે વન પળવાય,
કાપડી વેશે પાંન્ડવો આવી દ્રોપદી પરણી જાય, જગત ૧

હરીશ્ચંદ્ર રાજા સત્યવાદી કાશી નગર વેચાય,
નળ રાજા મહા દુખ પાંમતાં કરી ન કોઇએ શાય. જગત ૨

પુનઃ યુદ્ધીષ્ટીર ધ્રુત રમતાં સંમ્રૃદ્ધી સકલ હરાય,
ગોપીચંદને ભરથરી ભાળો ભાવીએ ભભુંત લગાય. જગત. ૩

દક્ષ પ્રજા પતિ યજ્ઞ આદરે ગંગાધર[1] કોપાય,
વિરભદ્ર દ્વારા દક્ષસીસને યજ્ઞ કુંડે હોમાય, જગત. ૪

થયુ થવાનું થાય સરવે ભાવી ન કોથી હઠાય.
હીરાલાલ હરી હરનુ બનાવ્યુ તજ મન તુ ચીન્તાય. જગત. ૫

ધીરજ વિષે.

મનહર છંદ.

ધીરજ ધરોને જન દુખના સમય વિષે,
ધીરજ ધરીને યોગ્ય ઉપાયને આદરો.
ધીરજથી પાંન્ડુ તન પાંન્ડવોએ કષ્ટ સહ્યું,
હીમતન વિસાર્યાથી દીઠા દીન પાધરો.
ધીરજથી ધરણીવર સાય થાય સુખકર,
માટે જૈન ધૈર્ય ધર થઇસ ન બાવરો.
કહે હીરાલાલ શુણો સજ્જનો ધીરજ ધરો,
ધીરજ ધરીને અરી દુખ દુર વાદળો.

---

૧ સદાશીવ.

સ્વાર્થીજન વીષે,

મનહર છંદ.

પોતાના સ્વારથ માટે અન્યને કુપમાં નાંખી,
આપના કાર્યને શાધી રળીયાત થાય છે.
દયા નહી અંતરમાં પરાયાના આતમાની,
એવા પાપી પાપ કરી ઘણુએ પરતાય છે.
વિચારે ન બુદ્ધી એની વીવેકને વાટ આપે,
પોતાના સ્વારથ માટે અતી મલકાય છે.
કહે હીરાલાલ અરે ધીક છે સ્વારથીજનો,
પાપ પંથ આદરીને સુખ લેવા જાય છે.

કૃપણના ધન વિષે.

છપય છંદ.

ધીક કૃપણનૂ ધંન અરથ પરને ન આવે,
ધીક કૃપણનૂ ધંન ખાય નહી નહીં ખીલાવે.
ધીક કૃપણનૂ ધંન અંગ પુરૂ નહિ ઢાંકે,
ધીક કૃપણનૂ ધંન હજારો ભરીઓ વાંકે.
ધીક કૃપણના ધંનને ડાટયુ પણ ખરચ્યુ નહી,
હીરાલાલ એ અહી[1] થઇ અંન્ય[2] જન્મ પામે સહી.

---

૧. સર્પ. ૨ બીજા જન્મમાં.

કૃપણના કામ વીષે.

છપય છંદ.

ધીક કૃપણનૂં કામ કોડિ પરને નવ દેતો,
ધીક કૃપણનૂં કાંમ અપયશ[1] મુકયો વહેતો.
ધીક કૃપણનૂ દામ લાભ કોઇને ના આપ્યો,
ધીક કૃપણ વિદ્યાય નકાર[2] ભણવામાં જાપ્યો.
ધીક કૃપણના ધનને ધીક કૃપણ નરનારીને,
હીરાલાલ કૃપણજનો છેવટ જશે ધન હારીને.

સત્ય વચન વીષે.

છપય છંદ.

સત્ય વચન સુખદાય શાંન્તી છે સત્ય વચનમાં,
સત્ય વચન તપ સાચ તેજથી તપસે તનમાં.
સત્ય વચન હરીશ્ચંદ્ર હરીનો મારગ ઝાલ્યો,
સત્ય વચન વદનાર સ્વર્ગ સીડી પદ ચાલ્યો.
સત્ય વચન સુખ દે બહુ ધર્મ તણું એ મુળ છે,
હીરાલાલ સત્ય વિના બીજુ સરવે ધુળ છે,

---

૧. જસ નહી તે. ૨. કકામાં ન, ઘુંટવામાં ઘણીમેહનત કરેલી તે.

શત્ય વચન વિશે.

છપય છંદ.

સત્ય વચન વદનાર મહા ધર્મી તે જાંણો,
સત્ય વચન વદનાર નીતીએનેજ પ્રમાણો.
સત્ય વચન વદનાર હરી છે તેની પાસે,
સત્ય વચન વદનાર મોક્ષપદ તે જન જાસે;
સત્ય વચન વદનાર એ સહુ સંકટ ને ત્યાગસે,
હીરાલાલ સત્ય વાંણીથી પુર્વ પુણ્યપદ જાગસે.

અભીમાન તજવા વિશે.

છપય છંદ.

તજ મન તુ અભીમાન ગર્વે રાવણ રોળાયો,
તજ મન તુ અભીમાન દુર્યોધન ગર્વે ખોળાયો.
તજ મન તુ અભીમાન રત્નાકર સામુ ભાળી,
તજ મન તુ અભીમાન સમજ લેને મનવાલી.
તજ જે મન અભીમાનને ગર્વ થકી ગુણ સૌ ટળે.
હીરાલાલ અભીમાનથી વૈભવ વિખરાઇ ચળે.

સંત સમાગમ વિશે.

છપય છંદ.

સંત સમાગમ સુગમ સુફળ દાતા બહુ એ છે,
સંત સમાગમ સુગમ સ્વર્ગ સીડી પદ દે છે.
સંત સમાગમ સુગમ મહર[૧] જન તપથી ભારે,
સંત સમાગમ સુગમે અમર આદીથી વધારે.
સંત સમાગમ સુગમ છે સર્વ પુણ્યમય ધામ એ,
હીરાલાલ સંત સંગથી પ્રાપ્ત થાય હરી નામ એ.

સંત સમાગમ વિશે.

છપય છંદ.

સંત સમાગમ કામ પુર્વના પુણ્યે કરશે,
સંત સમાગમ કામ વિરલા તેમાં ભરશે.
સંત સમાગમ કામ સર્વ સીદ્ધી ફળ આપે,
સંત સમાગમ કામ નામ રૂદીયામાં વ્યાપે.
સંત સમાગમ કામ જે દૈવી જીવો આદરે,
હીરાલાલ કહે સંતના સમાગમે પાપો હરે.

વિવેક વિનાના મનુષ્ય વીશે.

મનહર છંદ.

વિવેક વિનાના જાણો મુંઢ જન ખરે ખાત,
વિવેક વિનાના ગર્ધ રૂપ તો પ્રમાણીએ;

---

૧ સત્યલોકમાં પુણ્ય ધામ છે.

વિવેક વિનાના શુન્ય જંગલી બેશક પ્રાણી
વિવેક વિનાના શ્વાંન કોટી માંહી આંણીએ
વિવેક વિનાના પશુ તુલ્ય ગણે સજ્જનો એ
વિવેક વિનાના મંદ બુદ્ધિવાન જાણીએ
કહે હીરાલાલ સત્ય અવિવેકીઓની ગત્ય
રૂડી નહી તેની મત્ય અવિવેક હાંણીએ

સાહસ વિષે.

છપયછંદ.

કરો ન સાહસ કોય સાહસે હાંની જોસો
કરો ન સાહસ કોય સાહસો કરીને રોસો
કરો ન સાહસ કોય મુર્ખતા એમાં મોટી
કરો ન સાહસ કોય એહ રીતી છે ખોટી
કરો નહી સાહસ કદી વિપદમાં આવી ચડો
હીરાલાલ કહે સજ્જનો સાહસથી સંકટ પડો.

સાહસ વિશે.

છપયછંદ.

સાહસ જે કરનાર નરનારી ભલે હોયે
પાંમે નહી એ સુખ દુખ દાવાનલ સોયે

સહસાનો સંતાપ સવ તાપોમાં ભારે
સહસા દુખ દરીઆવ બાજી જીતેલી હારે
સહસા કામ જે જન કરે તે મુરખ પ્રમાણવા
હીરાલાલ એ મનુષ્ય નહી ખરે જનાવર જાણવા

સંતોષ વિશે.

છપયછંદ.

સંતોષી જન જેહ તેહ સુખી છે સાચો
સંતોષી જન જેહ એહ શ્રીહરીને રાચ્યો
સંતોષી જન જેહ કામ સારાં તે કરશે
સંતોષી જન જેહ પાપ પ્રપંચથી ડરશે
જે સંતોષી જન છે તેને ઉપમા દેવની
હીરાલાલ સંતોષ પદ પ્રભુ નામના સેવની

દયા વિશે.

છપયછંદ.

દયા નહી મનમાંય અધર્મી તેને જાણો
દયા નહી મનમાંય પાતકી એજ પ્રમાણો
દયા નહી મનમાંય હરીથી છે તે છેટો
દયા નહી મનમાંય નર્કદ્વારે તે પેઠો
દયા નહી અંતર વિષે એ પાપી જાણો બહુ
હીરાલાલ દયા વિના નીચ જન તેને કહુ

કરજ વિશે.

મનહર છંદ.

કરજ કરીને કોઇ કરો નહી કામ કદી
કરજ ને કારમો કર્તા તજ[1] જાણજો
કરજ એ કોડ કામ નહી લેશો એનું નામ
અસુખમાં આડે ઘડી કરજ પ્રમાણજો
કરજ કરીને કોઇ સુખી નથી થાસે નહી
કરજ એ માહા ધાટી મોટી એ છે હાણજો
કહે હીરાલાલ છંદ કંદમુળ ખાઇ રહો
કરજ કરીને કોઇ ઉધાર ન આણજો.

સજ્જનના ગુણ વિશે.

મનહર છંદ.

સજ્જનના ગુણ હોય સાગર સમાન આહા,
મધુર વચન વડે સીતળતા વ્યાપે છે;
ન્યુન્ય બુદ્ધિ એથી કોઇ કરે અપકાર કદી,
ઉદાર મેઘની તુલ્ય શાંન્તી વારી આપે છે.
અહંકારે શુન્ય સંખ્યા છીદ્ર કાંઇ શોધે નહી,
કાગને[2] મક્ષીકા[3] ગુણ દુર કરી આપે છે;
કહે હીરાલાલ સત્ય સજ્જનના ગુણ ભણી,
આત્મ શ્લાઘા[4] પરનીંદા તજી દુખ કાપે છે.

---

૧. યમરાજ. ૨. કાગડો. ૩. માંખ. ૪. પોતાનાં વખાણ.

પવિત્ર જીંદગી ગાળવા વિશે.

મનહર છંદ.

પવિત્ર માણસ તણા જીવનને ધન્ય ગણો,
જેણે જગ જન્મ ધરી રૂડી કૃતી આદરી;
માનની મોટાઇ તજી સત્યતા સર્વ સજી,
અહોનીશ હરી ભજી દયા નીતી વાપરી;
કામ ક્રોધ મદ લોભ તજ્યા અવગુણ સહુ,
વચન મધુર વદી નીસ પાપતા ભરી;
કહે હીરાલાલ સુણો સર્જન સુપાત્ર શાંણા,
જ્ઞાન ધ્યાન માન રૂડાં જીંદગી એ પાધરી.

શ્રદ્ધા વિશે.

છપય છંદ.

શ્રદ્ધા ધર સુજંન શ્રદ્ધાથી ફળને પામો,
શ્રદ્ધા ધર સુજંન શ્રદ્ધાએ દુઃખને વામો;
શ્રદ્ધા ધર સુજંન હરી ભજવાને ભાવે,
શ્રદ્ધા ધર સુજંન શ્રદ્ધાએ સીદ્ધિ આવે;
શ્રદ્ધા ધરજે સુજંનરે ઉત્તમ ફળ તે આપશે,
હીરાલાલ ભવસિન્ધુમાં શ્રદ્ધા સંકટ કાપશે.

મૂઢ જન વિશે.

મનહર છંદ.

મુંઢ જન મતીલા એ માહા પાપી તેને જાણો,
સ્વારથમાં રચ્યા પચ્યા રેહી વય ગાળે છે,
ઉદારતા ઉર નહી કુપાત્રતા ક્રૂર અહી,
સુપાત્રને જાણે નહી સઘી એક ભાળે છે;
પોતાના સ્વારથ માટે અન્યનું અહીત કરે,
દયા નહી લેશ એવા સત્યને પ્રજાળે છે;
કહે હીરાલાલ અરે ધીકાર સ્વારથી તને,
પોતાના કાર્યને માટે પાપી પેટ બાળે છે.

કાળ ક્રીડા વૈરાગ્ય વીસે.

દોહરા.

માંન્ધાતા નળ નરપતી ન હું સકર્ણને ભોજ,
પાંન્ડવને કૌરવ ગયા મુકી માયા મોજ. ૧

નંદ ગયો નાણું તજી ગયો રાવણ લંકેશ,
કુંભકર્ણ આદી ગયા રૂઠયા જ્યાં અવધેશ. ૨

બળિઓ બાણ[૧] તજી ગયો, સહસ્ત્રકર[૨] પરિવાર,
ભીસ્મ દ્રોણ ચાલ્યા ગયા, સગરા[૩] સાઠ હજાર. ૩

---

૧ બાણાસુર. ૨ હજાર હાથ. ૩ સગર રાજા.

સત્ય ભગીરથ[1] ભારતી વિર વીક્રમ વિરસેન,
મતવાલા જે મહીપતી વાલી ને વળી વેન. ૪

હરીશ્ચંદ્ર દાનેશ્વરી પ્રોઢાં ઉજ્વલ કામ,
પ્રથૂ રઘૂ પ્રતાપસિંહ પામ્યા કાળ વિરામ. ૫

જેની ધાકે ધ્રુજતા એવા છપન ક્રોડ[2]
કાળે કીધા કોળીયા તજીયા સરવે હોડ. ૬

અરે જીવ વિચારી જો જગમાંનું જીવંન,
નાસવંત આ દેહ છે. નાસવંત છે ધન. ૭

ક્ષણમાં દેહ ટળી જશે રંકરાય જન હોય,
ક્ષણમાં આયુષ જાય છે. દીન ઉગે તુ જોય. ૮

દુખનો સાગર દેહ છે સુખના સાગર રામ,
વૈરાગે સમજી સદા કરો દિનતા એ કામ. ૯

જાવું જરૂર વિચારવું જાયા જાય જરૂર,
જનમ્યા તે અમર નહી નીશ્ચે કાળ હજુર. ૧૦

કોઇ મરે કંઈ અવતરે કોઇ રૂવે કોઇ ગાય,
કોઇ નિર્ધન સુખીઆ ખરા વિવિધ વિશ્વ દેખાય. ૧૧

જનમ્યા સર્વ જનાર છે દેહ મરણની ટેવ,
હીરાલાલ આ ખલકમાં હરિનામ સત્યમેવ. ૧૨

---

૧ ગંગાને પ્રથ્વીપર લાવનાર. ૨ યાદવો.

જીભ્હાની મીઠાસ વીષે.

મનહર છંદ.

જીભ્હાની મીઠાસ થકી જગતમાં જસ બહુ,
જરૂર વચન મીઠાં અમૃત મનાય છે;
જીભ્હાની મીઠાસ માહા ગંગનો પ્રવાહ પુર,
શીતળ વચન શાણા અંગમાં સમાય છે;
શું વાક્યના શ્રવણથી શત્રુનો સંતાપ ટળે,
દુર વાક્ય દુખદાયી સઘળે જણાય છે;
કહે હીરાલાલ સત્ય મીઠા વેણની અગત્ય,
રસના[૧] અમૃત વાણી પ્રેમથી પંકાય છે;

જીભ્હાની મીઠાસ.

મનહર છંદ.

જીભ્હાની મીઠાસ ધરે સંકટ સર્વ હરે,
શત્રુથી કદી ન ડરે વાણી એ અમૃત છે.
જીભ્હાની મીઠાસ ગ્રહે ભારતી પ્રસંન થઇ,
જીભ્હાની મીઠાસ વડે જ્ઞાની ગુણવત્ત છે.
પ્યારી વાણી સાંભળીને કહો નહી કોણ ખુશી.
મધુર વચન માહા દાંનનું એ દત્ત છે,
કહે હીરાલાલ સત્ય વાણીના વિલાસી સુણો.
શુવાંણી ભંડાર એજ જ્ઞાનની સંપત્ત છે.

---

૧ જીભ.

જીવ્હાની મીઠાસ વીસે.

મનહર છંદ

ગાળ દેઇ કદી કોઇ સાકરનો સ્વાદ આપે,
ગાળ વડે ગળપણ અદ્રસ્યજ થાય છે,
મીઠા વેણે વીનવી અફીણ આપીને કહે.
બાપુ વિરા આટલુંજ એમ કહી પાય છે,
મધુર વચન થકી કડવું અહીનું ફીણ
નહી લેનારાઓ પણ શુ વાક્યથી ખાય છે,
કહે હીરા લાડ સત્ય મધુર વાણીને ભણો:
રસના અમૃતમય દાખે દુખ જાય છે,

લોભ તજવા વીષે.

રાગ પ્રભાત.

લોભ તજ લોભ તજ માનવી:
લોભનાં લક્ષણો બાળ દુરથી,
લોભમાં લાભ નહી આભ કરમાં ગ્રહે;
થાપ મારે ટળે કામ મથી, ૧
લોભની લેહેર એ જાણજે ઝેહેર એ
ફેર કરે કંઇ કામ કરતાં
લોભનો વાદળો જાણ નહી પાધરો
લોભનાં લક્ષણો જેહ ભરતા

લોભના ગુણને ત્યાગનો સજ્જનો,
લોભ છે પાપનું મુળ પહેલું
માટે હીરા રૂદે ગ્નાન જ્યોતે[1] ધરી
લોભ ત્યાગે આવે સત્ય સહેલું.

ક્રોધ વિસે.

કુંડલીયા.

બુરો ક્રોધ જન જાણજો, બુરાં ફળ દે દુઃખ
માટે સજ્જન ત્યાગજો જેથી પામો સુખ.
જેથી પામો સુખ ક્રોધ કડવાને ત્યાગી
ક્રોધ પાપ પ્રકાશ રહો છેટા ઝટ ભાગી[2]
કહે સત્ય હીરાલાલ શાન્તી રાખે એ શૂરો
ક્રોધ ક્રૂર કૃતાંત ખરે એ છે માહા બુરો.

ક્રોધ વિસે.

છપય છંદ.

તપસી ધારે ક્રોધ ત્વરીત[3] તપ તેનું ભાગે
ઘરે સંસારી ક્રોધ કુટંબમાં અગ્ની લાગે
રાજન ધારે ક્રોધ પ્રજાદી આપ હણાયે
વિપ્ર વંશધરે ક્રોધ કાળ પુરેજ તણાયે,

---

૧ જ્ઞાનરૂપી દીવો. ૨. નાસી. ૩. ઝટ.

એમ વિશ્વ સકળમાં ક્રોધ જે માહા કેર કરનાર છે;
હીરાલાલ કહે ક્રોધથી કોણ જંન તરનાર છે.

દોહરા.

ક્રોધ તજોને માનવી ક્રોધ કલેશનું મૂળ,
ક્રોધે કંઇક મારીયા નાસ કર્યાં છે કૂળ 1
ક્રોધ જાત છે નીચની નીચ સ્પર્શ કરે નીચ,
માટે ગુણીજન ત્યાગજો ગુણ હીણો જે કીચ[1]; 2
ક્રોધ કરે દુખીઆ થશો પુણ્યે સર્વ પળાય,
અસુખમાં આઠે ઘડી ક્રોધ કરેથી થાય; 3
ક્રોધ કેર કરનાર છે સત્ય શાંન્તી પ્રજાલ,
ટાળો કૂંડા ક્રોધને કહે છે હીરાલાલ. 4

કૃપણના ધન વિષે.

દ્રષ્ટાંત.

પુર્વે પતીત પાવની પવિત્ર સરસ્વતી સરીતાના, તટ ઉપર એક મેઘ નગર કરીને, શેહેર હતું. તેમાં એક કરમચંદ કરીને વણીક રહેતો હતો. તેને સ્ત્રી હતી, તે બન્ને સ્ત્રી પુરૂષ માહા કૃપણ હતાં. કરમચંદને ધીરધારનો મોટો વેપાર ચાલતો હતો. તે વેપારમાં, પુષ્કળ ધન પેદા કરતો હતો. તેથી તેની પાસે લાખો રૂપીઆની, સમૃદ્ધિ થઇ હતી. પરંતુ કોઇ દીવસ પરોપકારમાં, યા પુણ્ય દાનમાં, એક પાઇ સરખી પણ તે વાપરતો નહોતો કરમચંદની સ્ત્રી પણ

---

1 કાદવ.

માત્ર કૃપણ હતી, તે સ્વામી દુર્ભાગીના સહેવાસથી, ઉદારપણું તેનામાં લગારે હતું નહીં આ શેઠને વયોવૃદ્ધ થયા છતાં, કાંઇ પ્રજા નહોતી. માત્ર પોતાના ભાઇના દીકરા હતા, તે છોકરાઓને તેનાં માબાપ બાળપણામાં મુકી, ગુજરી ગયાં હતાં. તેથી તેની સંભાળ કરમચંદ રાખતો હતો. છોકરાઓ જુદા હતા, તે સાધારણ રીતે વેપાર કરી પોતાનું ગુજરાન નીભાવતા હતા. તેઓની સ્થીતી બહુ દુર્બળ હતી, ત્યારે કરમચંદભાઇને ત્યાં લાખો રૂપીઆની સમૃદ્ધિ છે. આ સમૃદ્ધિમાંથી, કોઇ દીવસ કાંઇ પણ ખર્ચ કરવામાં આવતું નહોતું. એક પાઇ ખરચવી ને મરવું એ બે બરાબર હતું. કરમચંદનું દૈનીક વર્તણુક એવું હતું કે, સવારમાં ઉઠીને, ચોપડા લેઇ ઘોડા ઉપર બેસી, ગામડે ઉઘરાણી જતો હતો. તે ત્યાંથી મોડા બપોર પછી ઘેર આવે, તે પોતાને સાં જે રોટલા દાળ કરી મુકી હોય, તે ખાઇ લે. બપોર પછી તે દરરોજ ખાતો, એટલે સાંજે વાળુ કરવું પડતું નહી. આવો ક્રમ હમેશાંનો હતો, દરરોજ ઉઘરાણી કરવા જવું, એક દીવસ ઘેર ન રહેવું, આવી રીતની નીરંતર તેને રખડપટી થતી હતી. પોતાના પેટને પણ જેણે પોસ્યુ નથી, તે બીજાને આદર સત્કાર શુ કરે, અફસોસ છે કે, કૃપણ જનો તમે ધન ભેગું કરી શું કરશો. પ્રભુ એ તમને આપ્યું છે, છતાં વાપરતા નથી. કોઇના ઉપયોગમાં આવવા દેતા નથી, એ કાંઇ તમારી ઓછી અજ્ઞાનતા છે? જે ધન ભેગુ કર્યું છે, તેને સાચવો છો, સંભાળો છો, તમારૂં માનો છો, તેમાં કાંઇ વિશેષ નથી. કારણ કે તે ધનનો સદઉપયોગ કીધો નહી, પછી શા કામનું ? વાંચનાર, આ કરમચંદના સંબંધમાં શું થયું તે જાણવા આતુર હશો. તે વિષે એમ બન્યું કે, કરમચંદને

જે બે ત્રણ ભત્રીજાઓ હતા, તે પૈકીમાંથી સૌથી મોટો લાલચંદ કરીને હતો. તેની સ્થીતી સારી ન હોવાથી, તેને કોઇ કન્યા આપતું નહોતું એક સમયે લાલચંદે પોતાની કાકીને કહ્યું કે, કાકી, તમો મારે માતુશ્રી તુલ્ય છો તેથી તમને મારે કાંઇક કહેવું છે, જો તે સાંભળો ને હ્રદયમાં ઉતારી, અમારૂં ભલું થાય તેમ, કરો તો કહું. કાકીએ જવાબ દીધો કે, ભાઇ તારે જે કાંઇ કહેવું હોય તે મને ખુશીથી કહે, મારાથી બનતી મદદ થશે તે હું કરીશ. લાલચંદે કહ્યું કે, કાકી મારે કહેવાનું એ છે કે, અમો ગરીબ સ્થીતીના છીએ, માટે કોઇ કન્યા આપતું નથી. જો મારા કાકાને કહી, અમને રૂ. ૨૦૦૦ અપાવો, તો અમારા ભાઇઓમાંથી એક જણને કન્યા મળે તેમ છે. અમે નીર્ધન છીએ, તેથી પૈસા વીના, અમારૂં કામ અટકી પડયું છે. મને એક આપણી નાતવાળે પુછયું હતું કે, ભાઇ, તમને તમારા કાકા જો મદદ કરે ને રૂ. ૨૦૦૦ ખરચે, તો કન્યા મળે તેવો સંભવ છે. આવી હકીકત છે, માટે તમે જો મારા ઉપર દયા કરી, કાકાને વિનંતી કરી અમારૂં આટલું કામ કરશો, તો હું તમારો ઉપકાર માનીશ. વળી પૈસા પેદા કરીને તમારા આપીસ. આ સાંભળી કાકીએ કહ્યું કે, ભાઇ ઠીક છે, હું તારા કાકાને આ વાત કરીશ, ને મારૂં બનશે ત્યાં સુધી તને પરણાવવામાં મદદ કરીશ. લાલચંદે કહ્યું કે બહુ સારૂં.

આ વાતને થોડા દીવસ ગયા કેડે શેઠાણીએ એક દીવસ, પોતાના સ્વામી કરમચંદને વાત કરી કે, તમે તમારા ભત્રીજાઓને, પરણાવવા કાંઇ દીલ રાખતા નથી, તે મોટા થયા છે ને તેમને ડાળે વળગાડો તો ઘણું સારૂં કારણ કે તેમને માથે બાપ નથી, માટે

આપણે તેનું કર્યાં વગર ચાલે તેમ નથી. તેથી હજાર બે હજાર થાય તો પણ આપીને તેમને ઠેકાણે પાડો.

કરમચંદ—શું બોલી, હજાર બે હજાર એ શું બોલી. શું એ પૈસા કાંઇ વાપરવાના નથી. ઘણાએ તે કમાશે રળશે ત્યારે પરણશે. મારા પૈસાની સંબંધી, વાત તારે કરવી નહી.

શેઠાણી—અત્યારે તે કમાવા ક્યાં જાય, તેમને કોઇ કન્યાવાળો પુછતો હોય, તે કમાઇને પરણવા ઇચ્છે, ત્યાં સુધી કન્યાવાળો બેસી રહે? માટે વીચાર કરો કે; તમારા ભત્રીજા છે. તેમનું આપણે ન કરીએ તો બીજું કોણ કરે.

કરમચંદ—તેમને ગમે તેમ કરે, હું મારા પૈસામાંથી એક દોકડો આપનાર નથી.

શેઠાણી—તેમને નાનમ પડી છે, ને તમો તેમને માથે બાપ જેવા છો, ત્યારે તમારે શું આ કામ કરવું ના જોઇએ?

કરમચંદ—નાનમ પડી તો તેમને મેં મોટા કર્યાં છે. તે હવે રળે, અને પછી પરણે. મારા પૈસામાંથી હું તેમને આપનાર નથી. ભલે એમની કન્યા જાય, અગર ગમે તેમ થાય, તોપણ તારે મને કહેવું નહી.

શેઠાણી—જરા વિચાર કરો, આતો આપણો વંશ છે. કારણ કે તમારા ભાઇના દીકરા છે, તે તો તમારે દીકરા સમાન ગણવા, તેથી નજર રાખો.

કરમચંદ—અરે ગાંડી થઇ કે શું, જો જે આવું ફરીથી ન કહેતી, ઘણાય પરણશે, મને તારે કાંઇ કહેવું નહી. ખબરદાર, તારે

આજ પછી આ વાત ફરીથી મને કહેવી નહી. આમ કહી શેઠ કરમચંદ પોતાના કામે બાહાર ઉતાવળા ગયા. બાદ શેઠાણીએ વીચાર કર્યો કે, ભત્રીજા કુટીને મરે, અને હું મથીને મરૂં, તોપણ એક રાતી બદામ આપશે નહી. આવો નીશ્ચય થયો. પછી ભત્રીજા લાલચંદને બધી હકીકત કહી. તે સાંભળી દીલગીર થયો, ને કાકીને કહેવા લાગ્યો કે, કાકી, તમે મારે માટે કાકાને ઘણું કહ્યું, પણ તે કાંઈ મારૂં કામ કરે તેમ લાગતું નથી. જો તમે કરવા ધારો તો બની શકે, એમ મારો નિશ્ચય છે.

શેઠાણી—ભાઇ મારાથી શી રીતે બની શકે,

લાલચંદ—કાકા ના જાણે તેમ તમે મને આપો, હું તમારા જેવા લેઇશ તેવાજ પાછા આપીશ.

શેઠાણી—આવું છાનું કામ કરવું તે ઠીક નહી,

લાલચંદ—મારે માટે વાંધો નથી, હું તો તમારો દીકરો છું, ને તમો મારાં માતુશ્રી તુલ્ય છો. તેથી તમે જો આપશો, તો મારૂં કામ થશે. નહીતો બીજા કોઈ પ્રકારે મને પૈસા મળે ને હું કન્યા પરણું એ આશા વ્યર્થ છે.

શેઠાણી—ઠીક છે ભાઈ, વખત આવતાં બનશે તો બનાવીશું આવું કહી શેઠાણીએ વિચાર કર્યો કે, ઘરમાં મજુસ છે તેમાં રૂપીયાના થેલા (એસી હજાર) છે તે હું જાણું છું. તેની કુંચીઓ તે જ્યાં મુકે છે, તેપણ હું જાણું છું. પણ છાનામાના આપવા એ ઠીક નહી. કારણ કે, એ જાણે ત્યારે મને લડે,

ને કેટલાએક દીવસ સુધી તે ખાય પણ નહી. આવી ભાંજગડ શેઠાણીના દીલમાં થઇ, છેવટે સ્ત્રીનો સ્વભાવ કોમળ દયાળુ હોવાથી ગમે તેમ થાય પણ ભત્રીજાને રૂપીઆ આપવા. આવા દ્દઢ નીશ્ચય ઉપર તે આવી. આમ વીચારી તેણે એક દીવસનો પ્રસંગ જોઈ પોતાના ભત્રીજાને બોલાવ્યો. લાલચંદ આવ્યો. તેને શેઠાણીએ કહ્યું કે, ભાઇ તારા હીતની ખાતર હું મારા યોગ્ય કાંમ નથી, છતાં અન્યાય રૂપી ચોરી કરવા ધારૂં છું. તેનો ઉપકાર તું ભુલીશ નહી. કારણ કે તારા કાકા ન જાણે તેમ હું તને રૂપીઆ આપું છું તેનો વિચાર કરજે. આવું આવું કહી શેઠાણીએ મજુસની કુંચીઓ કાઢી ભત્રીજા લાલચંદને આપી. તેણે લીધી તે પછી મજુસને બે ત્રણ તાળાં વાસેલાં હતાં, તે બધાં ઉઘાડયાં. ત્યારબાદ મજુસને ખોલી જેવો અંદર હાથ ઘાલવા જાય છે, કે ત્યાં એવો એક ચમત્કાર બન્યો તે આશ્ચર્ય જેવો હતો; લાલચંદ જેવો મજુસમાં હાથ ઘાલે છે, કે તુરત એક મોટી ફેણવાળો કાળો નાગ ભયંકર સ્વરૂપવાળો, એકદમ મજુસ ઉપર આવી એવો ફુફવાડો માર્યો, કે તે જોઇ શેઠાણી અને લાલચંદ બન્ને ભયભીત થઇ ગયાં, ને તેઓ દુર ખસી ગયાં. અતીશય ભય લાગવાથી તેમનો જીવ ઉડી જાય તેમ થયું, તેમણે દુર રહીને જોયું તો, મજુસ ઉપર નાગદેવ પોતાની ફેંણ માંડી બીરાજ્યા હતા. કેટલીએ વાર સુધી નાગદેવ ખસતા નથી. ને પોતાનું ભાગ્ય, અત્યારે અજમાવાનો વખત આવ્યો ત્યારે નાગદેવે વિઘ્ન આવીને નાંખ્યું. એમ સમજી સોચના કરતો, ભય પામતો, અને દીલગીર થતો લાલચંદ નાગદેવને સંબોધી કહેવા લાગ્યો.

કે હે ફણીધર મહારાજ, મારા ઉપર દયા કરો, અહીંથી તમો જતા રહો. હું ઘણા દીવસે કાકીની કૃપા મેળવી લગ્ન કરવા ઇચ્છા રાખું છું. તેમાં આપે મને આ દર્શન દેવા રૂપી મોટું વિઘ્ન નાંખ્યું છે. માટે આપ દુર જતા રહો. દયા કરો. આવી પ્રાર્થનાયુક્ત વચન સાંભળી નાગદેવને વાણી ઉત્પન્ન થઇ, ને તે મનુષ્ય સમાન ગંભીર વાણીથી બોલવા લાગ્યા કે ભાઇ, આ તું કોનું ધન લેવા જતો હતો ?

લાલચંદ—મારા કાકાનું ધન લેઉ છુ.

નાગદેવ—તારા કાકાને અને, આ ધનને શો સબંધ છે.

લાલચંદ—કેમ નાગદેવ આવુ કહો છો, આ ધન તેમનુ નહી ત્યારે કોનું, શુ આ ધનનો માલીક બીજો કોઇ છે, તે આપ આમ બોલો છો.

નાગદેવ—ભાઇ આ ધન તારા કાકાનુ નથી. તે તો માત્ર પેદા કરે, સંભાળે, ગણે ને સાચવે, એટલુંજ. બીજો કાંઇ તેમને લાભ નહી, અર્થાત તેમનાથી વપરાય નહી.

લાલચંદ—મહારાજ નાગદેવ આપ આ શુ બોલો છો. જ્યારે મારા કાકા આ ધનના માલીક નથી, ત્યારે બીજો કોણ છે, તે કૃપા કરીને કહેશો.

નાગદેવ—હા કહું છું સાંભળ, આ ધનનો માલીક અહીયાંથી ઘણે દુર છે. તારે તેની પુછવાની શી જરૂર છે.

લાલચંદ—નાગદેવ મહારાજ, મારે તેની ઘણી જરૂર છે. તેથી આપને વિનંતી કરીને કહું છુ કે, આ ધનનો માલીક કોણ, એ આપ કહો.

નાગદેવ—સાંભળ ભાઇ, અહીંથી બસો ગાઉના અંતરે ભદ્રસીલા નદીના કીનારા ઉપર, ભદ્રાવતી નામે નગરી છે. તેમાં એક પરમાનંદ કરીને શેઠ છે તેનું આ ધન છે. આમાં કાંઇ તારા કાકાનું નથી.

લાલચંદ—શું ત્યારે મારા કાકા દુઃખ વેઠીને પેદા કરે છે. ને ભંડાર ભર્યો જાય છે તે પરમાનંદ શેઠને માટેજ કે, વળી, એમ હોય તો, તમે આ ધનનું રક્ષણુ શા સારૂ કરો છો. તમારા કહેવા પ્રમાણે હું કેમ માનું, મને સ્પષ્ટ સમજાય તેમ તે કહેવા કૃપા કરશો.

નાગદેવ—પુર્વ જન્મનો પરમાનંદ તપેશ્રી પુરૂષ છે. તેણે પુણ્ય દાન કરવામાં બાકી રાખ્યુ નથી. તેથી પરમાત્માની પરમાનંદ ઉપર ઘણી કૃપા થઇ છે. એ ઇશ્વર તરફથી. કૃપાવાન હોવાથી મને પરમાત્માએ આ ધન સાચવવા આજ્ઞા કરી છે. તેથી હું આ ધન પરમાનંદ માટે સાચવું છું.

લાલચંદ—ત્યારે આ ધનમાં મારા કાકાને કાંઇ સંબંધ નહી?

નાગદેવ—આ ધનમાં તારા કાકાને કાંઇ સબંધ નથી. માત્ર તે પેદા કરી આ ધનમાં ઉમેરે, અને રક્ષણુ કરે એ શીવાય બીજો લાભ તેમને નહી. કારણ કે તે ધનના સાચવનાર છે, (રખા) પણ વાપરનાર નથી.

લાલચંદ—કદાપી મનાય નહી, શું મારા કાકા આ ધનમાંથી થોડું વાપરવા ધારે તો ના વપરાય.

નાગદેવ—તારા કાકા પોતાની આખી જીંદગીમાં આ ધનમાં બીજો

ઉમેરો કરે છે. લાવીને આમાં નાંખે છે, પણ તેમણે પોતાની આખી ઉમરમાં કાંઇ વાપર્યું નથી. કારણ કે, તે તો, પરમાનંદના વૈતરા છે. તેથી તેમનાથી વપરાયજ નહી.

લાલચંદ (આશ્ચર્ય ચકીત થઇ) કહેવા લાગ્યો કે, મહારાજ આપનુ કહેવુ હું સઘળુ સાચુ માનું છુ. પણ હવે મારે માટે, આપ કાંઇ દયા લાવશો. આપના હૃદયમાં જો ઉતરે તો હું તમારો દાસ છું મારે રૂપીઆ બે હજાર જોઇએ છીએ તે સેવકને લેવા દેશો એવી આશા રાખું છું.

નાગદેવ—તારે માટે હું શું કરું, તું જો આ ધનના માલીક પરમાનંદ પાસે જાય, ને ત્યાંથી તેનો (રોકો) ચીઠી આપે તો મારે ના નથી.

લાલચંદ—બહુ શારૂ હું તેમ કરીશ.

નાગદેવ—હવે ચીઠી લાવ્યા વીના આ ધન લેવા સંબંધી વિચાર કરશો નહી. એમ કહી નાગદેવ મજુસમાં પેસી ગયા.

આ સઘળા બનાવથી, શેઠાણી ઘણાં આશ્ચર્ય પામ્યાં હતાં. અલ્પ સમયમાં લાલચંદ સાથે બે જણુ, મજુસ આગળ આવી મજુસને વાસી દીધી. તાળાં જેમ હતાં તેમ વાસી દેઈ, કુચીઓ લાલચંદ કાકાને આપી આ બનાવ સંબંધી વીચાર કરવા લાગ્યાં.

શેઠાણી—ભાઇ લાલચંદ, આ શો બનાવ કહેવાય, આ નાગની વાણી શી, અને તેણે આ ધન સંબંધીનું શું કહ્યું. આતો નવાઇની વાત થઇ, આ તે સાચું હશે ?

લાલચંદ—કાકી, વાત સાચી છે, નાગદેવ જે બોલ્યા છે તેમાં ખોટું નથી. તમે વિચાર કરો કે, મારા કાકાએ કોઇ દીવસ પૈસા ખરચ્યા છે? વળી લુગડાં તે પણ સારાં પહેર્યાં છે? તેમ પોતાને પેટે પણ કોઇ દીવસ સારૂ ખાધું છે? વળી કોઇ મેમાન પરોણાને પણ પેટ ભરીને જમાડયો છે. આમાંનું કશુએ મારા કાકાથી થયું નથી. માટે તે ધનના માલીક નથી, પણ રખા છે. અફસોસ છે, કાકાના ધનની વાત સાંભળીને અફસોસ થાય છે. અરે મને ઘણી દીલગીરી થાય છે કે, આવું દુઃખ વેઠીને જે ધન સંપાદન કર્યું, તેનો માલીક બીજો થશે. કાકાના કંજુસાઇપણાના, મને ઉભરા સાંભળી આવે છે કે, કાકા રાતે દીવો સરખો પણ ઘર આગળ મુકતા નથી. તેમની પાસે રાતે કેટલાએક માણસો બેસવા આવે છે. તે અંધારે વાતો કર્યા જાય, પણ દીવા બત્તી મળેજ નહી, વાહરે કાકા, વાહરે કાકા, દીવેલ ઉગારેલું બધું સામટું જવાનું.

શેઠાણી—જે બનશે તે ખરૂં, પણ ભાઇ તું પેલા નાગદેવે જે શેઠ બતાવ્યો છે, તેની પાસે જા, ને ત્યાંથી તેના હાથની ચીઠી લાવ્ય, જો નાગદેવ રૂપીઆ લેવા દેછે કે નહીં.

લાલચંદ—બહુ સારૂ કાકી, હું કાલે ત્યાં જઇશ, પરન્તુ આ હકીકત મારા કાકાને કહેશો નહીં. કારણ કે કહેવામાં કાંઇ માલ નથી.

શેઠાણી—હું બીજી વાત કરીશ, પણ નાગદેવ દાદા ને આપણને જે કહ્યું, તે હું નહી કહું. હવે તું વહેલો જા, ને પછી જોઇએ કે કેમ બને છે, તે જણાય.

લાલચંદ—હું જરૂર જઇશ, આમ કહી તેણે મુસાફરીમાં જે જે વસ્તુઓ[1] સાથે લેઇ જવા જોઇએ, તે સઘળી લીધી અને ભાતુ વીગેરે બાંધી લીધું ને તૈયાર થઇ ચાલ્યો. તે પગેપાળો મુસાફરી કરતો, દર મજલપંથ કાપતો, પંદર વિસ દીવસના સુમારે, ભદ્રશીલાના તટપર આવેલી ભદ્રાવતી નગરીમાં જઈ પહોંચ્યો. આ નગરીમાં ક્ષત્રીય રાજા રાજ્ય કરતો હતો. તે નગરીના ચોક ચૌટા શેરીઓ નીરખતો, લોકોને પરમાનંદના ઘરનું પુછતો લાલચંદ ચાલ્યો આવે છે.

પરમાનંદ શેઠ કયાં રહે છે, એમ બે ત્રણજણને લાલચંદે પુછયું. પણ કોઇ બતાવતું નથી. ઠેકાણે ઠેકાણે પુછીને તે થાકી ગયો; કંટાળી ગયો, અને શોકવાન થઇ વીચાર કરવા લાગ્યો કે, અરે આટલે બધે સુધી હું આવ્યો ને અહીયાં તો કોઇ પરમાનંદનું ઘર બતાવતું નથી. લોકોને પુછીને થાકી ગયો. હવે કેમ કરવું?

આમ વીચાર કરી તે એક વિશાળ ઓટલા ઉપર બેઠો ને ત્યાં થાકની વિશ્રાંતી લેવા લાગ્યો. આ વખતે દીવસ અસ્ત પામવાની તૈયારી હતી. તેથી અફસોસ કરતો, લમણે હાથ દેઇ બેઠો છે. મારગે જતા આવતા લોકોને પુછે છે કે ભાઇ પરમાનંદ શેઠનું ઘર કયાં છે, તે કોઇ બતાવો છો?

આવી રીતે ઘણા જનોને પુછતાં, અમે ઓળખતા નથી, આટલોજ પ્રતીઉત્તર મળતો, તેમાં ઘણીવારે એક રસ્તે જતો શેઠ કહેવા લાગ્યો કે તમારે કયાં જવું છે.

---

[1] અગાઉના વખતમાં હથીઆર તીરકાંમઠું વીગેરે સાધન લાંબી મુસાફરીવાળાને લેઈ જવું પડતું.

લાલચંદ—ભાઇ મારે પરમાનંદ શેઠને ત્યાં જવું છે.

રસ્તે જતો શેઠ—ભાઇ પરમાનંદ કોણ છે, તે તમે જાણો છો.

લાલચંદ—પરમાનંદ શેઠ છે, (વાણીયા છે)

રસ્તે જતો શેઠ—તમે ઘણી ભુલ કરો છો, જો પરમાનંદ શેઠ હોય તો હું તેને ખચીત ઓળખું, કારણ કે, નામાંકીત માણસોને બધાંને હું ઓળખું છું.

લાલચંદ—ત્યારે પરમાનંદ નામનો કોઇ શેઠ નથી ?

રસ્તે જતો શેઠ—ના ભાઇ ના, પરમાનંદ નામનો તો કોઇ શેઠ નથી. પણ પરમો કરીને એક કંગાલ માણસ છે. તેનું તમારે શું કામ છે, શું કાંઇ ઉઘરાણી આવ્યા છો, તેને ત્યાં અન્ન પાણીના સાંસા પડે છે. ત્યાં જઇ તમે શું કરવાના છો, આવા નીર્ધનનું તમારે કામ ક્યાંથી ? ચાલો હું ત્યાં પહોંચાડું.

લાલચંદ—હા, ચાલો, એમ કહી તે રસ્તે જતા શેઠની પાછળ ચાલ્યો ને મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ પરમો કહે છે, તે પરમાનંદ હશે ? જેમ હશે તેમ ખરૂ જો પરમાનંદજ હોય, તો સારૂ. મારા કરેલા પરીશ્રમનું સાર્થક થાય. પરમાનંદની હકીકત (દુર્બલતા) કેવી સાંભળવામાં આવે છે, તે ધનનો માલીક થશે, આવી ગરીબ અવસ્થાનો માણસ મોટા ધનનો માલીક થશે. અહો ઇશ્વર તારી ખુબી કેવી છે, નીર્ધનપણાના લીધે એને અત્યારે કોઇ ઓળખતુ પણ નથી, માન, પ્રતીષ્ટા પણ હલકાં છે. જ્યારે તેને ધન મળશે, ત્યારે તેની પ્રતિષ્ટા કેવી થશે. કેટલુ લોકો માન આપશે. આમ વિચાર કરતાં પર-

માનદનું ઘર આવ્યું. એટલે રસ્તે જતા શેઠે ધાંટો પાડી પરમાને બોલાવ્યો. અસ્યા પરમા—પરમા છુ કે ? તારે ઘેર કોઇ મેમાન આવ્યા છે. અજાંણ્યા છે, તેમને તુ લેઇ જા. પરમાનંદે કહ્યું કે બહુ સારૂ એમ કહી તે સામો આવી લાલચંદને કહે છે કે પધારો, તેને બેસવા પાથરણુ પાથરી આપીને પુછયું કે, આપ ક્યાંથી આવો છો, શી જ્ઞાતીના છો ?

લાલચંદ—હું મેઘનગરથી આવું છું જ્ઞાતે વાણીઓ છું.

પરમાનંદ—આપ કયો ધર્મ પાળો છો ?

લાલચંદ—હુ વૈશ્નવ ધર્મ પાળુ છું. આપનો કયો ધર્મ છે. (આવું લાલચંદે પુછયું.)

પરમાનંદ—અમો પણ વૈશ્નવ ધર્મ પાળીએ છીએ.

લાલચંદ—બહુ સારૂ.

આટલી પડપુછ કીધા પછી, લાલચંદે પાણી પીધુ. પછી પરમાનંદ ઘરમાં ગયો ને તેણે પોતાની સ્ત્રીને ખાવાનું કરવાને કહ્યું. અહો, ગરીબ અવસ્થા માહા દુઃખદાયક છે. અત્યારે લાલચંદને યોગ્ય રસોઇ કરી જમાડવું, તે પરમાનંદથી બની શકે તેમ નહોતું. છતાં ઘરની સ્ત્રી ઘણી હોંશીઆર, ને પવિત્ર ગૃહસંસારને નીભાવનારી સુલક્ષણી હતી. તેણે પોતાના આડોસી પાડોસીને ત્યાંથી ઉછીતુ લાવી લાલચંદ માટે રસોઇ તૈયાર કરી; પછી સ્નાન કરવા જળ આપ્યું તેથી નાહી ધોઇ લાલચંદ જમવા માટે બેઠો. પરમાનંદ પણ સાથે જમવા બેઠો ઇચ્છા પુર્વક જમી રહ્યા પછી, સુવાને માટે બે ખાટલા જોડે પાથરીને પછી શાન્ત થયા બાદ પરમાનંદે લાલચંદને આવા-

ગમનનું (આવવાનું) કારણ પુછ્યું કે શેઠજી, આપ અહીં શા પ્રયોજન અર્થે પધાર્યા છો? મ્હારા યોગ્ય કામ હોય તો કહેશો.

લાલચંદ—ભાઇ, મારે અહીં આવવાનું કારણ હું તમને કહીશ, પણ, તમારા માનવામાં આવશે નહીં.

પરમાનંદ—તમે જે કહેશો, તેમાં અમારાથી બનશે તો માનીશું. અમે તો ગરીબ માણુસ છીએ, આપને કાંઇ કહેવું હોય તે ખુશીથી કહો.

લાલચંદ—હા, કહું ત્યારે સાંભળો:—મારા એક સગા કાકા છે, તેમની પાસે ઘણું ધન છે. લાખો રૂપીઆની સમૃદ્ધી કહીએ તોએ ચાલે. આ પૈસામાંથી તેઓ એક પાઇ પણ વાપરતા નથી. ત્યારે મારે માટે મેં મારી કાકીને, કહ્યું કે, કાકા પાસેથી રૂ. ૨૦૦૦ અપાવો, તો મારૂ લગન થાય, ને કન્યા મને મળે તેમ છે. જો તમે કાકાને સમજાવી મારે માટે મદદ કરો તો તેમ બને. આવું મેં કાકીને કહ્યું. ત્યારે તેમણે કાકાને ઘણું કહ્યું. પણ કાકે માન્યું નહીં. તેથી છેવટે કાકીએ મારા કાકાથી, છાના રૂ. ૨૦૦૦ આપવા વીચાર કર્યો, ને પ્રસંગનો લાભ જોઇ (એક દીવસ મારા કાકા પરગામ ગયા હતા.) તે વખતે મને રૂપીઆ આપવા મજુસ ઉઘાડી, જેવો હુ મજુસમાં હાથ ઘાલવા જાઉં છું કે તુરત એક મોટો ફણીધર નાગ આવીને એવો ફુફવાડો માર્યો, કે હું ને મારાં કાકી દુર જતાં રહ્યાં. તે પછી મેં મારા દુઃખ સંબંધી, નાગદેવને વીનતી કરી. ઘણી પ્રાર્થના કરી. હું પગે લાગ્યો. મેં કહ્યું કે, માહારાજ, આપ મારા કામમાં કેમ આડે આવો છો.

ત્યારે નાગદેવે મને કહ્યું કે, આ ધન તારા કાકાનું નથી. પણ આ ધનના માલીક તો પરમાનંદ શેઠ છે, આવું તેમણે મને વાણી પ્રાસ કરીને કહ્યું, તે સત્ય છે. આ હકીકતમાં વિશે-ષમાં વિશેષ બાબત એ છે કે, નાગદેવે આપની ઓળખાણ આપી ત્યા રૂક્કો (ચીઠી) માગ્યો, જે આપ ચીઠી લખી આપો તો મને રૂપીઆ બે હજાર નાગદેવ લેવા દેશે, ને મારૂ કામ જરૂરથી થશે. હું જે રૂપીઆ આપની ચીઠીથી નાગદેવ પાસેથી લેઇશ, તે રૂપીઆ વ્યાજ સાથે આપને પાછા આપીશ. આ બનાવ પછી મજુસમાં નાગદેવ પેસી ગયા, ને મેં મજુસ વાસી દીધી, પછી આપના તરફ હું આવ્યો છું. કૃપા કરીને મને બે હજાર રૂપીઆ નાગદેવ લેવા દે તેવી ચીઠી આપ લખી આપો. હું તમને ખાતુ પાડી આપીશ. તમારા પૈસા હું વ્યાજ સાથે પુરા કરીશ. આ કામ માટે હું તમારી પાસે આવ્યો છું. આ વાત સાંભળી પરમાનંદ અજાયબ બની ગયો, ને ઉત્તર શો આપવો ? તે વીચારવા લાગ્યો. હું ગરીબ માણુસ મને ધન કયાંથી મળે ને આ માણુસ તે મારી મશ્કરી કરતો હશે ! મારા જેવા નીરધન માણુસના હાથમાં આવું ધન ક્યાંથી આવે ! છેક જ, વાત ખોટી ! આતો કોઇ ઠઠ્ઠાબાજ (મશ્કરો) હોય તેમ લાગે છે. આમ વીચારી પરમાનંદે કહ્યું કે ભાઇ, આપની વાત મારા માનવામાં આવતી નથી કારણ કે હું એક નીરધન માણુસ છું ને મહા કંગાલ અવસ્થામાં દીવસ ગુજારૂ છું, તો આવું ધન મારે હાથ ક્યાંથી આવે ! તમો કોઇ મશ્કરા છો તેથી મારા ગરીબ માણુસની મશ્કરી

કરો છો. તમારી વાત મારા સમજવામાં તો કેવળ ઠઠ્ઠા બાજી લાગે છે. તમોએ જે હકીકત કહી તે માનતો નથી. કારણ કે મારી જે સ્થીતી સારી આવવાની હોય, તો હું આવી દારીદ્ર અવસ્થામાં હોતું નહી, ને આ પ્રારબ્ધમાં એવી સમૃદ્ધી મળે તેમ મારા ધારવામાં નથી, માટે મહેરબાની કરી હવેથી આ બાબત પુનઃ ઉચ્ચાર કરવાની તસ્દી લેશો નહિ.

લાલચંદ—ભાઇ સાહેબ તમો આ શું બોલો છો ? શું હું તમારી મસ્કરી કરૂં છું ? ના ના તેમ કદાપી માનશો નહિ. મેં આપને જે બીના કહી છે, તેમાં કિંચીત માત્ર ખોટું નથી ? શું હું તમારી હાંસી કરૂં તેમાં મને શો લાભ થાય ? મહેરબાન પ્રતિજ્ઞા પૂર્વક કહું છું કે, મેં તમોને કહેલી હકીકત સઘળી સાચી છે. આપ અવશ્ય ધનના માલીક થશો. માણસની સ્થિતી સદાએ એક સરખી રહેતી નથી. દુઃખ પછી સુખને સુખ પછી દુઃખ આવે છે. રાત્રી પછી દીવસને દીવસ પછી રાત્રી એમ કાળ ક્રમ ચાલુ રહે છે. માટે આપે મનમાં એમ ન ધારવું ખોટું કે હું ગરીબ માણસ છું મને સમૃદ્ધી ક્યાંથી મળે ? એ ધારવું ખોટું છે કારણ કે ઇશ્વરની કૃપા થતાં ને દશા બદલાતાં વાર થતી નથી. તેથી અવસ્ય મારાપર વિશ્વાસ રાખી મને ચીઠ્ઠી લખી આપો. અત્યારે તમારે ગણીને તો આપવા નથી ? જો ભાગ્ય દેવીની કૃપા હશે તો તે તમને મળશે ને જે રકમ હું તમારી પાસેથી ચીઠ્ઠી લખાવી લઇશ, તેનું ખાતું શાહ જોગ પાડી આપુ છું માટે વીચાર કરો !

પરમાનંદે આ બાબતનો ઘણો ઉંડો વીચાર કર્યો. ને ઘણી-

વાર સુધી મૌન રહ્યો ને વીચાર્યું કે આપણે હાલ એને શું ગણી આપીએ છીએ ! જો હકીકત સત્ય હશે તો તે પ્રમાણે બનશે ! નહિ તો આપણું શું જવાનું છે ! એમ વીચારી તેણે નાગદેવ રૂપીયા લેવા દે તે બાબતની ચીઠ્ઠી લખી આપવાને ધારીને નીચે પ્રમાણે લખ્યું.

મહારાજ—નાગદેવ ભદ્રાવતીથી લી. શેઠ પરમાનંદના જેશ્રી-કૃષ્ણ વાંચશો. જત આ ચીઠ્ઠી લઇ આવનાર શેઠ લાલચંદ ધરમચંદને રૂપીયા બે હજાર રૂ. ૨૦૦૦) અમારી થાપણમાંથી લેવા દેશોજી. એજ વીનંતી. લી.

પરમાનંદ ઉગરચંદ.
મુ. ભદ્રાવતી.

ઉપર પ્રમાણે ચીઠ્ઠી લખી આપીને પોતાના ચોપડામાં લાલ-ચંદ પાસે રૂપીયા ૨૦૦૦) અંકે બે હજારનું ખાતું પડાવી લીધું. ને અમુક વ્યાજ ચઢતુ કરી લાલચંદનું મતુ કરાવ્યું. પછી લાલચંદ ત્યાંથી રૂક્કો લઇ દર મજલ કરતો ઘેર આવ્યો તેણે સઘળી બીના પોતાની કાકીને કહી. તેથી કાકીએ તેને તેજ દીવસે રૂક્કાની અજ-માયશ કરવા કહ્યું. જોગ પણ તેવો હતો કે તે દીવસેપણ કાકો ઘેર ન હતો, તેથી તેમને ફાવ્યું. લાલચંદને કાકીએ કુંચીઓ આપી, એટલે તેણે મજુસનું તાળુ ઉઘાડી મજુસ ખોલી કે તુરત નાગદેવ મજુસ ઉપર આવી ફેણ માંડી ઉભા રહ્યા. લાલચંદે છેટેથી પ્રણામ કરીને ધીમે ધીમે પાસે જઇ થોડે છેટે પરમાનંદનો લખી આપેલો રૂક્કો મૂકી દીધો. તે જોઇ નાગદેવ પાસે આવી તેમણે તે ચીઠ્ઠીને જોઇ પોતાની ફેણ વડે ઉંચી કરીને જેમ વાંચતા હોય તેમ તપાસી

લીધી પછી મનુષ્ય સમાન વાણીથી બોલ્યા કે, રૂપીયા બે હજાર લઇ લે, વાર કરીશ નહી, તેમ વધારે એક બદામ પણ લઇશ નહી. તું તે માલીકનો રૂકકો લાવ્યો તો પછી મારે રોકાવટ નથી માટે જલદીથી લઇ લે. આવી આજ્ઞા થતાં લાલચંદે રૂપીયા ૨૦૦૦) અંકે બે હજાર મજુસમાંથી ગણીને લીધા તે નાગદેવે જોયા, પછી પેલો રૂકકો નાગદેવે લઇ લીધો, ને તેની સાથેજ મજુસમાં પેસી ગયા. પછી લાધચંદે મજુસ બંધ કરી તાળાં વાસી કુંચીઓ કાકાને આપી. આ બનાવ જોઈ શેઠાણી ઘણાં ચકીત થયાં ને વારંવાર નાગદેવને યાદ કરવા લાગ્યાં. એક વખતે તેણે પોતાના સ્વામી કરમચંદને કહ્યું, કે સ્વામીનાથ આપણી પાસે ઘણું ધન છે તેનો ઉપયોગ કાંઇ સારો કરતા નથી. આપણી વૃદ્ધાવસ્થા થઇ છે. ને તે ધન એમનુ એમજ રહી જશે તેથી જો તે સારે માર્ગે ખરચાય તો ઘણું સારૂ.

કરમચંદ—તારે તો ખર્ચો ખર્ચો કહેવું છે તે તારા કહેવા પ્રમાણે ખર્ચીએ તો પછી ખાઇએ શું ? પેદા કરતાં મહા દુઃખ પડે છે.

શેઠાણી—બધુ નહી તો થોડું ખર્ચો.

શેઠ—થોડુ શું ખર્ચીએ ? થોડુ, ને વધારે આપણે તો એક પાઇ સરખી પણ ખર્ચવાની નથી.

શેઠાણી—કેમ ત્યારે બધુ એમને એમ મુકી જશો ?

શેઠ—તારે તો એનુંએજ છે. લે તારે કહે શેમાં ખર્ચીએ.

શેઠાણી—આપણે કાસીની યાત્રાએ જઇએ. ત્યાં જતાં ૧૦૦૦) રૂપીયા ખર્ચ થશે, વધારે થવાનું નથી,

શેઠ—ના મારે તો યાત્રા કરવી નથી. યાત્રાએ જઇએ તો ઘરાક કોણ સાચવે ?

શેઠાણી—આપણો લાલચંદ સાચવશે. ને આપણે બેચાર માસ તીર્થ યાત્રા કરી આવીએ.

શેઠ—શું કપાળ ? લાલચંદ સાચવશે એનામાં શી અક્કલ છે ? એ તો હું બધું લાવું છું તે તુ જુવે છે ને ? એક દીવસ ઠાલો આવું છું, પાંચ, પચાસ, સો, બસેં રોજ ખરા ખરાને ખરા.

શેઠાણી—વારૂ એ તો ઠીક છે. તમો ના કહો છો ત્યારે નહી જઇએ. પણ આપણી પાસે કેટલા રૂપીયા હશે ?

શેઠ—તારે શું કામ છે ?

શેઠાણી—તમે મને બતાવો એટલે હું રાજી થઇ તમોને વાપરવાનું નહિ કહું.

શેઠ—લે તારી મરજી એવી છે તો તને આજ મજુસ ઉઘેડી રૂપીયા મહોરો, વીગેરે બતાવું તે તું જોજે. એમ કહી શેઠે મજુસ ઉઘાડી એથી શેઠાણી ભયભીત થઇ ગઇ ને સેઠનો હાથ ઝાલી કહેવા લાગી કે મારે રૂપીયા જોવા નથી તમે મજુસને બંધ કરો (શેઠાણીના મનમાં એમ થયું કે નાગદેવ વખતે મારા સ્વામીને ડંશ કરે તે વીચારથી રૂપીયા જોવાને ના પાડી).

શેઠ ચીઢવઇ ગયા ને મોટો ઘાટો પાડીને કહ્યું કે ખસ.

શેઠાણી—અંદર તો મોટો નાગ છે, તેથી બંધ કરી દયો.

શેઠ—છટ. અહીં નાગ કેવો, એમ કહી શેઠાણીને ધક્કો માર્યો કે શેઠાણી વેગળાં જઇ પડયાં ને પછી શેઠે મજુસમાં હાથ ઘાલીને તમામ રૂપીયાના થેલા બહાર કાઢયા.

આ વખતે નાગદેવ મજુસની અંદરથી નીકળી બહાર એક ખુણામાં પડી રહ્યા હતા. તે શેઠાણીએ જોયા. ત્યારે તે શેઠને કહેવા લાગી.

શેઠાણી—સ્વામીનાથ જુઓ આ નાગદેવ મજુસમાંથી નીકળી બહાર આવ્યા છે.

શેઠ—ક્યાં છે ? બતાવ.

શેઠાણી—આ સામા બેઠા.

શેઠ—ક્યાં છે ક્યાં છે. કરતા ઠેઠ ખુણા સુધી ગયા પણ નાગદેવે દર્શન આપ્યાંજ નહી તેથી ચીઢવાઇ કહેવા લાગ્યા કે નકામી ! નાગ, નાગ કરે છે તે અહીં ક્યાં છે ? તારો બાપ ? સાપ બતાવ. ક્યાં છે સાપ ?

શેઠાણી—હું તો આ જોતું છું તમને તે નથી દેખાતા તેનું શું કારણ હશે ? તે સમજાતું નથી.

શેઠ—કારણમાંને કારણમાં રહી, ગાંડી છે ગાંડી, અહી સાપ શું ને વાલ શા: જોજે આવો ખોટો વહેમ રાખતી. એમ કહી બધા રૂપીયા મહોરોના થેલા શેઠાણીને બતાવ્યા. જો આટલું બધું છે. તું કહે છે કે ખર્ચો ખર્ચો તે ખર્ચીએ તો પાસે શું રહે ? એમ કહી બધા થેલા તપાસ્યા તેના મન તો બરાબર થયા ને પછી મજુસમાં ગોઠવ્યા, ને પછી તાળુ વાસતામાં નાગદેવ મજુસમાં પેસી ગયા તે શેઠાણીએ જોયા. આથી તે વધારે વીસ્મય બની પોતાના મન સાથે વીચારવા લાગી કે આને આ નાગદેવે મારા સ્વામીને દર્શન ના આપ્યાં તેનું શું કારણ

હશે ? એમ મનમાં અતિશય વીચારથી તેને માલમ પડયું કે આ નાગ છે તે ધનનું રક્ષણ કર્તા છે, ને મારો સ્વામી પણ ધનનો રક્ષક છે. તેથી રક્ષકો (રખાઓ) એકબીજાને દર્શન આપતા નહી હોય આમ પોતાના મનનું સમાધાન કર્યું.

આ હકીકત બન્યા પછી લાલચંદને કન્યાવાળો ફરીથી પુછવા આવ્યો. ત્યારે તેણે તેને હા પાડીને પોતાની જ્ઞાતિના શીરસ્તા મુજબ આપવા લેવાનું કરી તે પરણ્યો. ત્યારબાદ શુદ્ધ અંતઃકરણ રાખી વેપાર રોજગાર કરવા માંડયો. આ પછી એક બે વર્ષને અંતરે દુનીયાં પર મોટી વરસાદની વૃષ્ટી થઇને અતીવૃષ્ટીના યોગે કરી ઘણાં ગામ તણાયાં. તેમજ સરસ્વતીમાં ભારે પૂરની રેલ આવવાથી સુશોભીત મેસનગરનો મોટો ભાગ જળદેવતાને આધીન થયો. જે મહેલ્લામાં કરમચંદ શેઠ રહેતા હતા તે મહેલ્લો જળથી ઉભરાઇ ગયો લોકો ઝાડ ઉપર ચઢી ગયા તથા બીજા સુરક્ષિત સ્થાનકે ચાલ્યા ગયા. અહીયાં કરમચંદ શેઠ તથા તેના ભત્રીજાઓ ઘરમાંથી નીકળી બીજે કંઇ પ્રાણ બચાવવાને જતા રહ્યા તે સમયે પૂરનું જોસ ઘણું ચઢ-વાથી ઘરમાં પાણી ભરાઇ ગયું ને સર્વ વસ્તુઓ જળ સાગરે સ્વા-ધીન કરી. આ ગભરાટમાં કરમચંદથી કંઇપણ લેવાયું નહી તે તો માત્ર શેઠાણીને લઇ બીજે ઠેકાણે જતા રહ્યા. અપાર જળસાગરમાં સર્વ વસ્તુ તણાઇ તેમાં મજુસ પણ તણાવા લાગી તે જળસાગરમાં ડોલતી ડોલતી જાણે એક નાનું નાવ હોય તેમ દેખાવ આપતી જળપ્રવાહ કાપતી કાપતી ચાલી જાય છે. પ્રથમ મજુસ મહાસરીતા સરસ્વતીના જળમાં ગઇને ત્યાંથી એક નાના મહાસાગરમાં ગઇ ત્યાં વીશાળ પાણીના ભંડારમાં ઝોલાં ખાતી, કેટલેક દીવસે ભદ્રસીલા

નદીમાં તણાઇ આવી ને ત્યાંથી એક કીનારાપર જમીનમાં નદીના કાંપને લીધે દટાઇ ગઇ. અહા, દૈવની કેવી ગતી કયાં હતી ને કયાં આવી ! વાંચનાર, વીચાર કરો કે કોનું ધન કયાંથી આવ્યું ને કોને મળે છે આહા ? દૈવ તારી પ્રબળ સત્તા છે. આ સમયે અતીવૃષ્ટી એક સ્થળે નહી પણ દુનીયાના ઘણાખરા ભાગમાં હતી તેથી આ ભદ્રાવતી નગરીની પણ દુર્દશા હતી તે નગરીમાં ઘણા જાનમાલની ખુવારી થઇ હતી નગરમાં પુષ્કળ પાણી ભરાયાથી લોકો પોતાનો પ્રાણ બચાવવા જેને જે સ્થળ ઠીક લાગ્યું ત્યાં તેઓ આંધરીયાં નાખીને જતા રહ્યા હતા આ વખતે નગરના રાજાએ પોતાની પ્રજાને પુરતો સંતોષ આપી પોતાનાથી બનતી મદદ આપી હતી, આ જળની હાડમારીમાં આપણો પરમાનંદ શેઠ એક ડુંગરાની ટોચ ઉપર ઘરમાં જે કાંઇ અનાજ હતુ તે લઇ ચઢી ગયો હતો ત્યાં તેણે મહા પરાકાષ્ટાએ એક માસ વ્યતીત કર્યો, તે પછી જળની શાંતિ થઇ ગઇ, ને નવું ગામ વસે તે સ્થિતિમાં લોકો પુનઃ વસવા લાગ્યા. નીરાધાર થઇ ગએલાઓને રાજા તરફથી મદદ મળવા લાગી પરંતુ જગ્યાની તંગી ઘણીજ પડવા લાગી ધનાઢ્ય લોકોએ તો પાછી હવેલીઓ જેવી હતી તેવી બાંધી તેમને તો જેવું હતુ તેવું થયું પણ આપણો પરમાનંદ નીરાધાર હતો તે જયાં છાપરૂં બાંધવાનું કરે કે ત્યાંથી લોકો તેને દુર ખસેડે ને કહે કે જા આઘો, ખસ આઘો જેમ જેમ લોકો દૂર ખસેડે તેમ તેમ પરમાનંદ આઘો જવા લાગ્યો તે લોકોથી કંટાળેલો સર્વથી દૂર જઇ ત્યાં તેણે છાપરૂં બાંધી નીવાસ કર્યો. સાધારણ કોથળો કરી પોતાનું ગુજરાન નીભાવવા લાગ્યો કેટલાક દીવસ વીત્યા બાદ એક વેપારી વણીકે તેને કહ્યું કે પરમાનંદ ! તારે

એક ગાય જોઇતી હોય, તો તે મારામાં છે તે તને ઠીક પડત આપીશ વળી રૂપીયા બાકી રહેશે તો તેની મારે ફીકર નથી હું તારી પાસે રૂપીયાનું વ્યાજ નહી લઉ તુ તારી નજરમાં આવે ત્યારે રૂપીયા આપજે. આ સાંભળી પરમાનંદને ગાય લેવા વીચાર થયો પોતાની સ્ત્રીની સંમતીથી છોકરાંને દુધ ખાવા થશે તથા ગાયને વાછરડાં, વાછરડી થશે તેથી પણ લાભ છે એમ સમજી પેલા વણીક પાસેથી રૂપીયા દસમાં ગાય વેચાતી રાખીને પોતાના છાપરામાં લાવ્યો, પછી તેને બાંધવા માટે પોતાનાથી થોડે છેટે જગ્યો પસંદ કરીને ગાયને તાપ ન લાગે માટે, થાંભલી વાલી છાયા કરવાને વિચાર કર્યો તેણે ત્યાં ખોદવા માંડયું બરોબર ૧ હાથને આશરે ખોદયું કે મજુસના મોરવૈયો (ઉપરના ભાગમાં ચારે બાજુએ ગોળ હોય છે તે) તેણે જોયો તેથી વીશેશ ખોદવા માંડયું તો મજુસ દેખાઇ તેથી તેણે પોતાની સ્ત્રીને બોલાવી તથા એકાદ ભરોંસાદાર માણસને બોલાવી તે મજુસને બહાર કાઢી આ મજુસ ઉપર ઘણો કચરો તથા કાંટા હતા તેથી સ્યામ દેખાતી હતી. તે સઘળું સાફ કરી પોતાના છાપરામાં મુકી દીધી. રાત્રીના સમયે પરમાનંદે મજુસ ઉઘેડી તો તેમાં તેણે ઘણું દ્રવ્ય દીઠુ. આહાઃ દૈવ તારી શી ગતી. કે કરમચંદભાઇએ પેટે પાટા બાંધી, પરમાનંદ માટે રાત દીવસ રળીને ભેગુ કર્યું, તે ધન ચાલ્યું ગયું. વાહરે કૃપણ, વાહરે કૃપણ, આ તારૂં દ્રવ્ય ક્યાં આવ્યું !

પરમાનંદે મજુસમાં ઘણું દ્રવ્ય જોયું, તેથી તે પ્રસંન્ન થઇ પરમાત્માનો ઉપકાર માનવા લાગ્યો કે હે પ્રભુ હું તો એક તારે આશરે હતો, તે આ ગરીબ ઉપર કરૂણા કરી એમ ઇશ્વિરનો ઉપકાર માની સ્તુતી કરી.

સઘળું દ્રવ્ય સંભાળતાં, પોતાના હાથ દસ્કતની ચીઠી (રોક્કો) પણ હાથ આવી, તેને સંભાળી મુકી દીધી. બાદ પોતાને રહેવા માટે એક મકાન બંધાવ્યું. તેમાં તે સઘળી સંમૃદ્ધિ લેઇ રહેવા લાગ્યો. લોકોમાં તુરતમાં જાણુ ન પડે, માટે તેણે થોડો થોડો વેપાર કરવા લાગ્યો. બાદ પાછળથી, લક્ષ્મીદેવીની કૃપાથી મોટો વેપાર ખેડવા લાગ્યો. થોડાજ સમયમાં, સંપત્તીના પ્રકાશથી દ્રવ્યમાન પ્રતિષ્ઠા પુર્ણ રીતે પ્રકાશીત થયાં, લક્ષ્મીવડે લોકો પુર્ણ માન આપવા લાગ્યા. રાજદરબારમાં, શેઠીઆઓના માઝનમાં અને સર્વત્ર સ્થળે પરમાનંદના યશ ગવાવા લાગ્યા. શેઠ સાહેબ વીગેરે સંબોધનથી, લોકો પુષ્કળ માન આપવા લાગ્યા. અહો, લક્ષ્મી તમારી છાયા જેવી તેવી નથી. પેલો જે પરમો, તે આજ પરમાનંદભાઇ શેઠ કહે છે. વાહ લક્ષ્મી, વાહ લક્ષ્મી, તમારી અપાર માયા.

ઉપર પ્રમાણે લક્ષ્મીદેવીની કૃપાથી, તે જે માન પ્રાપ્ત થયું છે અને વેપાર રોજગારમાં તેને જેવો ઉત્સાહ વધ્યો છે; તેવોજ ધર્મ મારગે પણ ઉત્સાહ છે, પોતાને મળેલા ધનમાંથી મોટો ભાગ ધર્મ-શાળાઓ, દવાખાનાં, કુવા, વાવ અને અન્નક્ષેત્રાદીકમાં વાપરવા માંડ્યો. વળી તેણે ઘણા પૈસા ખરચી પાઠશાળાઓ તથા નીરાધારોને મદદ કરવાને મોટા આશ્રમો તૈયાર કરાવ્યા. જે ગાયના નીમીત્તથી, ખોદતાં ધન પ્રાપ્ત થયું છે. તે ગાયને સોનાની સાંકળ, તથા સોનાની શીંગડીઓને પગે સોનાના તોડા (ઝાંઝર) પેહેરાવ્યા ને તેને સાચ-વવા માટે બે ચાર નોકરની તેહનાતમાં રાખ્યા. વળી તેણે એક ગૌશાળા સ્થાપી તેમાં હજારો ગાયોનું પાલન થવા લાગ્યું. દર વરસે હજારો રૂપીઆ પરમાનંદ શેઠ ગૌશાળામાં આપવા લાગ્યો.

હે સજ્જનો, ગૌમાતા એ, એક દૈવી જનની છે તે માહાન પુજ્ય છે. તે આર્થીક તથા ધાર્મીક, ઉભય રીતે આપણને ઉપયોગી છે, ગૌમાતાનું રક્ષણ કરવું, તથા તેને દેવી સમાન માનવી એવું આપણા આર્યોએ ધર્મશાસ્ત્રમાં લખેલું છે તે સત્ય છે. દેશમાં ગૌમાતાઓ પ્રસન્ન હશે, ત્યાં સુધી દેશમાં આનંદ કરશો, ને ગૌમાતાઓ સંકટમાં પડતાં દેશ પીડાને પાત્ર થશે.

ઉપર પ્રમાણે ગૌ વિગેરેના સદકર્મથી, વિભુષિત થએલો, શેઠ પરમાનંદ દીન પ્રતીદીન પોતાને મળેલા ધનનો વ્યય કરે છે. ને તે પરમાત્માના, નામને ભજતો દીવસ વ્યતીત કરે છે. વાંચનાર, હવે આપણે કરમચંદની શી દશા થઇ છે: તે તરફ વળીએ, કે એ કૃપણ મનુષ્યનું શું થયું.

થોડેક દીવસે મેઘનગરમાં, જળની શાન્તી થઇ, જે લોકો નાસ્યા હતા, તે લોકોએ પોતાનાં ઘરાં જગ્યા સંભાળી તેમાં આપણા કરમચંદે પોતાને ત્યાં આવી જોયુ તો ત્યાં જમીનજ હતી, બીજુ બધુ તણાઇ ગયુ હતુ. તેથી. તે માહા ખેદવાન થયો. ને પાસે બશે પાંચસેના દાગીના હતા, તે વેચીને તથા રાજ્યની મદદથી ઘર બાંધ્યુ. બાદ જેમ તેમ દીવસ કહાડવા લાગ્યો. કરમચંદના દીવસ દુઃખમાં જવા લાગ્યા પૈસાના મદથી જાડા હતા, તે હવે પાતળા થયા. જે લોકો મોટા માનથી બોલાવતા હતા, તેઓ હવે તીરસ્કારવા લાગ્યા. કરમચંદ કપાળે હાથ દેઇ રોવા લાગ્યો. શુ કરે, રોયે કાંઇ પાછુ વળે તેમ નહોતું શેઠાણીએ સમજાવ્યા ને કહ્યુ કે તમે તો વૈતરા હતા. કારણ કે કોઈ દીવસ ખાધું નહી, કોઇને આપ્યું નહી, વાપર્યું નહી, માટે તે ધન તમારૂં નહોતું. તમે તો એક (રખા) રક્ષણ

કરનાર હતા. માટે રોસો નહી ને આ મડ બાજરી ખાઇ દીવસ પુરા કરો.

આ પ્રમાણે કરમચંદની આ દશા થઇ છે, ત્યારે ભત્રીજા લાલચંદનું પણ સર્વ તણાઇ ગયુ છે. જેથી તેણે ફરીથી ઘર બાંધી, તેમાં વાસ નાખી રહેવા લાગ્યા. પોતાની સ્ત્રી તથા ભાઇઓ મળી, સંપ રાખી વેપાર રોજગારમાં દીવસ ગુજારવા લાગ્યો. થોડા સમયમાં તેની ચડતી થઇ, ને પરમેશ્વરે તેની દશા વાળી તેણે વેપારમાં રૂ. ૨૦૦૦ પેદા કર્યા, તે રૂપીઆ લેઇ પરમાનંદ શેઠ ને ત્યાં આપવા વિચાર કરી, પોતાને ઘેરથી રૂ. બે હજાર લેઇ પરમાનંદને ગામ ભદ્રાવતીમાં લાલચંદ ગયો નગરમાં પેસતાં લોકોને, પરમાનંદ શેઠનું ઘર પુછવા માંડયુ, તો લોકો તેને ઉપરા ઉપરી બતાવા લાગ્યા. ને લોકો કહેવા લાગ્યા કે ભલા માણસ તેં પરમાનંદનું ઘર નથી જોયુ પરમાનંદ તો એક શેઠ સાહેબ છે. પરમાનંદના ઘરથી તું અજાણ્યો કયાંથી આવ્યો છું ચાલો મુકવા આવીએ, પેલી હવેલી પરમાનંદભાઇની છે, પેલો ગુમાસ્તો તેમનો જાય છે, આ ધર્મશાળાઓ, દવાખાનાં, કુવા, અન્નક્ષેત્રો, વીગેરે પરમાનંદે બંધાવ્યાં છે. આ પ્રમાણે પરમાનંદની કીરતી સાંભળતો, મનમાં દૈવીલીલાનું, સ્મરણ કરતો, લાલચંદ પરમાનંદના ઘર આગળ આવ્યો. ત્યાં તેણે શેઠનો વૈભવ જોયો, તેથી તે અંજાઇ ગયો. દેદીપ્યમાન હવેલી, મુનીમ, નોકર ચાકર, ગાદી તકીયા અને સુશોભીત ચીનાઇખાનુ, વખાર, ઠાઠ અવર્ણનીય શોભા તેણે જોઇ. બાદ પરમાનંદને ખબર થતાં, તે તુરત સામો આવ્યો, ને લાલચંદને ભેટી (જયશ્રીકૃષ્ણ) કર્યાં પછી પોતાની ગાદીએ બેસાડયો.

ભોજન વિગેરેની તેને માટે ઉત્તમ સગવડ કરી બે ચાર દીવસ તેને રાખ્યો, પછી ખાતાનો હીસાબ કહાડયો, ને તેની શાહુવટનાં વખાણ કર્યા, ને કહ્યું કે શેઠજી તમારા કેવા પ્રમાણે થયું છે. મારા ઉપર ઇશ્વરની કૃપા ઘણી થઇ. તે માટે આપને જે કામકાજ પડે તો પૈસા લેઇ જજો, આવા મીઠા વચનથી, લાલચંદ ઘણો પ્રસન્ન થયો. પછી જે રૂપીઆ તથા વ્યાજ થયું હતું, તે સઘળુ પરમાનંદે પાછું આપી દીધું ને ખાતું માંડીવાળ્યું. લાલચંદે રૂપીઆ લેવા ઘણો આગ્રહ કર્યો, પણ પરમાનંદે કાંઇ લીધું નહી. બાદ લાલચંદ ત્યાંથી રજા લેઇ ઘેર આવ્યો થોડા દીવસ વીત્યા બાદ, પોતાની કાકીને લાલચંદે કહ્યું કે કાકી, તમે મારી બરદાસ ઘણી કરી છે. હું તમને નીરાધાર દુ:ખી જોઈ ઘણો દીલગીર છું. તમારૂં ધન સર્વ જતું રહ્યું છે. માટે હું તમને રૂ. ૨૦૦૦) આપુ છું. તે તમો સંભાળીને મુકી છાંડો, તેમાંથી તમે જે લાવવું હોય તે લાવજો તે વાપરજો. દુ:ખી થશો નહી એમ કહી કાકીને રૂપીઆ બે હજાર આપ્યા. તે કાકીએ ઘણું કહ્યું ત્યારે લીધા, ને તેનાં વખાણ કર્યા કે ભાઇ તારા કાકાએ તો તને લગારે મદદ કરી નથી. છતાં તું મારા ઉપર આટલી બધી, કૃપા રાખે છે, તારો બદલો અમારાથી વાળી શકાય તેવો નથી.

લાલચંદે કાકીને યોગ્ય શબ્દોમાં ઉત્તર આપ્યો. તે પછી કરમચંદ આટલી બધી સમૃદ્ધિ હાથ લાગ્યા છતાં કાંઇ પણ સદ્કર્મ કર્યા વીના થોડે દીવસે પરલોકવાસી થયો ને તેની સ્ત્રીને લાલચંદે પોતાની માતુશ્રી તુલ્ય પાળી સમય વ્યતીત કરાવ્યો ને પોતે સદ્વર્તનથી વેપાર રોજગાર કરી પોતાના દીવસ નીર્ગમન કર્યા.

દોહરા.

કૃપણ જનોને ધિક છે ધન રક્ષણ કરનાર,
નામ મુખ નિર્લજ સદા અપકીર્તી ભંડાર. ૧

ધન સંઘર્યું અન્યને અર્થ ન આવે લેશ,
ધન ધન કર્તાં ધણી જશે કાળ હાથમાં કેસ. ૨

નહી ખરચ્યું નહી વાપર્યું નહી દીધું કંઇ દાન.
પ્રેમ કરી પોસ્યા નહી પરને દેઇ માન. ૩

અરે કૃપણના ધનની શી કરવી ઇચ્છાય,
હીરાલાલ કૃપીજનો ધન ધન કરતા જાય.

કૃપણના ધનનું દ્રષ્ટાંત સમાપ્ત.

શ્રી હરિનામ ચિંતામણી રોકડી કીમતે મળવાનું ઠેકાણું.

મહીસા—કર્તા પાસેથી. અગર મહીસાના શેઠ રણછોડભાઈ મોતીચંદ પાસેથી મળશે. વીસા ખડાયતા વણીક.

અમદાવાદ—રા. મેહેતા અંબાલાલ પ્રભાશંકર—ઠે. ચંગોળમાં ખનરી પોળમાં મળશે. ખડાયતા ગોર.

અમદાવાદ—રા. મહેતા ચીમનલાલ પ્રભાશંકર—ઠે. ચંગપોળમાં નેસાર પાડે. ખડાયતા ગોર

મેહેમદાબાદ—રા. દવે વલ્લભભાઈ મોતીરામ ખડાયતા ગોર—ઠે દેસાઈ પોળમાં.

નડીઆદ—રા. વોહોરા ગીરધરલાલ અમૃતલાલ ખડાયતા ગોર—ઠે કંસારાવાડના મહાદેવ આગળ, કડવા સથાની ખડકી.

ઉમરેઠ—રા. ત્રવાડી. ચીમનલાલ છગનલાલ—ખડાયતા ગોર અમરાની ફોડ આગળ.

ઉમરેઠ—રા. દવે ચીમનલાલ શનીલાલ ખડાયતા ગોર—ઠે. સટાક પોળ.

કલમરવાસ—રા. હીમતલાલ બાપુલાલ ત્રવાડી—ખડાયતા ગોર પાસે મેહેમદાવાદ.

સુરત—રા. મુનશી. રેવાશંકર ભવાનીશંકર—ઠે. ખાપરીઆ શેરીમાં ગોપાળજીના મંદીરમાં.

નાંદોદ—રા. દવે સોમનાથ છોટાલાલ મુકામનાં ગોર—ઠે. મ[illegible]
ની ખડકીમાં.

આજવી—રા. ત્રવાડી બાપુલાલ મોતીલાલ મુકામના ગોર.

મહેરા—રા. જોશી. મહારામ ભવનેશ્વર.

બોડાસર—રા. પંડ્યા મગનલાલ મહેશ્વરદાસ—પોસ્ટ મેહમદાબાદ.

ગામેરા—રા. ત્રવાડી નાથજીભાઈ ત્રીભોવનદાસ—ઠે. રામજીમંદિર
ગામ મોઢ ચાતુર્યાના ગોર.

હરોલ—રા. ભટ ત્રીભોવન નરસીહરામ—પોસ્ટ [illegible]ઓલ.

મકાદર—રા. જોશી ચુનીલાલ જયદેવ મુકામના ગોર.

માવડ—રા. ઠાકોર ચુનીલાલ ગીરધરદાસ મુકામના ગોર—[illegible]

સારંગ—રા. જોશી બળદેવજી નર્મદેવજી મુકામના ગોર—[illegible]
[illegible] ([illegible])

[illegible]પુર—રા. શાસ્ત્રી. નર્મદાશંકર બાપુજી [illegible]—પોસ્ટ [illegible]

ઉપર [illegible] અમદાવાદ, [illegible]
[illegible]
